٧٨٦
٩٢

# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# બરકાતે ખ્વાજા (માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-નવેમ્બર-૨૦૦૪**

**રમઝાનુલ મુબારક-શવ્વાલ**

**હિ.સ. ૧૪૨૫**

**વર્ષ : ૦૧ અંક : ૧૧, સળંગ અંક : ૧૧**



**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**

બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા

તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨

મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ રુખે ઝૈબા ★

અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, મુંબઈ)*

મેરે આકાને મદીનેમેં બુલાયા મુઝકો
સાયએ ગુંબદે ખઝરામેં બિઠાયા મુઝકો

હે અતાઓં પે અતાએં હે કરમ હી પે કરમ
માહે રમઝાં ભી મદીનેમેં દિખાયા મુઝકો

દિલ બેચૈન તળપતા થા હુઝૂરી કો હુઝૂર
તસ્કીને કલ્બ કો તયૂબહમેં બુલાયા મુઝકો

ઝોલિયાં ભરતે હો સબકી મેરે આકા હર દમ
આલિમો આમિલે કુર્આન બનાના મુઝકો

સદકા સિદ્દીકો ઉમર ઔર હો ઉષ્માનો અલી
ગમે દુન્યા ગમે ઉકબાસે બચાના મુઝકો

**"શાકિરે રઝવી"** કો તયૂબહ્ તો દિખાયા લેકિન
વક્તે રુખસત રુખે ઝૈબા ભી દિખાના મુઝકો


**નૂરાની આર્ટ, દયાદરા**
**ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩**



**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**




નોંધ : ગ્રાહક નંબર ---------- આપનું લવાજમ તા. ---------- થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

ँ,□□

# બરકાતે ખ્વાજા *(માસિક)* નવેમ્બર-૨૦૦૪

★ વર્ષ : ૦૧ ★ અંક : ૧૧ ★ સળંગ અંક : ૧૧


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ :**<br>એ'તેકાફ સંબંધે અગત્યના ખુલાસાઓ | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૫ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૦૬ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૦૮ |
| ૦૫. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૧૧ |
| ૦૬. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૧૪ |
| ૦૭. | ઈમામ અહમદ રઝા ઔર<br>એહ્‌તેમામે નમાઝ | **અઝ** : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી<br>GZlv DA. *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)* | ૧૫ |
| ૦૮. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૧૮ |
| ૦૯. | રમઝાનનું મહત્વ સમજો અને<br>તેની અદબ કરો ! | **કાર્યાલય** | ૨૧ |
| ૧૦. | અનોખા સવાલ–અનોખા જવાબ | **અઝ** : મૌલાના સાદિક હસન સાબરી ચિશ્તી દેહગામી | ૨૪ |
| ૧૧. | ઈદ એટલે બંદાઓના હક્કોને અદા<br>કરવાનું નામ | **અઝ** : મુહમ્મદ ઈમરાન દાઊદ પટેલ ઝંઘારવી<br>*(મુતઅલ્લિમ જામિઆ ગૌષિયા, બાંદરા, મુંબઈ)* | ૨૫ |
| ૧૨. | સાચા પીરની પરખ કરાવતો આઈનો !! | **અઝ** : હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી<br>**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૨૭ |
| ૧૩. | ઈસ્લામિક જ્ઞાન અને વિજ્ઞાન | **અઝ** : જનાબ મુહમ્મદ ઈમરાન રઝા દયાદરવી<br>(મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ્ અશરફિયહ્, મુબારકપુર) | ૩૨ |
| ૧૪. | "ફાતિહા" કુર્આન તથા<br>હદીષની રોશનીમાં | **અઝ** : મુહમ્મદ ઈમરાન દાઊદ પટેલ ઝંઘારવી<br>*(મુતઅલ્લિમ જામિઆ ગૌષિયા, બાંદરા, મુંબઈ)* | ૩૬ |
| ૧૫. | વ્યાજખોરીની ભયાનકતા ! | **કાર્યાલય** | ૪૧ |
| ૧૬. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૪૩ |
| ૧૭. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૪ |

तंत्री लेख

# એ'તેકાફ સંબંધે અગત્યના ખુલાસાઓ

**પ્યારા દીની ભાઈઓ !** ઓક્ટોબર–૨૦૦૪ ના 'બરકાતે ખ્વાજા' (માસિક)ના તંત્રી લેખમાં એ'તેકાફ સંબંધે ચર્ચા કરવામાં આવી જે આપે વાંચી હશે. આ લખાણમાં એ જ (સુન્નતે મોઅક્કદા કિફાયા) એ'તેકાફ સંબંધે કેટલીક જરૂરી સ્પષ્ટતાઓ તથા ખુલાસાઓ રજુ કરીએ છીએ જેથી વાત મુકમ્મલ થઈ જાય.

**ખાસ નોંધ :** આગલા લેખમાં જ્યાં દર્શાવવામાં આવ્યું કે "અસ્લ મસ્જિદ" જેમાં જમાઅતખાનુ હોય છે તથા જે જગા નમાઝ માટે ખાસ કરવામાં આવે તે, અને "ખારિજે મસ્જિદ" એટલે સહન તથા વુઝૂખાનુ તથા મસ્જિદની બિલ્ડીંગ પૂરી જેને ઉર્ફે આમમાં સામાન્યતઃ લોકો મસ્જિદ કહે છે. અસ્લ મસ્જિદ સિવાયના ભાગને "ફનાએ મસ્જિદ" (મસ્જિદથી જોડાયેલ વિસ્તાર) પણ કહે છે ત્યાં એ'તેકાફ કરનારને જવાની ઈજાઝત છે. (જેથી એ લેખમાં જ્યાં મસ્જિદ શબ્દ આવ્યો છે તેનો અર્થ અસ્લ મસ્જિદ તથા ફનાએ મસ્જિદ બંનેવ સમજવું. તથા વુઝૂખાના બાબતે સૂચનો પણ મસ્જિદના ક્ષેત્ર બહાર હોય તે વુઝૂખાના માટે સમજવું.)

**ફનાએ મસ્જિદ :** એટલે તે સ્થળો જે મસ્જિદની બિલ્ડીંગના અંદર સંકળાયેલ હોય જેને સામાન્ય બોલચાલમાં મસ્જિદ કહે છે અને મસ્જિદના જરૂરતના માટે હોય છે, જેમ કે મીનારો, વુઝૂખાનુ, પેશાબ ખાનુ, જાજરૂર, બાથરૂમ ઈમામ મોઅઝ્ઝિનના રૂમો વગેરે, પગરખાં, જોડાં ઉતારવાની જગ્યા સુધી વગેરે આ સ્થળો અમુક મામલાઓમાં મસ્જિદના હુકમમાં છે અને અમુક મામલામાં ખારિજે મસ્જિદ છે. દા.ત. અહીં જુનૂબી એટલે જેના પર ગુસ્લ ફર્ઝ હોય તે જઈ શકે છે. એ પ્રમાણે ઈક્તેદા અને એ'તેકાફના મામલામાં આ સ્થળો મસ્જિદના હુકમમાં છે. એ'તેકાફ કરનાર જરૂરત વિના પણ ત્યાં જઈ શકે છે એ રીતે કે જાણે તે મસ્જિદના જ કોઈ હિસ્સામાં છે.

## મોઅતકિફ (એ'તેકાફ કરનાર) ફનાએ મસ્જિદમાં જઈ શકે છે

હઝરત સદરુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અમજદ અલી ખાં عليه الرحمة والرضوان "બહારે શરીઅત"ના લેખક ફર્માવે છે :–

"ફનાએ મસ્જિદ એટલે જે જગા મસ્જિદથી બહાર એનાથી જોડાયેલી મસ્જિદની જરૂરિયાત માટે હોય છે, દા.ત. જોડા કાઢવાની જગા અને બાથરૂમ વગેરે એમાં જવાથી એ'તેકાફ તૂટશે નહીં." આગળ લખે છે : "ફનાએ મસ્જિદ આ મામલામાં મસ્જિદના હુકમમાં છે." *–(ફતાવા અમજદિયા, ભાગ–૧, પેજ–૩૯૯)*

મસ્જિદનો મીનારો પણ મસ્જિદ છે તેનો દરવાજો મસ્જિદની બાઉન્ડરીમાં હોય તો એ'તેકાફ

કરનાર વિના સંકોચે જઈ શકે છે અને જો દરવાજો મસ્જિદ બહાર હોય તો કેવળ અઝાન આપવા માટે જઈ શકે છે કે અઝાન આપવી એ શરઈ જરૂરત છે.

**આ સંબંધે આ'લા હઝરતનો ફત્વો :** એના જ અનુસંધાનમાં આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, શૈખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષ બરેલ્વી عليه الرحمة والرضوان ફર્માવે છે :–

"...બલ્કે જ્યારે તે મદ્રસા મસ્જિદની હદોથી સાંકળેલા મસ્જિદની અંદર છે, તેમની વચ્ચે માર્ગ આડો નથી (જે એ મદ્રસાઓને મસ્જિદની ચાર દિવારીથી અલગ કરી દે પણ) કેવળ એક દીવાલથી સહેનોનો વિભાગ અલગ કરી દેવાયો છે તો એમાં જવું મસ્જિદથી બહાર જવું છે જ નથી, **એટલે સુધી કે એવી જગાએ મોઅતકિફે જવું જાઈઝ છે કે જાણે તે મસ્જિદનો એક ભાગ છે.**

**રદ્દુલ મુહ્તારમાં બદાએઉસ્સનાએઅ્**ના હવાલાથી છે : જો એ'તેકાફ કરનાર મીનારા પર ચઢયો તો કશાય મતભેદ વિના તેનો એ'તેકાફ તૂટશે નહીં, કેમ કે મિનારો (એ'તેકાફ કરનાર) માટે મસ્જિદ (ના હુકમ)માં જ છે." *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૩)*

ઉપરોક્ત લખાણથી ઘણા જ સંતોષ સાથે એ'તેકાફ કરનાર માટે ઘણી સહુલતો જાણવા મળી છે. સહન મસ્જિદનો હિસ્સો છે જેથી એ'તેકાફ કરનારને મસ્જિદની સહનમાં આવવું, જવું, બેસી રહેવું કશીય પાબંદી વિના જાઈઝ છે. યાદ રાખશો કે શરીઅતના હુકમ થકી આ સહુલતો મહાન ઉલમાની કિતાબોમાં દર્શાવવામાં આવેલી છે તો પછી અન્ય કોઈ પોતાના તરફથી કોઈ પાબંદી લગાડી શકશે નહીં.

અંતમાં એક અધિક પ્રશ્નનો ફકીહે મિલ્લત મુફતી જલાલુદીન અમજદી عليه الرحمة والرضوان નો જવાબ પણ જોઈ લો ! :–

## એ'તેકાફ કરનાર બીડી પીવા ફનાએ મસ્જિદમાં જઈ શકે છે ?

**સવાલ** : એ'તેકાફ કરનાર (મોઅતકિફ) જો બીડી, સિગરેટ, હુક્કો પીવાનો આદી (આદતવાળો) હોય તો શું કરે ? શું બીડી, સિગરેટ, હુક્કો વગેરે પીવા માટે મસ્જિદથી બહાર નીકળી જાય ? એવા સંજોગોમાં એ'તેકાફ બાકી રહેશે ? દલીલો સાથે જવાબ બયાન ફર્માવશો.

**જવાબ** : એ'તેકાફ કરનાર બીડી, સિગરેટ અથવા હુક્કો પીવાના માટે "ફનાએ મસ્જિદ"માં નીકળી શકે છે, એ'તેકાફ તૂટશે નહીં. હઝરત સદરુશ્શરીઅહ્ عليه الرحمة والرضوان લખે છે : ફનાએ મસ્જિદ એટલે જે જગા મસ્જિદથી બહાર મસ્જિદથી જોડાયેલી મસ્જિદની જરૂરિયાત માટે છે, દા.ત. જોડા ઉતારવાની જગા અને ગુસ્લખાનુ વગેરે એમાં જવાથી એ'તેકાફ તૂટશે નહીં. *(ફતાવા અમજદિયા, ભાગ–૧, પેજ–૩૯૯)*

પરંતુ ખૂબ જ મોઢું સાફ કરીને બાદમાં (અસ્લ) મસ્જિદમાં દાખલ થાય એટલા માટે કે બીડી અને સિગરેટ વગેરેની ગંધ જ્યાં સુધી બાકી હોય ત્યાં સુધી મસ્જિદમાં પ્રવેશવું જાઈઝ નથી. વહુવ અઅ્લમ.

**લખનાર** : (મુફતી) જલાલુદીન અહમદ અમજદી, ૧૭–ઝુલ કઅદા, હિ.સ. ૧૪૦૨

*–(ફતાવા ફયૂઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૫૩૫)*

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

કાર્યાલય

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

عَنْهَا فَأَخْرَجَهُمَا مِمَّا كَانَا فِيهِ ۖ وَقُلْنَا اهْبِطُوا بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ ۖ وَلَكُمْ فِي

الْأَرْضِ مُسْتَقَرٌّ وَمَتَاعٌ إِلَىٰ حِينٍ ۝ فَتَلَقَّىٰ آدَمُ مِن رَّبِّهِ كَلِمَاتٍ

فَتَابَ عَلَيْهِ ۚ إِنَّهُ هُوَ التَّوَّابُ الرَّحِيمُ ۝ قُلْنَا اهْبِطُوا مِنْهَا جَمِيعًا

**તર્જુમો** : એ ઝાડના કારણે અને કઢાવી નાખ્યાં તો બંનેને ત્યાંથી જ્યાં તેઓ હતાં, અને અમે ફર્માવ્યું, ઉતરી જાવ ! તમે એકબીજાના દુશ્મન રહેશો અને (હવે) તમારું જમીનમાં ઠેકાણુ છે અને ફાયદો ઉઠાવવો છે નિશ્ચિત સમય સુધી[૫૦]. પછી શીખી લીધા આદમે પોતાના રબથી અમુક વાક્યો[૫૧] તો અલ્લાહે તેમની તૌબા કબૂલ કરી[૫૨]. બેશક ! તે જ છે ઘણો તૌબા કબૂલ કરનારો, અતિશય રહમ ફર્માવનારો. અમે હુકમ આપ્યો ઉતરી જાવ આ જન્નતથી તમામે તમામ[૫૩].

## ★ તફસીર ★

**૫૦.** આ આયતમાં એ બારીક નિર્દેશ પણ છે કે આ દુનિયામાં તમારે (હઝરત આદમ તથા હવ્વાને) હમેશાં નથી રોકવાનું બલ્કે આ તમારી કામચલાઉ રહેવાની જગા છે. આ ફુરસદની પળોમાં તમારે હમેશાંની જિંદગીને બેહતર બનાવવાના માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

**૫૧.** આદમ عليه السلام અજાણપણે એ ખતા (ઈજતેહાદી) કરી તો બેઠા પરંતુ શરમની ભાવના હેઠળ રડયા અને એટલું રડયા કે આંસૂંઓના દરીયા વહાવી દીધા. તેમના દર્દભર્યા નારાઓથી પથ્થરનાં દિલો ફાટી જતાં હતાં, રાત દિવસ આહો ભર્યા કરતા હતા, દરેક સમયે બારગાહે ઈલાહીમાં તેની રહમતના માટે વિનવણી કરતા રહેતા હતા. વરસોનાં વરસ એ પ્રમાણે વહી ગયાં પણ મગફેરતની ખુશખબરી ન મળી. છેવટે એક દિવસે એવા શબ્દો જીભેથી નીકળ્યા કે રહમતે ખુદાવંદીને દયા આવી ગઈ અને ચશ્મે ઈનાયત કરમ તરફ વળી ગઈ. તે કયા શબ્દો હતા એના વિશે હઝરત શાહ અબ્દુલ અઝીઝ قدس سره ની તફસીર ફત્હુલ અઝીઝનું લખાણ નકલ કરું છું જેથી દરેક ખુશનસીબનાં દિલના સાંત્વનનો સબબ ઠરે. અને તબરાનીએ મોઅજમે સગીરમાં અને હાકિમ અને અબૂ નુએૈમ અને બયહકીએ હઝરત અમીરુલ્ મો'મિનીન ઉમર ઈબ્ને ખત્તાબ رضي الله عنه થી રિવાયત કરી કે આં હઝરત صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું કે જ્યારે હઝરત આદમ عليه السلام થી આ ખતા ઉપસ્થિત થઈ અને તેમના પર એતાબે ઈલાહી નાઝિલ થયો. તૌબા કબૂલ થવામાં હેરાન હતા એવામાં એમને યાદ આવ્યું કે મને જે વખતે ખુદા તઆલાએ પેદા કર્યો હતો અને ખાસ રૂહ મારી અંદર ફૂંકી હતી તે વખતે મેં મારા માથાને અર્શની તરફ ઉઠાવ્યું હતું, તે જગાએ

*(વધુ : અનુસંધાન પેજ નં. : ૦૭ ઉપર...)*

દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્આત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

## ★ હદીષ : ૨૧ ★

હરત અનસ رضی اللہ عنہ એ રિવાયત કરી કે નબી ઊંટના કાઠલા પર બેસેલા હતા. મઆઝ હુઝૂરની સવારી પર જ સવાર હતા. હુઝૂરે ફર્માવ્યું, હે મઆઝ ! અર્ઝ કરી ખિદમતમાં હાજર છું યા રસૂલલ્લાહ ! ફર્માવ્યું, હે મઆઝ ! અર્ઝ કરી, ખિદમતમાં હાજર છું યા રસૂલલ્લાહ ! (આ પ્રમાણે ત્રણ વાર થયું[૧].) ફર્માવ્યું, એવો કોઈ નથી જે ગવાહી આપે કે અલ્લાહના સિવાય મઅબૂદ નથી અને બેશક ! મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم) અલ્લાહના રસૂલ છે, સાચા દિલથી[૨], પણ અલ્લાહ તેને આગ માટે હરામ ફર્માવી દેશે[૩]. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! તો શું હું લોકોને એની ખબર આપી દઉં કે તેઓ ખુશ થઈ જાય. ફર્માવ્યું, તો તો તેઓ ભરોસો કરી બેસશે.[૪] પછી હઝરત મઆઝે ગુનાહથી બચવાના માટે[૫] પોતાની વફાતના સમયે ખબર આપી.[૬]

## ★ સમજુતી ★

**૧.** હઝરત મઆઝને ત્રણવાર પોકારવું અને કાંઈ ન કહેવું એ શોખ વધારવા માટે હતું કે હઝરત મઆઝ વાત સાંભળવા માટે સંપૂર્ણ આતુર થઈ જાય. જે વાત ઈન્તેઝાર પછી સાંભળવામાં આવે તે ઘણી યાદ રહે છે. **લબ્બૈક વ સઅ્દૈક**નો ઉર્દૂમાં સંક્ષિપ્ત તર્જુમો એ છે કે હું ખિદમતમાં હાજર છું. નાના માણસે જોઈએ કે મોટા માણસની કોઈપણ સંજોગોમાં અદબ કરે.

**૨.** એ રીતે કે દિલથી એને માને અને જીભ વડે ઈકરાર કરે, જેથી મુનાફિક આ બશારતથી અલિપ્ત છે અને "સાતિર" એટલે દિલનો મો'મિન, જીભથી ખામોશ, તેના પર શરીઅતમાં ઈસ્લામી હુકમો લાગુ થશે નહીં. યાદ રાખશો કે જીવનમાં એકવાર જીભ વડે કલ્માએ શહાદત પઢવો ફર્ઝ છે અને કલ્મો પઢવા માટે માંગણી થાય ત્યારે પણ જરૂરી.

**૩.** એ રીતે કે આગમાં હમેશાં રહેશે નહીં અથવા આગ તેના દિલ તથા જીભને સળગાવી શકશે નહીં, કેમ કે આ ઈમાન તથા શહાદતનાં ઠેકાણાં છે. કાફિરનું દિલ તથા ખોળિયું બંને સળગાવશે. રબ ફર્માવે છે : تَطَّلِعُ عَلَى الْاَفْئِدَةِ અથવા હદીષનો મતલબ એ છે કે જે કાફિર મૃત્યુ વેળા ઈમાન લાવે અને કોઈ અમલનો મોકો ન પામે એના માટે આ બશારત છે. સારાંશ આ હદીષ ન કુર્આન વિરૂધ્ધ છે ન અન્ય હદીષોના વિરૂધ્ધ. કોઈ મો'મિન અમલથી બેપરવા નથી થઈ શક્તો.

**૪.** હઝરત મઆઝે આ બશારતની તબ્લીગની ઈજાઝત માંગી એવું જાણવા માટે કે આ હુકમ તબ્લીગી બાબતોમાંથી છે અથવા ઈલાહી રહસ્યોમાંથી ? શરીઅતના હુકમો સૌના માટે છે, તરીકતનાં રહસ્યો તેના પાત્ર હોય તેના માટે છે. યાદ રાખશો કે પબ્લિક ખુશ ખબરી (બશારત) સાંભળીને બેપરવા થઈ જાય છે, પણ ખાસ લોકો



(વધુ પેજ નં. ૧૦ પર..........)

બશારત સાંભળીને અધિક નેકીઓ કરવા લાગે છે. ZA[5 MTFGF CA LA ﷺ ને ફર્માવ્યું, *(છેવટ સુધી...)* لَیَغْفِرَنَّ اللّٰہ તો હુઝૂરે ઓર અધિક નેકીઓ કરી. ઉષ્માન ગનીને ફર્માવ્યું હતું કે, "જે ચાહો કરો ! તમે જન્નતી થઈ ચૂક્યા !" તો તેમના અમલો ઓર વધી ગયા !

**૫.** કે હદીષ શરીફમાં છે, **''જે ઈલ્મ છુપાવે તેને આગની લગામ આપવામાં આવશે.''** કુર્આન શરીફમાં પણ ઈલ્મ છુપાવવાની બુરાઈઓ આવેલી છે. (આ પરથી તે આલિમો જેઓ દુનિયવી લાલચમાં રહીને શરીઅત વિરૂધ્ધ વાતોમાં ગોળ ગોળ જવાબો આપી પબ્લિકને ગુમરાહીમાં રાખે છે, હક્ક વાત નથી કહેતા તેઓ બોધ લે. *–અનુવાદક)*

**૬.** એવું સમજીને કે મને હુઝૂરે આ બશારતથી તે વખતે મના કર્યું હતું જ્યારે મોટા ભાગના લોકો નવા નવા મુસલમાન હતા અને હદીષની સમજની કાબેલિયત ઓછી ધરાવતા હતા. હવે સંજોગો બદલાઈ ચૂક્યા છે. લોકો સમજદાર થઈ ગયા છે. આ સહીહ ઈજતેહાદ છે. *–(ક્રમશઃ)*

## આટલુ કરશો ?!

**"બરકાતે ખ્વાજા"** (માસિક) ઓક્ટો–૨૦૦૪, પેજ–૧૨, કોલમ નં. ૨ માં : સમજુતી ૧૦ પછી ઉમરશો. સમજુતી **૧૧** : એ રીતે કે વાતનો મકસદ સમજશે નહીં અને અમલો કરવાનું છોડી દેશે કે જ્યારે અકીદો બરાબર હોવાથી જ નજાત મળી જાય છે તો નમાઝ વગેરે ઈબાદતોની શું જરૂરત છે. આ પરથી માલૂમ પડયું કે **આલિમ પબ્લિકને એવો મસ્અલો ન બતાવે કે જે તેમની સમજ શક્તિથી બહાર હોય.** યાદ રાખશો કે હઝરત મઆઝે તે સમયે ખુશખબર ન સંભળાવી બલ્કે આ હદીષ ખબર રૂપે બાદમાં અમુક ખાસ માણસોને સંભળાવી જેથી કોઈ વાંધો નથી. એનો અમુક ઉલ્લેખ આગલી હદીષમાં આવી રહ્યો છે.

*(અનુસંધાન પેજ નં. ૦૫ નું ચાલુ....)*

લખેલું જોયું لَا اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ એ પરથી જણાય છે કે **અલ્લાહ તઆલા પાસે આ શખ્સના બરાબર ઈજ્જત કોઈની નથી કેમ કે તેનું નામ પોતાના નામની સાથે લગોલગ લખ્યું છે.** તદબીર એ છે કે આ શખ્સના વસીલાથી મગફેરતનો સવાલ કરું.પછી દુઆમાં કહ્યું, (અર્થ) : "હે મૌલા ! હું તારા મુહમ્મદ મુસ્તફા ﷺ ના સદકાથી વિનંતિ કરું છું કે તું મને બખ્શી આપ !" હક્ક તઆલાએ તેમની બખ્શિશ કરી અને વહી મોકલી કે તેં મુહમ્મદને કઈ રીતે જાણ્યા ? તો તેમણે તમામ પ્રસંગ રજુ કર્યો, હુકમ પહોંચ્યો કે હે આદમ ! મુહમ્મદ પયગંબરોથી છેલ્લા પયગંબર છે અને તારી ઔલાદમાંથી છે. અને જો તે ન હોત તો તને પેદા ન કરત. *(પેજ–૧૧૬, ભાગ–૧, તફસીરે અઝીઝી ઉર્દૂ, તર્જુમો : અલીમી પ્રેસ, દિલ્હી, ઈ.સ. ૧૯૩૨)*

**૫૨.** તૌબાનો શાબ્દિક અર્થ રુજૂઅ કરવું (પાછા ફરવું) છે અને જ્યારે કહેવામાં આવે تاب العبد (કે બંદાએ તૌબા કરી) તો એનો ભાવાર્થ એ થાય છે કે નાફર્માની છોડીને તે અલ્લાહનો ફર્માંબરદાર બની ગયો. અને જો رجع الى طاعةربه નો કર્તા અલ્લાહ તઆલા હોય તો પછી અર્થ એ થાય છે કે અલ્લાહ તઆલાએ પોતાના શર્મિંદા થયેલ બંદાની તરફ રહમતની નજર કરી અને તેનો કુસૂર માફ કરી આપ્યો.

**૫૩.** નીચે ઉતરવાનો હુકમ બે વાર થયો. પ્રથમ લગઝિશના ઉપસ્થિત થયા બાદ. પ્રથમ હુકમથી નારાજગીને પ્રદર્શિત કરવાનો હેતુ હતો. અને બીજી વખતે ખિલાફતનો મન્સબ સંભાળવવાના માટે. બંને હુકમોનો મકસદ અલગ અલગ છે એટલા માટે અહીં તકરાર નથી. *–ક્રમશઃ*

"ઈમાનની જાન રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની
શાન પ્રદર્શિત
કરતો સંગ્રહ"
એટલે

# શિફા શરીફ

# شفا شریف

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ**

★ ઉર્દૂ અનુવાદક ★
મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★
ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

*(વિભાગ-૭)*

## હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના બીજા અંબિયાની સરખામણીમાં રુત્બાઓ

ثُمَّ جَآءَكُمْ رَسُوْلٌ નું સંબોધન તે કિતાબવાળાઓને છે જે સરવરે કોનોં મકાં صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં હયાત હતા. હઝરત અલી બિન અબી તાલિબ رضی اللہ عنہ ફર્માવે છે કે, અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم થી હઝરત ઈસા علیہ الصلوٰۃ والتسلیم સુધી તમામ અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام થી એ વચન લીધું કે, જો તેઓ પોતાની જિંદગીમાં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم નો જમાનો પ્રાપ્ત થાય તો તેમણે આખરુઝ્ઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم પર ઈમાન લાવવું પડશે અને જરૂર તેમની મદદ કરવી પડશે. પછી પોત પોતાની ઉમ્મતથી પણ આ વાતનું વચન લેવું પડશે. ઈમામ સદી رحمۃ اللہ علیہ અને હઝરત કતાદા رحمۃ اللہ علیہ થી પણ આવી જ રિવાયત છે કે, આ આયતમાં ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કેટલાય ફઝાઈલ★ બયાન કરવામાં આવ્યા છે જેમાંથી એક ફઝીલત તે છે જે આ આયતે કરીમામાં બયાન કરવામાં આવી છે.

وَاِذْ اَخَذْنَا مِنَ النَّبِيّٖنَ مِيْثَاقَهُمْ وَمِنْكَ وَمِنْ نُّوْحٍ وَّاِبْرٰهِيْمَ وَمُوْسٰى وَعِيْسَى ابْنِ مَرْيَمَ وَاَخَذْنَا مِنْهُمْ مِّيْثَاقًا غَلِيْظًا ﴿۷﴾

**અર્થાત :** અને અય મહબૂબ ! યાદ કરો જયારે અમે નબીઓ પાસેથી વાયદો લીધો અને તમારી પાસેથી અને નૂહ અને ઈબ્રાહીમ અને મરયમના પુત્ર ઈસા પાસેથી અને અમે તેમની પાસેથી પાકો વાયદો લીધો. *(સૂરએ અહઝાબ, આ-૭)*

અને બીજી જગ્યાએ આ રીતે ફર્માવ્યું :-

اِلٰى نُوْحٍ وَّالنَّبِيّٖنَ مِنْۢ بَعْدِهٖ وَاَوْحَيْنَآ اِلٰٓى اِبْرٰهِيْمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَالْاَسْبَاطِ وَعِيْسٰى وَاَيُّوْبَ وَيُوْنُسَ وَهٰرُوْنَ وَسُلَيْمٰنَ وَاٰتَيْنَا دَاوٗدَ زَبُوْرًا ۚ وَّرُسُلًا قَدْ

**અર્થાત :** બેશક ! અય મહબૂબ ! અમે તમારી તરફ વહી મોકલી જેમ કે વહી નૂહ અને તેમના પછીના પૈગંબરોને મોકલી અને અમે વહી મોકલી ઈબ્રાહીમ અને

★ ખબર નહીં ! અમારા સમકાલીન કુખ્યાત મવદૂદી સાહબને નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ મીષાકે અંબિયા સંબંધિત આમ ફઝીલત તથા સંપૂર્ણ સરદારીથી શું ચીડ છે અને તેમના હૃદયમાં કયો છુપાયેલો ચોર છે જે તેમને આ ફઝીલત સ્વીકારવાથી દૂર રાખે છે ?! જેથી તેમણે સર્વ ઉમ્મતથી ઉલ્ટુ આ ફઝીલતની તમામ અંબિયા પર વહેંચણી કરી છે. પછી વધુ પ્રગતિ કરતા કરતા "જે શખ્સ" પણ ફર્માવીને તેને ગૈર અંબિયામાં પણ વહેંચી દીધા. જાણે તે ફઝીલત જે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સિવાય બીજી મહાનથી મહાન હસ્તીને પણ પ્રાપ્ત ન થઈ તેનું પ્રાપ્ત થવું મવદૂદી સાહબ પોતાના તરફથી તમામ અંબિયાના માટે માની રહ્યા છે બલ્કે *(ફુટ નોંધ અનુસંધાન આગળના પેજ ઉપર...)*

قَصَصْنٰهُمْ عَلَيْكَ وَرُسُلًا
لَّمْ نَقْصُصْهُمْ عَلَيْكَ ۚ وَ
كَلَّمَ اللّٰهُ مُوْسٰى تَكْلِيْمًا ۝
وَرُسُلًا مُّبَشِّرِيْنَ وَمُنْذِرِيْنَ
لِئَلَّا يَكُوْنَ لِلنَّاسِ عَلَى
اللّٰهِ حُجَّةٌۢ بَعْدَ الرُّسُلِ ۚ وَ
كَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا ۝
لٰكِنِ اللّٰهُ يَشْهَدُ بِمَآ اَنْزَلَ
اِلَيْكَ اَنْزَلَهٗ بِعِلْمِهٖ ۚ وَالْمَلٰٓئِكَةُ
يَشْهَدُوْنَ ۚ وَكَفٰى بِاللّٰهِ
شَهِيْدًا ۝

ઈસ્માઈલ અને ઈસ્હાક અને યાકૂબ અને તેમના પુત્રો અને ઈસા અને ઐયુબ અને યૂનુસ અને હારૂન અને સુલેમાનને અને અમે દાઊદને ઝબૂર આપી અને રસૂલોને જેમનો ઉલ્લેખ અમે તમને આગળ કરી ચૂક્યા અને તે રસૂલોને જેમનો ઉલ્લેખ અમે તમને કર્યો નથી અને અલ્લાહે મૂસા સાથે વાસ્તવમાં વાતચીત કરી. રસૂલ ખુશખબર આપતા અને ભય સંભળાવતા જેથી રસૂલો પછી અલ્લાહ પાસે લોકોને કંઈ બહાનું ન રહે. અને અલ્લાહ ચઢિયાતો હિકમતવાળો છે. પરંતુ અય મહબૂબ ! અલ્લાહ તેનો સાક્ષી છે જે તેણે તમારી તરફ ઉતાર્યું છે અને ફરિશ્તાઓ સાક્ષી છે અને અલ્લાહની સાક્ષી પૂરતી છે. *(સૂરએ નિસા, આ. ૧૬૩, ૧૬૪, ૧૬૫, ૧૬૬)*

હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે કે : એક વખતે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈ વાત પર રડી રહ્યા હતા તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારા મા બાપ આપના પર કુર્બાન ! રડવાનું શું કારણ છે ? જ્યારે કે અલ્લાહ તઆલાના નજીક આપનો ઉચ્ચ રુત્બો છે કે તેણે આપને તમામ અંબિયાએ કિરામના પછી મોકલ્યા. પરંતુ આપના ઝિક્રને તમામ પર અગ્રતા આપી. જેવો કે બારી તઆલાનો ઈર્શાદ છે :–

وَاِذْ اَخَذْنَا مِنَ النَّبِيّٖنَ مِيْثَاقَهُمْ وَمِنْكَ وَ
مِنْ نُّوْحٍ وَّاِبْرٰهِيْمَ ....

અને રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં આપની પ્રતિષ્ઠા એટલા દરજ્જાની છે કે જહન્નમમાં અઝાબ મેળવનારા દોઝખી પણ આમ પોકારી ઉઠશે :– يٰلَيْتَنَآ اَطَعْنَا اللّٰهَ وَاَطَعْنَا الرَّسُوْلَا ۝ ("કાશ ! અમે અલ્લાહનું આજ્ઞાપાલન કર્યું હોત અને રસૂલનું આજ્ઞાપાલન કર્યું હોત.)

હઝરત કતાદા رضی اللہ عنہ નું કથન છે કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, પૈદાઈશને ધ્યાનમાં લેતા સૌથી પ્રથમ છું અને દુનિયામાં મોકલવામાં બધાથી છેલ્લે છું.

આ જ કારણે આ આયત (એટલે સૂરએ અહઝાબ, આ. ૭)માં આપની ચર્ચા હઝરત નૂહ علیہ السلام થી પણ પહેલાં આવેલ છે.

ઈમામ સમરકન્દી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, આ આયતથી આપણા આકા વ મૌલાની બીજા અંબિયાએ કિરામ પર શ્રેષ્ઠતા સાબિત થાય છે. એ માટે તો આખરી નબી હોવા છતાં આપનું ઝિક્ર (ચર્ચા) સર્વ પ્રથમ કરવામાં આવ્યું. આ વચન (અંબિયાનું વચન) અલ્લાહ તઆલાએ તમામ અંબિયાએ કિરામને આદમ علیہ السلام ની પીઠથી કીડીઓની જેમ કાઢીને લીધુ હતુ. મુસ્તફાની શ્રેષ્ઠતાના વિશે અલ્લાહ તઆલાએ આ પણ

***(ફુટ નોંધ અનુસંધાન પાછળના પેજનું ચાલુ....)*** ગૈર અંબિયા સુધીના માટે આ પ્રાપ્તિ માની રહ્યા છે. પરંતુ તે નબીની વિશેષતા માનવા તૈયાર નથી, જે નબીનો તે કલ્મો પઢે છે અને જે નબીના તે ઉમ્મતી કહેવાય છે. તેમની તફસીરી નોંધ જુઓ : "મતલબ એ છે કે, દરેક પૈગંબરથી આ કાર્ય માટે વચન લેવામાં આવતું રહ્યું છે અને જે વચન પૈગંબરોથી લેવામાં આવ્યું હોય તે અનાયાસે તેના અનુયાયીઓ પર પણ આપોઆપ લાગુ પડી જાય છે કે જે નબી આપણા તરફથી તે દીનના પ્રચાર અને ઈકામત માટે મોકલવામાં આવે જેના પ્રચાર અને ઈકામત પર તમે નિયુક્ત થયા છો તેનો તમારે સાથ આપવો પડશે, તેના સાથે પૂર્વગ્રહ ન રાખવો. પોતાની જાતને દીનનો ઈજારાદાર ન સમજવો. સચ્ચાઈનો વિરોધ ન કરવો, બલ્કે જ્યાં જે શખ્સ પણ અમારી તરફથી સચ્ચાઈનો ધ્વજ બુલંદ કરવા માટે ઉઠાવવામાં આવે, તેના ધ્વજ નીચે એકઠા થઈ જવું. *(તફહીમુલ કુર્આન, ભાગ–૧, આવૃત્તિ–૧૧, પેજ–૨૬૯, અઝ : મૌદૂદી)*

ફર્માવેલ છે :–

**અર્થાત** : આ રસૂલો છે تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ કે અમે એમનામાં એકને عَلٰى بَعْضٍ مِّنْهُمْ مَّنْ كَلَّمَ બીજા પર શ્રેષ્ઠ કર્યા, اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ એમનામાં કોઈની સાથે અલ્લાહે વાત ફર્માવી અને કોઈ તે જેને બધા પર (કંઈ કેટલાયે) દરજ્જાઓ બુલંદ (ઉચ્ચ) કર્યા. *(સૂરએ બકરહ, આ. ૨૫૩)*

મુફસ્સિરીને કિરામ (તફસીરકારો) ફર્માવે છે : وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍમાં **બઅ્દ** શબ્દથી હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુબારક જાત મુરાદ છે. કેમ કે તમામ અંબિયાના સમૂહમાં તે આપની જ હસ્તી છે જેને પૂરી માનવજાતની તરફ મોકલવામાં આવ્યા અને ગનીમત આપના જ માટે હલાલ ઠરાવવામાં આવી અને આપથી પુષ્કળ મો'જિઝા પ્રગટ થયા છે. તેમજ કોઈ ફઝીલત (શ્રેષ્ઠતા) અને કરામત એવી નથી જે કોઈ નબીને પ્રાપ્ત થઈ હોય, પરંતુ તે આપને પણ બખ્શિશ કરવામાં આવી. કેટલાક મુફસ્સિરીને કિરામ ફર્માવે છે કે, આ આયતમાં આપની એક એ પણ ફઝીલત છે કે, અન્ય અંબિયાએ કિરામનાં મુબારક નામો લેવામાં આવ્યાં છે પરંતુ હબીબને અલ્લાહ તઆલાએ નબુવ્વત અને રિસાલત દ્વારા સંબોધન કર્યું અને આપની સાચી કિતાબમાં ક્યાંક يٰۤاَيُّهَا النَّبِيُّ — يٰۤاَيُّهَا الرَّسُوْلُ વગેરે લકબ સાથે સંબોધન કર્યું છે. મુસ્તફાના ગુણગાનમાં આ પણ બારી તઆલાનો ઈર્શાદ છે :–

وَاِنَّ مِنْ شِيْعَتِهٖ لَاِبْرٰهِيْمَ

*(સૂરએ સાફ્ફાત, આ. ૮૩)*

**અર્થાત** : અને બેશક ! તેના જ સમુદાયથી ઈબ્રાહીમ છે.

ઈમામ સમરકન્દી رحمۃ اللہ علیہ એ આ તફસીરમાં ઈમામ કલ્બી رحمۃ اللہ علیہ થી વાત કરી છે કે આ આયતમાં ઝમીર (ہ) સૈયેદના મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તરફ ધ્યાન દોરે છે અને આ સૂરતમાં તકદીરી ઈબાદત આ પ્રમાણે છે :–

وَاِنَّ مِنْ شِيْعَةِ مُحَمَّدٍ لَاِبْرٰهِيْمَ

**અર્થાત** : ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام પણ હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દીન પર હતા. કારીઓએ પણ આ બાબતને જાઈઝ ગણી છે. અને તેનાથી ઈમામ મક્કી رحمۃ اللہ علیہ એ આ વાત કરી છે. કેટલાક કહે છે કે, આ ઝમીર હઝરત નૂહ علیہ الصلوٰۃ والسلام ની તરફ ધ્યાનિત છે. *–ક્રમશ:*

---

*(પેજ નં. ૧૭ નું ચાલુ....)*

ફિર બુખારી શરીફ કી રિવાયત પેશ કી :–

"બુખારીમેં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ સે મરવી હૈ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માયા, **મુનાફિકીન પર ફજરો ઈશાસે બળ્હકર કોઈ નમાઝ ભારી નહીં,** અગર ઉન્કે દરજા વ ફઝીલત કા ઈલ્મ હો જાએ તો વો ઘુંટનોં કે બલ ઉનકી અદાયગી કે લિએ આએં, મેરા જી ચાહતા હૈ કે મૈં મોઅઝ્ઝિન કો તકબીર કા કહૂં ઔર કિસી દુસ્રે કો જમાઅત કા હુકમ દૂં કે વો લોગોં કો નમાઝ પળ્હાએ ફિર મૈં આગ કી મશઅ્લ લેકર ઉન પર ફેંકું જો નમાઝ કે લિએ અબ તક ઘરોંસે નહીં નિકલેં."

(આ'લા હઝરત) ફર્માતે હૈ : યે હદીષ સહીહ નસ્સે સરીહ હૈ કે વક્તે ઈકામત તક મસ્જિદ મેં હાઝિર ન હોના વો જુર્મે કબીહ હૈ જિસ પર હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઉન લોગોં કો જલા દેનેકા કસ્દ (ઈરાદા) ફર્માયા. ઉલમા ફર્માતે હૈં, યે ઈર્શાદ કે, "તકબીર કહલવાકર નમાઝ શુરૂઅ કરવા દૂં. ઉસકે બાદ તશરીફ લે જાઉં." ઉસી બિના પર થા કે ઉનકી અદમે હાઝરી ષાબિત (ગેરહાજરી સાબિત થઈ જાય) ઔર ઈલ્ઝામે તખલ્લુફ (પીછે રહ જાના) કાઈમ હો લે, ઉસકા મનશા વહી તહકીક હૈ જો હમને ઝિક્ર કી, ઈજાબે ઈજાબત તા વક્તે ઈકામત મુસ્સેઅ્ (ગુંઝાઈશ) હૈ. (કબૂલિયતની સાબિતી એ કે ઈકામત સુધીમાં આવી જાય.) *–ક્રમશ:*

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો

અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની
ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફતી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)
ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

## ★ પેટ્રોલ અને ગેસ ★

એમાંથી જ પેટ્રોલ તથા ગેસ છે (પેટ્રોલ સૌ પ્રથમ અમેરિકામાં શોધાયું) કે જે ખજાનાઓ છે જે જમીનમાંથી મળ્યા અને આખા જગતમાં કામ લાગે છે. દાત. કારો, રેલગાડીઓ, સ્ટીમર, એરોપ્લેન, મોટરો, મોટર સાયકલ, લોટ દળવાની ઘંટીઓ, તંદૂર એ ઉપરાંત સેંકડો ચીજો એવી છે જેમાં એનો ઉપયોગ થાય છે. દા.ત. ચૂલા તથા અન્ય એવી વસ્તુઓ, એ તમામ ચીજો કિયામતની નિશાનીઓમાંથી છે. નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેની ખાણોના વિશે ખબર આપી અને ખાણોની જગાઓ નિશ્ચિત કરી આપી. પેટ્રોલને આપે સોનુ કહ્યું જેમ કે આજે લોકો તેને "કાલા સોના" કહે છે.

અને આશ્ચર્યની વાત એ છે કે કેટલીક હદીષોમાં એને એવા ખજાના સાથે તા'બીર કરી છે કે જેમાં સોનુ ચાંદી ન હોય. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

والطور وکتاب مسطور فی رق منشور والبیت
المعمور والسقف المرفرع۔والبحر المسجور

"તૂરની કસમ ! અને તે લખેલાની કસમ જે ખુલ્લા દફતરમાં લખ્યું છે અને ઊંચી છત તથા સળગાવેલા સમુદ્રની." *(સૂરએ તૂર, આ. ૧ થી ૬, પારા–૨૭)*

અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

واذاالبحار سجرت "અને જયારે સમુદ્રોને સળગાવવામાં આવે." *(સૂ. તકવીર, પા. ૩૦, આ. ૬)* એટલે કે આગ સળગાવવામાં આવે. (કહ્યું અલી તથા ઈબ્ને અબ્બાસ તથા મુજાહિદ તથા સઈદ ઈબ્ને જુબૈર તથા ઓબૈદ ઈબ્ને ઉમૈર તથા પૂર્વજ તફસીરના ઈમામોની એક જમાઅતે)

તમે જાણો છો કે જમીનમાં પેટ્રોલના સમુદ્રો મૌજૂદ છે. પાછલા પૃષ્ઠોમાં અમે દર્શાવ્યું કે ઉબય ઈબ્ને કઅબ, ઈબ્ને અબ્બાસ, અબુલ આલિયા તથા કષીર સલફ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ ફર્માવ્યું કે આ નિશાની કિયામત કાયમ થવાથી પહેલાં દુનિયામાં જાહેર થશે. એ લોકોએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ આ સૂરતમાં બાર નિશાનીઓ વર્ણન કરી એમાંથી છ દુનિયામાં તથા છ આખેરતમાં થશે. واذاالعشار عطلت સુધી દુનિયામાં પ્રદર્શિત થનારી નિશાનીઓ છે અને ત્યાર પછીની આખેરતની છે. (ઈબ્ને જરીર) રિવાયત કરી એને ઈબ્ને જરીર તથા ઈબ્ને અબી હાતિમે, અને આ નિશાની દુનિયામાં છે અને કિયામતની નિશાનીઓમાંથી છે એટલે કે તેલના સમુદ્રો કે જેને અલ્લાહ તઆલાએ દુનિયાની પેદાઈશની વખતે જ જમીનમાં સુરક્ષિત કરી દીધા હતા અને તેનો ઉપયોગ કરવાના માટે તેનો ઝહૂર તથા તેનું નીકળવું આપણા આ જમાનામાં થયું. જયારે સર્વ છ નિશાનીઓ જે સૂરતમાં વર્ણન થયેલી

الـنـاس يـأخـذون منه ليذ هبن به كله فيقتلون عليه
فيقتل من كل مئة تسعة وتسعون

"નજીકમાં જ ફુરાત સોનાનો એક પહાડ જાહેર કરશે તો લોકો તેના બારામાં સાંભળીને એ તરફ જશે. જે શખ્સની પાસે એ હશે તે કહેશે કે જો અમે લોકોને એમાંથી લેવા માટે છૂટ આપી દઈએ તો લોકો તો એ સૌ લઈ જશે. એના પર લોકોને કત્લ કરવામાં આવશે અને દરેક સોમાંથી નવ્વાણુ કત્લ કરવામાં આવશે." *(હવાલો ઉપર મુજબ)*

એ જ પ્રમાણે અહમદે મુસ્નદમાં ઉબય ઈબ્ને કઅબથી અને અબૂ દાઊદ અને તિર્મિઝીએ અબૂ હુરૈરહથી રિવાયત કરી છે અને તે સૌ પ્રથમ ખજાનાવાળી હદીષ અને તેના પછી જબલીની રિવાયતને વર્ણન કરી છે. *(અબૂ દાઊદ, ભાગ-૨, પેજ-૧૩૪)* પરંતુ ઈબ્ને માજહની રિવાયતમાં એ છે કે દરેક દસમાંથી નવ માણસો માર્યા જશે અને એક બાકી બચશે. *(ઈબ્ને માજહ, પેજ-૨૯૩)* મતલબ એ છે કે ખૂબ જ પ્રમાણમાં કત્લ થશે, હદ મુરાદ નથી. હવે હુઝૂર ﷺ ના કૌલને જુઓ કે :-

فيقول من عندهٔ لئن تركنا الناس يئاخذون منه
ليذهبن كله

"જેની પાસે એ હશે તે કહેશે કે જો અમે લોકોને એમાંથી લેવાની છૂટ આપી દઈએ તો લોકો તો એ સૌ લઈ જશે."

જાણો કે આપ એ મામલા પ્રતિ નિર્દેશ કરી રહ્યા છે જેને આજે તે દેશો કરે છે જ્યાં પેટ્રોલ જોવા મળે છે અને એ જ વાત તે લોકો કહે છે જે હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવી હતી, હવે પેટ્રોલના કારણે તે જંગનું પણ થવું જરૂરી છે જેની હુઝૂર ﷺ એ ખબર આપી છે. જેમ કે અમેરિકા અને રશિયા વચ્ચે મતભેદ પેટ્રોલના કારણે છે. અને જ્યારે એટમ બોમ્બ વડે જંગ થશે તો આબાદીઓ વિરાન થઈ જશે અને સો વ્યક્તિમાંથી મુશ્કેલીથી છે તે પણ જોવા મળે છે, જેમ કે અમે બતાવ્યું કે واذالعشـارعـطلت થી મુરાદ મોટરો અને واذالـوحوش حشرت થી મુરાદ ચિડિયા ઘર છે, અને બાકીની અમે આગળ વર્ણવીશું. તો હવે એ વાત નિશ્ચિત થઈ ગઈ કે આયતમાં પેટ્રોલ વગેરે જ મુરાદ છે.

એનું સમર્થન એનાથી પણ થાય છે કે લોકો પેટ્રોલને "કાળુ સોનુ" કહે છે. હુઝૂર ﷺ એ એવું જ ફર્માવ્યું અને એ પણ ફર્માવ્યું કે જે જગાએ એ નીકળશે તેમાં ઈરાક, ઈરાન, નજદ અને તેની આસપાસનો પ્રદેશ છે. અને આ ઈલાકા હિજાઝની નજીક છે. એની તા'બીર એવા ખજાનાથી કરવામાં આવી છે કે જે ન સોનુ હોય અને ન ચાંદી, જેથી હવે પેટ્રોલ મુરાદ લેવામાં કોઈ શંકા નથી. સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه રિવાયત કરે છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું :-

يـوشك الـفـرات ان يـحسرعن كنز من الذهب
فمن حضر فلا يأخذ منه شيأ

"નજીકમાં જ ફુરાતથી સોનાનો એક ખજાનો જાહેર થશે તો જે શખ્સ ત્યાં મૌજૂદ હોય તે એમાંથી કાંઈ ન લે." *(બુખારી, ભાગ-૨, પેજ-૧૦૫૪)*

અને મુસ્લિમે તેમનાથી જ બીજા શબ્દોમાં આ પ્રમાણે વર્ણન કર્યું છે :-

لاتـقـام الساعة حتى يحسر الفرت عن جبل من ذهب
يـقتـل الـنـاس عليهِ فيقتل من كل مأة تسعة وتسعون

"કિયામત થતા પહેલાં ફુરાત એક સોનાનો પહાડ જાહેર કરશે કે જ્યાં લોકો કત્લ કરવામાં આવશે અને દરેક ૧૦૦ માંથી ૯૯ ત્યાં માર્યા જશે. *(બુખારી, ભાગ-૨, પેજ-૩૯૧)*

મુસ્લિમ પણ ઈબ્ને કઅબથી રિવાયત કરે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું :-

يـوشك الفرات ان يحسر عن جبل من ذهب فاذا سمع
بـه الـنـاس سـاروا اليـه فيـقـول من عندهٔ لئن تركنا

એક જ બચશે, જેવું કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું. આ ઈરાકના પેટ્રોલની વાત હતી અને ઈરાન પણ ઈરાકના ઉલ્લેખમાં આવી ગયું કેમ કે અજમનું ઈરાક ઈરાન જ છે. છતાં પણ ઈરાનના પેટ્રોલના બારામાં ખાસ હોવું મૌજૂદ છે. (ઈરાકમાંથી સદ્દામને પદભ્રષ્ટ કરી ઈરાક પર અમેરિકાએ હાલમાં જે બોમ્બવર્ષાથી જાનમાલની ભયાનક તબાહી મચાવી કબજો જમાવ્યો છે અને પેટ્રોલ પણ કબજે કર્યું છે. તો આ રિવાયતોથી એ જંગ પ્રતિ નિર્દેશ જણાય છે. *–ગુજરાતી અનુવાદક*)

અબુલ ગનાઈમ કૂફી કિતાબુલ ફિતનમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરે છે તેમણે ફર્માવ્યું :–

ویحا للطالقان فان للّٰہ فیه کنوزا لیست من ذھب ولافضة، والطالقان من قزوین، فتلك ناحیة وجود البترول

"અફસોસ છે "તાલીકાન"ના માટે એમાં અલ્લાહ તઆલાએ એવા ખજાનાઓ રાખ્યા છે જે સોનુ તથા ચાંદી નથી. "તાલીકાન" કઝવીન (ઈરાન)માં આવેલું છે અને તે ઈલાકામાંથી પેટ્રોલ મળે છે. *(કિતાબુલ્ ફિતન)* આપનું કથન :–

فیه کنوزا لیست من ذھب ولا فضة ઘણી જ આશ્ચર્યજનક તસ્રીહ છે જે શબ્દે શબ્દ હકીકતના મુતાબિક છે.

અને નજદ તથા બસરાના પેટ્રોલના બારામાં મુસ્તદરક હાકિમમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضوان اللہ تعالیٰ علیھم اجمعین નો કૌલ મૌજૂદ છે કે :–

تخرج معادن مختلفة معدن منھا قریب من ال حجاز یاتیه من اشرا رالناس۔

"વિવિધ ખાણો નીકળશે અને એમાંથી એક ખાણ હિજાઝની નજીક છે ત્યાં સૌથી બુરા લોકો આવ્યા કરશે." *(મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૫૮)*

આ હદીષ જો કે મૌકૂફ છે પરંતુ રફઅનો હુકમ ધરાવે છે, બલ્કે મરફૂઅ સરીહ પણ આવી છે પણ તેમાં તઐયૂને મકાન (સ્થાનની નિશ્ચિતતા) નથી.

નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

ستکون معادن یحضرھا شرارالناس

"નજીકમાં જ એવી ખાણો થશે જેની વ્યવસ્થા બદ્તરીન લોકો સંભાળશે." *(મુસ્નદે ઈમામ અહમદ, અલ્ જુઝઉલ ખામિસ, પેજ–૪૩૦)*

અને તિબ્રાની અવસતમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે :–

لاتقوم الساعة حتی تظھر معادن کثیرة لایسکنھا الا اراذل الناس۔

"કિયામત કાયમ થતાં પહેલાં ઘણી એવી ખાણો નીકળશે જેના ઉપર કેવળ કમીનાઓનો જ કબ્જો હશે." *(તિબ્રાની અવસત)*

તો એ ખાણો યકીનન એ જ પેટ્રોલના કૂવાઓ છે જે આપણા સમયમાં જાહેર થયા છે અને કિયામતની નિશાનીઓમાંથી છે કેમ કે સોના ચાંદીની ખાણો તો શરૂ દુનિયાથી જ મૌજૂદ છે એટલા માટે સોનુ તો આગલા લોકોની પાસે ઘણી માત્રામાં મૌજૂદ રહેતુ હતુ. અને તેની તા'કીદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કૌલ "તેમની વ્યવસ્થા બદ્તરીન લોકો સંભાળશે"થી થાય છે, કેમ કે પેટ્રોલના ઝખીરાઓ કાફિરોના હાથોમાં છે અને તેઓ જ તેને કાઢીને વપરાશને લાયક બનાવે છે અને એ કાફિરો યકીનન બુરા તથા બદ્તરીન લોકો છે.

یحضرھا વપરાશને લાયક બનાવી દેવું. અલ્લાહ તઆલાના આ કૌલમાં પણ પેટ્રોલની તરફ નિર્દેશ છે.

اذازلزلت الارض زلزالھا واخرجت الارض اثقالھا۔

"અને જ્યારે જમીન થથરાવી દેવામાં આવશે જેવું તેનું થરથરાવવાનું ઠર્યું છે. અને જમીન પોતાનો બોજ બહાર ફેંકી દે." *(પારા–૩૦, સૂરએ ઝિલ્ઝાલ, આયત–૧, ૨)*

જ્યારે જમીનને યંત્રો વડે હરકત આપવામાં આવી એટલે તેને ખોદવામાં આવી અને તેમાં પેટ્રોલ તથા ગેસના કૂવા શોધવામાં આવ્યા તો જમીને પોતાના ભારી વજનોને લાખો ટન પેટ્રોલ અને ગેસના રૂપમાં બહાર કાઢી નાખ્યા. وقال الانسان مالها અને માણસ તેના કાઢવા પર આશ્ચર્ય કરતાં કહે કે એને શું થયું ?! અથવા એનાથી મુરાદ તે ધરતીકંપ છે જેના બારામાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે કે : وتكثر الزلازل ધરતીકંપોની કસરત થશે એટલે કે આખર જમાનામાં ખૂબ જ ધરતીકંપો આવશે. વિવિધ સહીહ હદીષોમાં એ મરવી છે જમીનમાં આ ધરતીકંપો એ વખતે આવી રહ્યા છે જ્યારે કે જમીને પોતાના બોજાઓ એટલે પેટ્રોલ વગેરેને કાઢીને બહાર કર્યું છે અને માણસ કહે છે કે શું વાત છે કે જમીનમાં આટલા પ્રમાણમાં ધરતીકંપો આવી રહ્યા છે ! (એટમી ધમાકાઓથી જે જમીનમાં કંપન આવે છે તે ધરતીકંપની જેમ હોય છે.) જ્યારે આ તમામે તમામ થયું છે તો એના પછીનો ઈન્તેઝાર શું કરવામાં આવે ? અલ્લાહ તઆલા વિખરાએલી દૂર દૂરની બાબતોને જમા કરીને તે સૌને એક તૌર પર ચલાવશે કેમ કે એના ઈલ્મમાં તો બધું હાજર તથા કાયમ છે. *–ક્રમશઃ*

## બાળકોનો તર્બિયતી ગુલશન

-કાર્યાલય

### ઈલ્મની અદબ

હારૂન રશીદ મુસલમાનોના ઘણા જ મોટા બાદશાહ થઈ ગયા છે. તેઓ બગદાદના રહેનાર હતા. એક વખતનો બનાવે છે કે હારૂન રશીદ મદીના શરીફ ગયા. ત્યાં એમને ખબર થઈ કે હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ લોકોને હદીષ શરીફનો દર્સ આપ્યા કરતા હતા. હારૂન રશીદે હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ને કહેવડાવી મોકલ્યું કે આપ અમારી પાસે આવીને હદીષ શરીફ સંભળાવી જાવ. હઝરત ઈમામે માલિકે ફર્માવ્યું કે ઈલ્મ કોઈની પાસે નથી જતો પરંતુ ઈલ્મ મેળવવાનો ઈચ્છુક ખૂદ ઈલ્મની પાસે જાય છે. આ સાંભળીને હારૂન રશીદ, હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ની ખિદમતમાં હાજર થયા. હઝરત ઈમામ માલિકે એમને પોતાની ગાદી પર બેસાડી લીધા. હારૂન રશીદે અર્ઝ કરી કે હવે આપ હદીષ શરીફ પઢો હું સાંભળું છું.

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મેં આજ સુધી પોતે પઢીને કોઈને નથી સંભળાવ્યું લોકો પઢે છે અને હું સાંભળું છું.

જેથી હારૂન રશીદે જાતે હદીષ પઢવાનું શરૂ કર્યું. જ્યારે પઢવા લાગ્યા તો હઝરત ઈમામ માલિકે ફર્માવ્યું :–


હારૂન ! ઈલ્મના માટે આજીજી અને નમ્રતાની જરૂર છે. એટલા માટે એ ગાદી પરથી ઉઠીને મારી સામે આવીને પઢો.

જેથી હારૂન રશીદ ઈલ્મની અદબ કરતા નીચે ઉતરી આવ્યા અને સામે અદબથી બેસીને પઢવા લાગ્યા.

**ફાયદો : પ્યારા બાળકો ! આના પરથી જાણવા મળ્યું કે ઈલ્મ મેળવવાના માટે આજીજી અને નમ્રતાને અપનાવવી જોઈએ અને એ પણ જાણવા મળ્યું કે પહેલાંના જમાનાના બાદશાહોને પણ દીનનું ઈલ્મ પ્રાપ્ત કરવાનો કેટલો શોખ હતો અને ઈલ્મની કેટલા પ્રમાણમાં કદર કર્યા કરતા હતા. અને એટલે જ તેમનો રૂઆબ તથા દબદબો વિ□ભરમાં હતો.**

અલ્લાહ તઆલા આપણને પણ આવી રીતે ઈલ્મ પ્રાપ્ત કરવાનો શોખ અતા ફર્માવે. (આમીન)

*–(સંપૂર્ણ)*



# ઈમામ અહમદ રઝા ઔર એહ્તેમામે નમાઝ

અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી-મુંબઈ

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

## ઈમામ અહમદ રઝા ઔર એહતેમામે જમાઅત

મુજદ્દિદે આ'ઝમ, ઈમામે અહલે સુન્નત, આ'લા હઝરત, સૈયેદેના ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી قدس سرہ નમાઝ બાજમાઅતકી મુકમ્મલ પાબંદી ફર્માતે. શિદ્દતે અલાલત (સખત બીમારી) કે બાવજૂદ હત્તલ્ મકદૂર (શક્ય ત્યાં સુધી) જમાઅત કા એહતેમામ ફર્માતે ઔર બિલા ઉઝરે શરઈ (શરઈ મજબૂરી વિના) તર્કે જમાઅત કો (જમાઅત છોડવાને) સખ્ત નાપસંદ ફર્માતે. બલ્કે જો સોમો સલાત (રોઝા, નમાઝ) કા પાબંદ હો મગર જમાઅત કા તારિક (ત્યજનાર) હો ઉસ્કી ભી મુઝમ્મત ફર્માતે. ચુનાંચે એક ફત્વેમેં એક ઐસે શખ્સ કે બારેમેં જો ઝોહર, અસ્રો મગરિબ મસ્જિદ મેં પઢ્હતા થા ઔર ઈશા ઔર ફજ્ર મકાન પર તન્હા પઢ્હતા થા ઔર ઉસ્કી વજહ યે બતાતા કે ઈશા ઔર ફજ્ર કે બાદ વઝીફા મેં વક્ત ઝિયાદા લગતા હૈ ! આપને ફર્માયા :

**"પાંચો વક્ત કી નમાઝ મસ્જિદ મેં જમાઅત કે સાથ વાજિબ હૈ, એક વક્ત ભી બિલા ઉઝ્ર તર્ક ગુનાહ હૈ."** વઝીફાઓ તિલાવત કે જમાઅત ઔર મસ્જિદ સે રોકેં (વો) વઝીફાઓ તિલાવત નહીં બલ્કે નાજાઈઝો મઅસિયત હૈ (ગુનાહ હૈ.) વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ફતાવાએ રિઝવિય્યહ્, જિ. ૩, સફા–૩૭૨)*

ઈસી તરહ અઝાનો જમાઅત સે કબ્લ અપની જમાઅત કર કે મસ્જિદ સે જાનેવાલે કે બારે મેં કુતુબે ફિકહ કે હવાલે સે તફસીલી જવાબ તેહરીર ફર્માતે હુએ યે હદીષ ભી પેશ ફર્માઈ :–

"ઈબ્ને માજહને અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન رضی اللہ عنہ સે રિવાયત કિયા હૈ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માયા, જિસને અઝાન કો મસ્જિદ મેં પાયા, ફિર વહાં સે નિકલ ગયા કે ઉસે નિકલને કી કોઈ હાજત ભી ન થી ઔર વાપસી કા ઈરાદા ભી ન રખતા હો વો **મુનાફિક** હૈ."

દુસરી હદીષમેં હૈ : "હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબ رضی اللہ عنہ સે રિવાયત હૈ કે નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માયા, અઝાન કે બાદ મસ્જિદ સે **મુનાફિક** કે અલાવા કોઈ નહીં નિકલતા, મગર ઉઝ્ર કી વજહસે (મજબૂરીના લીધે), જબ કોઈ હાજત વ ઝુરૂરત ઉસ શખ્સ કો નિકાલે ઔર વો શખ્સ વાપસી કા ઈરાદા રખતા હો."

ઈસી તરહ દો શખ્સોં કે બારેમેં સવાલ હુવા કે ઉનમેં કા એક ઈશા કી નમાઝ અઝાન વ જમાઅતસે પહલે પઢ્હ લેતા થા ઔર ઉસકા સબબ ફૌતે તહજ્જુદ બતાતા થા. (યા'ની તહજ્જુદ ન ચલી જાએ ઈસ લિએ જલ્દી નમાઝ પઢ્હકર સો જાનેકા.) દુસરા ઈસ તરહ કયલૂલા (દો પહર કો ખાને કે બાદ થોળી દેર સોના) કરતા થા કે ઝોહ્ર કી જમાઅતે ઉલા તર્ક હો જાતી થી ઔર ઉસકા ઉઝ્ર તહજ્જુદ કે ફૌત હો જાને કા ખૌફ બતાતા થા. (યા'ને રાત કો જાગ સકે તો અભી સો લેતા થા.) ઐસે અફરાદ કે બારેમેં ઈમામે

અહલે સુન્નત علیہ رحمۃ الرحمٰن બળા તફસીલી ઔર મુદલ્લલ (વિગતવાર દલીસભર) ફત્વા સાદિર ફર્માતે હૈં ઔર એક મકામ પર ઈર્શાદ ફર્માતે હૈં :–

"ઈસ મસ્અલા મેં જવાબે હક્ક વ હક્કે જવાબ યે હૈ કે ઉઝરે મઝકૂર ફિસ્સવાલ (સવાલમાં દર્શાવેલ બહાનુ) સિરેસે બેહૂદા વ સરાપા ઈસહાલ (કઢંગુ) હૈ. વો ઝોઅમ (ગુમાન) કરતા હૈ કે સુન્નતે તહજ્જુદ કા હિફ્ઝો પાસ ઉસે તફવીતે જમાઅત પર બાઈષ હોતા હૈ. (તે ગુમાન કરે છે કે તહજ્જુદની સુન્નત સાચવવા જમાઅત છોડવું સબબ બને છે.)

અગર તહજ્જુદ બર વજહે સુન્નત અદા કરતા હૈ તો વો ખૂદ ફૌતે વાજિબ સે ઉસકી હિફાઝત કરતા ન કે ઉલ્ટા ફૌત કા સબબ હોતા. કાલલ્લાહુ عزوجل : (તર્જુમા) : "નમાઝ બેહયાઈઓ બુરી બાતોં સે રોકતી હૈ." (ઉસ્કે બાદ હદીષ પેશ ફર્માતે હૈં) સૈયદુલ મુરસલીન علیہ الصلوٰۃ والسلام ફર્માતે હૈં :–

"તહજ્જુદ કો લાઝિમ કર લો કે વો (રાત કા કિયામ) અગલે નેકોં કી આદત હૈ. ઔર અલ્લાહ عزوجل સે નઝદીક કરનેવાલા ઔર ગુનાહસે રોકનેવાલા ઔર બુરાઈયોં કા કફ્ફારા ઔર બદનસે બીમારી દૂર કરનેવાલા." *(જામેઅ તિર્મિઝી)*

તો ફૌતે જમાઅત (જમાઅત છૂટને) કા ઈલ્ઝામ તહજ્જુદ કે સર રખના કુર્આનો હદીષ કે ખિલાફ હૈ. અગર મીઝાને શરએ મોતહ્હરા (શરીઅતનું ત્રાજવુ) લેકર અપને અહવાલો અફઆલ (કાર્યો) તોલે તો ખુલ જાએ કે યે ઈલ્ઝામ ખૂદ ઉસી કે સર થા. ભલા યે તહજ્જુદ વ કયલૂલા વો હૈં જો ઉસને ખૂદ ઈજાદ કિએ (બનાવી કાઢયાં) જબ તો ઉન્હેં તફવીતે શિઆરે અઝીમે ઈસ્લામ કે (એટલે જમાઅત છોડવા) લિએ ઉઝર (બહાનું) બનાતા હૈ ?! ઔર અગર (તહજ્જુદ તથા કયલૂલા) વો હૈં જો હુઝૂર સૈયેદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم સે કબ ઐસે તહજ્જુદ વ કયલૂલા કી તરફ બુલાયા જિનસે જમાઅત કા ફરીઝા ફોત હો ? ક્યા કુર્આન વ હદીષ ઐસે હી તહજ્જુદ કી તરગીબ દેતે હૈં ? ક્યા સલફે સાલિહીનને ઐસે હી કિયામુલ્ લૈલ્ (રાત્રે જાગી ઈબાદત ગુઝારી કરવી) કિએ હૈં ? હાશા વ કલ્લા.

તરસમ ન રસી બ કા'બા અય અઅ્રાબી !
કી રહ્ કે તૂ મી રવી તુર્કિસ્તાન અસ્ત

(અય અઅ્રાબી ! મુઝે ડર હૈ કે તૂ કા'બા કો નહીં પહુંચેગા, ક્યૂં કે જિસ રાસ્તે પર તૂ ચલ રહા હૈ વો તુર્કસ્તાન કો જાતા હૈ !)

યા હાઝા સુન્નત અદા કિયા ચાહતા હૈ તો બર વજહે સુન્નત અદા કર, યે ક્યા કે સુન્નત લિજીયે ઔર વાજિબ તર્ક કિજીયે ?! ઝરા બગોશ હોશ સુન ! અગર હક્ક તલ્ખ ગુઝરે. (જો સુન્નત જ અદા કરવા ચાહે છે તો સુન્નત રૂપે અદા કર ! એ કેવું કે સુન્નત અદા કરવાને માટે વાજિબ ત્યજી દે ! જરા ધ્યાનથી સાંભળ ! ભલે કડવું લાગે !) વસવસા ડાલનેવાલેને (શૈતાનને) તુઝે યે બહાના સિખાયા કે ઉસે મુફતિયાને ઝમાના પર પેશ કરે, જિસ કા ખયાલ તરગીબાતે તહજ્જુદ કી (તહજ્જુદના આકષર્ણ) તરફ હો જાએ (ઔર) તુઝે તફવીતે જમાઅત કી (જમાઅત છોડવાની) ઈજાઝત દે, (ઔર) જિસ કી નઝર તાકીદાતે જમાઅત (જમાઅતની તાકીદો) પર જાએ (વો) તુઝે તર્કે તહજ્જુદ (તહજ્જુદ છોડવાનો મશ્વરો) મશ્વરત દે કે, દો બલાઓમેં મુબ્તેલા શખ્સ ઈન દો મેં સે આસાન કો ઈખ્તિયાર કરે. બહર હાલ મુફતિયોં સે એક ન એક કે તર્ક કી દસ્તાવેઝ નકદ હૈ. મગર હાશા ! ખુદામે ફકીહો હદીષ ન તુઝે તફવીતે વાજિબ કા (જમાઅત છોડવાનો) ફત્વા દેંગે, ન આદી (તહજ્જુદની આદતવાળાને) તર્કે તહજ્જુદ કી હિદાયત કરકે (યે) ઈર્શાદે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم "અય અબ્દુલ્લાહ ! ફલાં શખ્સ કી તરહ ન હો કે રાત કા કિયામ કરતા (તહજ્જુદ પઢતા) થા મગર અબ ઉસને તર્ક (છોળ) કર દિયા", કા ખિલાફ કરેંગે. ફિર તહજ્જુદ કે મુતઅલ્લિક ચંદ અહાદીષે કરીમા પેશ કી :–

હદીષમેં હૈ, હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માતે હૈ :

**(૧)** "તુમમેં સે કિસી કા ગુમાન હૈ કે રાત કો

ઉઠકર સુબ્હ તક નમાઝ પળ્હે જભી તહજ્જુદ હો, તહજ્જુદ સિર્ફ ઉસ્કા નામ હૈ કે આદમી ઝરા સો કર નમાઝ પળ્હે. ઉસકો તિબ્રાનીને હજ્જાજ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ સે બસનદે હસન રિવાયત કિયા હૈ."

**(૨)** "ઈમામ માલિકને મોઅત્તામેં અબૂ દાઊદ વ નિસાઈમેં ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا સે રિવાયત કી કે નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માયા, હર વો શખ્સ જો રાત કી નમાઝ (તહજ્જુદ)કી નિયત રખતા હો ઉસ પર નિંદ ગાલિબ આ જાએ તો અલ્લાહ તઆલા ઉસે નમાઝ કા અજરો ષવાબ અતા ફર્માએગા ઔર ઉસકી નિંદ ઉસ પર સદકા હોગી."

## જમાઅતમેં હાઝિર ન હોનેવાલોં કો ચેતાવની !

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ અઝાન સુનકર મસ્જિદમેં ન આનેવાલે કે બારેમેં એક હદીષ મુબારક નકલ ફર્માતે હૈં જો હઝરત મઆઝ ઈબ્ને અનસ رضی اللہ عنہ સે મરવી હૈ, જિસમેં નિદા સુનકર ન હાઝિર હોને પર હુકમે જફા–વ–કુફ્રો નિફાક ફર્માયા ગયા. તિબ્રાની કે યહાં બતરીકે આખિર યૂં આઈ કે, હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માયા :–

"મો'મિન કો યે બદ્‌બખ્તી વ નામુરાદી બહોત હૈ કે મોઅઝ્ઝિન કો તકબીર કહતે સુને ઔર ઉસકા બુલાના કબૂલ ન કરે."

ફિર બુહરુર્રાઈક સે નકલ ફર્માયા :–

"કનિયહ્‌મેં હૈ અગર અઝાન સુનકર દખૂલે મસ્જિદ કે લિએ ઈકામત કા ઈંતેઝાર કરતા રહા તો ગુનેહગાર હોગા."

મુજતબા કી કિતાબ અશ્શહાદતસે હૈ, "જો શખ્સ અઝાન સુનકર ઘરમેં ઈકામત કા ઈંતેઝાર કરતા હૈ ઉસકી શહાદત (ગવાહી) કુબૂલ નહીં."

ફિર ફર્માતે હૈં :– و حَسبنَ اللّٰہ ونعمَ الوکیل

ગર્ઝ હદીષસે ષાબિત કે જો તકબીર સુનકર હાઝિરે જમાઅત ન હો ઉસે બદ્‌બખ્ત, નામુરાદ, ઝાલિમ, અઝલમ (બહોત ઝિયાદા ઝુલ્મ કરનેવાલા) મુનાફિક ફર્માયા ગયા. લિલ્લાહ ઈન્સાફ ! ક્યા તકબીર કિસી મુત્લક જમાઅત કી તરફ બુલાતી હૈ, ક્યા ઈસ જમાઅતમેં (તુમ્હારી મરઝી) મિલો ન મિલો ?! હર દઅ્‌વતે તકબીર કી ઈજાબત હોતી હૈ, ક્યા ઈસમે **હય્ય અલસ્સલાહ–હય્ય અલલ્ ફલાહ** કે યે મા'ના હૈ કે ચાહે ઉસ નમાઝ વ ફલાહમેં હાઝિર હો ચાહે ન આઓ ?! અપની અલગ કર લેના ! શાયદ **કદકા મતિસ્સલાહ** કા યહી મતલબ હોગા કે યે નમાઝ તો ખળી હો ગઈ અબ ઉસમેં આકર ક્યા કરોગે, તુમ કોઈ બૈઠી હુઈ ઉઠાના !! હાશા વ કલ્લા (હરગિઝ નહીં !) બલ્કે તકબીર ઉસી જમાઅત કી તરફ બુલાતી ઔર ઉસકી અદમે હાઝરી (ગેરહાઝરી) પર વો હુકમ વ ઝુલ્મ વ નિફાક, શકાવત વ ખૈબત હૈ તો કતઅન હુકમે વજૂબ વ તઅક્કુદ કી (તો સ્પષ્ટ વાજિબનો હુકમ તથા તાકીદનો નિર્દેશ આ જમાઅત પ્રતિ જ છે) યહી માષૂર વ મઅહૂદ જમાઅત હૈ.

ઉસકે બાદ જમાઅત કે લિએ હાઝિર ન હોનેવાલોં પર હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم કે શિદતે ગઝબો જલાલ કા ઝિક્ર યૂં ફર્માયા :–

સૈયદુલ્ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم કાશાનાએ અતહરસે મસ્જિદે અન્વરમેં કરીબે ઈમામત જલ્વા ફર્મા હુએ. એક દિન નમાઝે ઈશા કો તશરીફ લાએ જમાઅતમેં કિલ્લત દેખી, કુછ લોગ હાઝિર ન પાએ, નિહાયત શદીદ ગઝબો જલાલ મહબૂબે ઝુલ જલાલ صلی اللہ تعالیٰ علیہ وسلم કે ચેહરાએ અકદસસે ઝાહિર હુવા ઔર ઈર્શાદ ફર્માયા,

**"ખુદા કી કસમ ! મેરે જીમેં આતા હૈ મોઅઝ્ઝિન કો તકબીર કા હુકમ દૂં, ફિર કિસી કો ઈમામત કે લિએ ફર્માઉં, ફિર ભળકતી હુઈ મશ્અલેં લે જાઉં ઔર ઉન લોગોં કે ઘર ફૂંક દૂં જિન્હેં અઝાન સુને હુએ વક્ત હો ગયા ઔર અબ તક ઘરોં સે નમાઝ કો નહીં નિકલતે !"**

*(વધુ પેજ નં. ૧૦ પર....)*

# ગુનાહોનો ઈલાજ

લેખક : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
અનુવાદક : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

એક કાફલો હજ્જ માટે જઈ રહ્યો હતો, સફર દરમ્યાન એક હાજી સાહબનો ઈન્તેકાલ થઈ જાય છે. જંગલ હતું તેમાં લોકોએ એક મજૂર શોધી તેના પાસેથી પાવડો લઈ કબર ખોદી અને તેમને દફન કર્યા. જ્યારે લોકો દફન કરી ફારિગ થયા તો તે પાવડો ભૂલથી કબરમાં રહી ગયો માટે લોકોએ ફરી માટી હટાવવા માંડી. જ્યારે સિલો હટાવી તો લોકોની ચીસો નીકળી ગઈ કારણ કે તે પાવડામાં તેના હાથ પગ જકડાયેલા હતા અને તે પાવડો કૂંડાની જેમ બની ગયો હતો, લોકો એકદમ ગભરાઈ ગયા અને જલ્દી જલ્દી માટી નાખી દીધી. આ વાક્યો (કિસ્સો) શરહુસ્સુદૂરમાં છે. જ્યારે તે લોકો હજ્જના સફરથી પરત આવ્યા તો તે હાજી સાહબના ઘરે પણ ખબર પહોંચાડી. કોઈએ હાલની તેહકીક માટે તેની પત્નીને પૂછયું કે તેનો શું એવો અમલ હતો જેના કારણે અમે આ રીતે જોયુ ? તો તેની પત્નીએ રડતાં રડતાં કહ્યું કે એક વાર મારા પતિએ એક માલદાર માણસ સાથે સફર કર્યો અને મોકો મળતાં તેને કતલ કરી તેના માલ પર કબ્જો કરી લીધો પછી એ લૂંટેલા માલથી ઝકાત તથા ખૈરાત વગેરે આપતો હતો.

તો આપણે જોયું કે લૂંટેલા માલથી ન હજ્જ કામ આવી અને ન તો ઝકાત કામ આવી પણ તેની કબરમાં અઝાબ શરૂ થઈ ગયો. ઘણીવાર આ પ્રકારના અઝાબ બતલાવવામાં આવે છે જેથી લોકો બોધ મેળવે. સારાંશ એ કે મુકદ્દરવાળાઓના મુકદ્દરમાં બોધ હોય છે તો તેઓ આ પ્રકારના કિસ્સાઓ સાંભળી તૌબા કરી લે છે અને જેમના મુકદ્દરમાં તૌબા નથી તે ભાત ભાતના બહાનાં બનાવતા રહે છે કે આ કઈ રીતે થઈ શકે છે ? પેલું કઈ રીતે થઈ શકે છે ? તો આ બધુ મૃત્યુ પછી માલૂમ થશે.

પ્યારા વાંચકો ! બહરહાલ આપણે ખૂબ ખૂબ ખૌફ રાખવો જોઈએ કારણ કે માણસ દુનિયવી મામલામાં દુનિયાની મહોબ્બતના ખાડામાં ઊંડે ઉતરતો જ જાય છે તેને યાદ પણ નથી રહેતું કે મારે મરવાનું છે. માટે તે પોતાની પ્રોપર્ટી વધારવાની ફિકરમાં હોય છે અને દુનિયામાં ઉચ્ચ દરજ્જો મેળવવાની ફિક્રમાં હોય છે પરંતુ અચાનક જ મૌત તેને આવી પકડી લે છે.

એક માણસે સ્વપ્ન જોયું કે તે એક જંગલમાં ચાલી રહ્યો છે એવામાં તેને પાછળથી આહટ મહસૂસ થઈ, પાછળ ફરી જોયું, તો એક સિંહ ખૂબ જ બીહામણો તેની તરાપમાં આવી રહ્યો છે, તે માણસ ગભરાઈને દોડવા લાગ્યો તો સિંહ પણ પાછળ પાછળ દોડયો, તેવામાં એક ઊંડો ખાડો આડે આવી ગયો, તેણે જાન બચાવવા માટે ખાડામાં જોયું તો તેમાં એક ઘણો જ મોટો સાપ મોઢું ખોલી બેઠો હતો. હવે તે ખૂબ જ ગભરાઈ ગયો કે કરે તો શું કરે ?! આગળ ખતરનાક સાપ છે તો પાછળ બીહામણો સિંહ ! તેવામાં તેને એક ઝાડ નજરે આવ્યું તો તે તેની ડાળી પર ચઢી ગયો પણ ત્યાં એક નવી મુસીબત ઉભી થઈ ગઈ કે બે સફેદ કાળા ઉંદર તે ડાળીની જડને કાતરી રહ્યા છે. હવે તે ગભરાયો કે ટૂંકમાં જ આ ઉંદર કાતરી નાખશે અને હું પડી જઈશ પછી સિંહ અને સાપનો લુકમો બની જઈશ ! તે આ ફિક્રમાં જ હતો અને તેની નજર શહદ (મધ)ના પૂડા પર પડી અને તે શહદ (મધ) પીવા લાગ્યો. પછી તો મધની લિજ્જતમાં એવો ગુમ થઈ ગયો કે ન તો સિંહ અને સાપની ફિક્ર રહી અને ન તો ઉંદરની ! અચાનક ડાળ જડથી કપાઈ ગઈ અને તે (માણસ) ધડામથી નીચે પડયો તો સિંહ તેના પર તૂટી પડયો અને તેને ચીરી ફાડી ખાડામાં નાખી દીધો પછી સાપ તેને ગળી ગયો. (આ સ્વપ્ન જોયા પછી) તે (માણસ)ની આંખ ખુલી ગઈ.

વહાલા વાંચકો ! ઉપરોક્ત સ્વપ્નમાં જંગલથી મુરાદ દુનિયા છે અને બીહામણો સિંહ મૌત છે જે પાછળ લાગેલું છે અને ખાડો કબર છે તથા સાપ બુરા અમલો છે જે કબરમાં ડંખ મારશે. બંને ઉંદર રાત અને દિવસ છે અને તે ડાળ જિંદગી છે જેને ઉંદરો કાતરી રહ્યા હતા અને મધપૂડો દુનિયાની ખતમ થનાર લિજ્જતો છે જેમાં મશગૂલ થઈ માણસ સિંહ (મૌત) ખાડો (કબર), સાપ (આમાલની સજા) તથા સફેદ અને કાળા ઉંદર (રાત, દિવસ)ને ભૂલી જાય છે પણ તે બંને ઉંદર (રાત, દિવસ) ભેગા મળી તેની ડાળી (જિંદગી)ને કાતરતા રહે છે જ્યારે તેની મુદ્દત પૂરી થાય છે તો તે મૌતનો શિકાર થઈ જાય છે.

તો પ્યારા ભાઈઓ તથા બહેનો ! ખરેખર માણસ દુનિયાની મહોબ્બતમાં એટલો મસ્ત થઈ ગાફિલ થઈ ગયો છે કે તેને મૌત તથા કબરની જરા પણ પરવા નથી.

**જગા જી લગાને કી દુન્યા નહીં હૈ**
**યે ઈબ્રત કી જા હૈ તમાશા નહીં હૈ**

આપણા પ્યારા આકા ﷺ એ ફર્માવ્યું કે કયામતમાં અમુક લોકો એવા પણ હશે જેમના આમાલ તિહામાના પહાડો બરાબર હશે તેઓને દોઝખમાં મોકલી દેવામાં આવશે. લોકોએ અર્ઝ કરી કે, શું યા રસૂલલ્લાહ ! ﷺ તેઓ નમાઝી પણ હશે ? તો ઈર્શાદ ફર્માવ્યો કે, હા ! નમાઝ પઢવાવાળા, રોઝા રાખવાવાળા, રાતો જાગી ઈબાદત કરવાવાળા પણ દુનિયા પર પડેલા (ખોવાયેલા) હશે.

વધુમાં ઈર્શાદ ફર્માવ્યો કે જે કોઈ દુનિયાથી મહોબ્બત કરે છે તે આખિરતનું નુકસાન કરે છે અને જે આખિરતથી મહોબ્બત કરે છે તે દુનિયાનું નુકસાન કરે છે માટે નાપાયેદાર અને ફાની (ખતમ થનાર) વસ્તુ પર બાકી રહેવાવાળી વસ્તુને પસંદ કરો.

તિર્મિઝી શરીફની હદીષ છે કે બે ભૂખ્યા વરૂઓ બકરીઓમાં છોડી દેવામાં આવે તો એટલું નુકસાન નથી કરતા જેટલું કે ઈન્સાનની દૌલત તથા માલની મહોબ્બત તેના દીનમાં ફસાદ નાખે છે. (ફેલાવે છે.)

## ★ તારીફ (પ્રશંસા) પસંદી અને તેનો ઈલાજ ★

અમુક સ્ત્રીઓ તથા પુરૂષો આ ખરાબ બીમારીમાં સપડાયેલ છે કે જે માણસ તેમના મોઢે તેમની પ્રશંસા કરી દે છે તો તેઓ તેનાથી ખુશ થઈ જાય છે અને જે માણસ તેમની ખામીઓ કાઢે તેના પર ખૂબ જ ગુસ્સે થઈ જાય છે. માણસની આ આદત ઘણી જ ખરાબ છે. પોતાની પ્રશંસાને પસંદ કરવી અને ટીકા કરવા પર નારાજ થઈ જવું એ મોટી મોટી ગુમરાહીઓ અને ગુનાહોની જડ છે.

## ★ આ બીમારીનો ઈલાજ ★

પ્રશંસા પસંદ કરવાવાળાએ ખૂબ જ વિચારવું જોઈએ કે જે ખૂબીઓ પ્રશંસકે વર્ણન કરી છે, શું તે ખરી છે ? અને ખરેખર મારામાં (તે ખૂબીઓ) હાજર છે, દા.ત. તેણે આપણને પરહેઝગાર કહ્યો તો શું ખરેખર આમ જ છે ? (યા'ની આપણે પરહેઝગાર છીએ ?) જો સાચે જ આ ખૂબી તમારામાં હોય તો પરવરદિગારનો શુક્ર અદા કરો કે તેણે ઈબાદત કરવાની તૌફીક અતા ફર્માવી અને હરગિઝ પોતાની આ ખૂબી પર ખુશ થઈ ફૂલી ન જાવ. કારણ કે પોતાની પ્રશંસા પર ફૂલી જવાવાળો માણસ ખુદાએ પાક અને તેના હબીબ ﷺ ને પસંદ નથી. પોતાની થોડી પણ પ્રશંસા ન સાંભળવી જોઈએ કારણ કે ખાત્માનો ખૌફ પણ સાથે લાગેલ છે કોને ખબર કે ક્યારે અને કઈ રીતે ખાત્મો થશે ? તો પછી જે વસ્તુની ખબર જ ન હોઈ તેના ખતમ થવામાં કઈ રીતે યકીન ન કરાય ? અને જેને ખબર જ નથી કે મારું ઠેકાણુ જન્નત છે કે જહન્નમ તેણે તો હર દમ અલ્લાહ તઆલાની બેનિયાઝીથી ખૌફ રાખવો જોઈએ. બીજી વાત એ કે તમને ખબર છે કે પ્રશંસક મારા વિશે ખોટુ કહી રહ્યો છે, મારામાં તે ખૂબી છે જ નથી છતાં પણ તમે તેની પ્રશંસાથી ખુશ થતા હોય તો આ તમારી ખુલ્લી બેવકૂફી છે. (કે જ્યારે તમારામાં તે ખૂબી છે જ નથી તો ખુશ થઈ શું ફાયદો મળશે ?)

કમકિસ્મતીથી વર્તમાનકાળમાં પોતાની પ્રશંસા સાંભળવાવાળા તથા પ્રશંસા ઈચ્છુકો ઘણાય જોવા મળે છે અને પોતાની જૂઠી તથા બેબુનિયાદ કરામતો સાંભળી

ખૂબ ખૂબ ઈનામો આપે છે. હદીષ શરીફમાં ઈર્શાદ છે કે **જે માણસ લોકોની પ્રશંસા હદથી વધીને કરશે તો કયામતના દિવસે તેની જબાન હદથી વધુ લાંબી કરી દેવામાં કરી દેવામાં આવશે ત્યાં સુધી કે તે (પોતાની જબાનને) પોતાના પગ નીચે ચગદતો હશે.** તમે જલ્સા તથા ઉર્સોના પોસ્ટરો જરૂર જોયાં હશે. અમુકમાં તો એટલી વધુ અતિશયોક્તિ હોય છે કે અલ્લાહની પનાહ ! જે લોકો ઈલ્મની હકીકતથી પણ આશના ન હોય તેમને ગિઝાલીએ ઝમાં, મુહદ્દિષે દૌરાં, અલ્લામા વ ફહ્હામા વગેરે... કોણ જાણે કેવા કેવા ટાઈટલો આપવામાં આવે છે. જેની આખી જિંદગી ફાસિક તથા ફાજિરપણામાં પસાર થઈ રહી હોય, યૂરોપિયન કટ દાઢી, હુક્કો, સિગરેટ બલ્કે નશીલી વસ્તુઓથી પણ પરહેઝ ન કરવાવાળાને હકીકતના સમંદર, સૈયદુલ ઔલિયા, ગૌષુલવરા, ફખ્રુલ આરિફીન જેવા ઉચ્ચ ટાઈટલોથી પુકારવામાં આવે છે. આમ કરવાવાળા લોકો મુજરિમ છે. હા ! મુરીદ પોતાના પીરની પ્રશંસા અકીદતમંદી સાથે કરે જો શરીઅતના પાબંદ હોય તો અને સમજે કે મારા શૈખ બે મિસ્લ છે. વળી એટલી પણ પ્રશંસા ન કરે કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین અને અંબિયા علیہم السلام થી પણ વધારી દે અને પીર સાહબ પોતાની પ્રશંસા સાંભળી રોકવાને બદલે ખુશ થાય છે !

એક માણસ નથી D.S.P. કે S.P. કે થાનેદાર તેને D.S.P. કહેવામાં આવે અથવા તે ખૂદ કહેવડાવે તો પોલીસ (ખાતા) ડિપાર્ટમેન્ટમાં તે મુજરિમ ગણાશે. એ જ રીતે એક બે નમાઝી, સુન્નત છોડનારને તથા હરામ કામમાં પડનારને અબ્દાલ અને ગૌષ તથા વલી કહેવામાં આવે તે તસવ્વુફના ખાતામાં પણ મુજરિમ ગણાશે. ઝિયાદ બિન અસ્લમ رحمۃ اللہ علیہ નું ફર્માન છે કે જે માણસ પોતાની તારીફ (પ્રશંસા) સાંભળી રહ્યો હોય ત્યાં તરત જ શૈતાન પહોંચી જાય છે અને તેને બેહકાવી મગરૂર (ઘમંડી) કરી દે છે. પણ ખુલૂસ નિય્યત રાખનાર માણસ તથા ખુદાનો ખૌફ રાખનાર પોતાની પ્રશંસા સાંભળી, ખૂબ જ આજીજી તથા ઈન્કેસારી જાહેર કરે છે. જેમ કે ઘણાયે બુઝુર્ગોને દીનના આ પ્રકારના કિસ્સા વાંચવા તથા સાંભરવામાં આવ્યા છે. યાદ રાખો કે પોતાની મુઝમ્મત (ટીકા ટીપ્પણ)ને ના પસંદ કરવી તથા પ્રશંસાને સારી સમજવી હરામ નથી જ્યારે કે સાંભળવાવાળો કોઈ પ્રકારના ફિત્ના તથા બુરાઈમાં ન સપડાય, અને આ ઘણુ જ મુશ્કેલ કામ છે. જ્યારે આ વસ્તુ ગલ્બો કરી લે છે તો માણસ એવા એવા કૃત્યો કરી નાખે છે જે પાકીઝગી તથા સભ્યતાથી ઘણા જ દૂર હોય છે. નહીં તો લોકોના દિલ રાખવાં તથા તેમની સાથે નર્મી અને મહોબ્બતથી વર્તન કરવું હરામ નથી જ્યારે કે એ માત્ર નામ કમાવવા તથા રિયાકારી (દેખાડવા) માટે ન હોય અને ખરો હાલ તો અલ્લાહ તઆલા જ જાણે છે. અને જ્યાં આ પ્રકારની આફતો ન હોય ત્યાં પ્રશંસા કરવાની મનાઈ નથી. જેમ કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે **આખી દુનિયાવાળાઓનું ઈમાન એક પલ્લામાં રાખવામાં આવે અને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ નું ઈમાન એક પલ્લામાં રાખવામાં આવે તો હઝરત અબૂબક્ર رضی اللہ عنہ નું પલ્લુ ભારે રહેશે.** (આ હદીષે પાકમાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની પ્રશંસા કરવામાં આવી છે.) વધુમાં ફર્માવ્યું કે જો અલ્લાહ તઆલા મારા બાદ કોઈ નબી મોકલત તો તે ઉમર رضی اللہ عنہ હોત. અને ફર્માવ્યું કે સૌ પ્રથમ જન્નતનો દરવાજો હું ખોલીશ પણ ફખ્ર(ઘમંડ)થી નથી કહેતો. પ્યારા વાંચકો ! આપણા નબી ફખ્રુલ અવ્વલીન વલ આખિરીન હોવા છતાં ઈન્કેસારી (આજીજી) ફર્માવી રહ્યા છે !

એક બુઝુર્ગ رحمۃ اللہ علیہ ફર્માવે છે ખુદાનો શુક્ર છે કે ગુનાહમાં બદબૂ (ગંધ) નથી, નહીં ! આપણા એટલા ગુનાહો છે જેમની દુર્ગંધના કારણે કોઈ આપણા નજીક ન આવત. આ મહાન બુઝુર્ગની આજીજી હતી. એક મુહદ્દિષ સાહબથી પૂછવામાં આવ્યું કે આપ બુઝુર્ગ છો. મુહદ્દિષ તથા મુફસ્સિર પણ છો પણ આપની કરામત જોવામાં ન આવી ! તો આપે ફર્માવ્યું કે એથી વધુ મોટી કઈ કરામત હશે કે સવારથી સાંજ સુધી ગુનાહ કરું છું છતાંય ડૂબાડી (ગર્ક) કરી દેવામાં નથી આવતો. અલ્લાહુ અકબર ! આટલા મોટા મુહદ્દિષ અને મુફસ્સિરની આજીજી તો જુઓ ! *–ક્રમશઃ*

# રમઝાનનું મહત્વ સમજો અને તેની અદબ કરો !

-કાર્યાલય

ઈસ્લામી વર્ષના બાર મહીનાઓમાં માત્ર રમઝાનનો મહીનો છે જેનું નામ આપણને કુર્આને કરીમમાં મળે છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**તર્જુમો** : રમઝાનનો મહીનો જેમાં કુર્આન ઉતારવામાં આવ્યું જે લોકોના માટે હિદાયત, રહનુમાઈ અને સાચા ખોટામાં ફર્ક કરી આપનારી નિશાનીઓ લઈને નાઝિલ થયું તો તમારામાંથી જે કોઈ આ મહીનાને મેળવે તે એના રોઝા રાખે. *(સિપારો–૨, સૂરએ બકરહ્, આયત–૧૮૫)*

રમઝાનનો અર્થ છે સળાગવી દેનાર. જેવી રીતે આગ સોનાને સળગાવીને એનો મેલ કચરો દૂર કરી દે છે અને ચોખ્ખુ કરી દે છે એવી રીતે આ મહીનાની નેકીઓ અને ઈબાદતો મુસલમાનોને ગુનાહોથી પાક સાફ કરી અને ચમકાવીને ખુદાથી નજીક કરી દેતી હોય છે. નબી કરીમ ﷺ ફર્માવે છે :–

**(અર્થ)** : જેણે ઈમાન અને ખુલૂસની સાથે રમઝાનના રોઝા રાખ્યા એના પાછલા ગુનાહ બખ્શી દેવામાં આવે છે અને જેણે રમઝાનની રાતોમાં ઈમાન અને ખુલૂસની સાથે ઈબાદત કરી એના પાછલા ગુનાહ માફ કરી દેવામાં આવે છે. *(મિશ્કાત શરીફ)*

## ★ રમઝાન અલ્લાહના નામોમાંથી એક નામ છે ★

રમઝાન અલ્લાહના નામોમાંથી એક નામ છે એટલા માટે એના એહતેરામનો પણ હુકમ દેવામાં આવ્યો. હુઝૂર ﷺ એ ફર્માવ્યું :–

**(અર્થ)** : એવું ન કહો કે રમઝાન આવ્યો અને રમઝાન ગયો, પરંતુ કહો રમઝાન મહીનો આવ્યો, કેમ કે રમઝાન અલ્લાહના નામોમાંથી એક નામ છે. *(રૂહુલ બયાન)*

એટલા માટે એને "શહરુલ્લાહ" "અલ્લાહનો મહીનો" કહેવામાં આવે છે અને એ જ કારણે અલ્લાહે એને પોતાની કિતાબ કુર્આને કરીમ અને એનાથી પહેલી કિતાબો નાઝિલ કરવા માટે પસંદ ફર્માવ્યો કે :–

સહીફા ઈબ્રાહીમ રમઝાનની પહેલી રાતમાં, તૌરાત છઠ્ઠી રાતમાં, ઈન્જીલ તેરમી રાતમાં નાઝિલ થઈ. *(રૂહુલ બયાન)*

## ★ રમઝાનથી ફાયદો કોને ?! ★

એમાં શક નથી કે કલામે ઈલાહી એક મહાન નેઅમત છે જેના ઉતરાણ માટે આ મહીનાની પસંદગી હકીકતમાં એ વાતનું એલાન છે કે આ મહીનો ખુદાની અગણિત રહમતોના ઉતરાણનો મહીનો છે પરંતુ એ રહમતોથી ફાયદાઓ ઈમાનવાળાઓને જ નસીબ થાય છે વેરાન જમીન પર કેટલીય વર્ષા થાય એનામાં ઉગાડવાની શક્તિ પેદા નથી થઈ શક્તી એટલા માટે નબી કરીમ ﷺ ના ઈર્શાદમાં રોઝા રાખવા અને તરાવીહ અદા કરવાવાળાઓના માટે "ઈમાનો એહતેસાબ" એટલે ઈમાન અને ખુલૂસનું વર્ણન મૌજૂદ છે કે ઈમાન તથા ખુલૂસ વિના કોઈ નેકીનો બદલો નથી મળતો. તો રોઝાના થકી બધા ગુનાહ કેવી રીતે ધોઈ શકાય !

જેથી રહમતે બારીથી ફાયદો મેળવવાના માટે જરૂરી છે કે ઈન્સાન પોતે પણ સમગ્ર રીતે રહમત બને કે એ મહીનામાં પોતાના ઘરવાળાઓને ખૂબ ખવડાવો, પહેરાવો, સંબંધીઓ અને પડોશીઓની જરૂરત પૂરી કરવાની કોશિશ કરો, ગરીબોને શોધો અને એમની મદદ કરો કે જ્યારે તમે પોતાના ખજાનાઓનાં મોઢાં જરૂરતમંદોના માટે ખોલી દેશો

ત્યારે જ ખુદાની રહમતનું રુખ તમારી તરફ થશે કે પાણી જ્યારે ઝડપથી જાય છે તો ઝડપથી આવે પણ છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ નબી કરીમ علیہ الصلوٰۃ والتسلیم નો તરીકો બયાન કરતાં જણાવે છે :–

**(અર્થ)** : જ્યારે રમઝાનનો મહીનો શરૂ થાય તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કેદીઓને છોડી દેતા હતા. અને દરેક માંગનારને આપ્યા કરતા હતા. *(મિશ્કાત શરીફ)*

જેમ કે પૈકરે રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم ની રહમત પણ રમઝાનમાં વધારે થઈ જતી હતી જેથી તમારે પણ જોઈએ કે જેટલી પણ મહેરબાની કરી શકો છો કરો, પછી જુઓ કેવી રીતે વરસે છે અલ્લાહની રહમત !

## ★ છડે ચોક ખાનારા સબક લેશે ?! ★

આપણે બધા કુર્આને કરીમનો એહતેરામ કરીએ છીએ એટલા માટે કે એ અલ્લાહનું કલામ છે, મસ્જિદનો એહતેરામ કરીએ છીએ એટલા માટે કે એ અલ્લાહનું ઘર છે, તો એવી જ રીતે આપણે રમઝાનનો પણ એહતેરામ કરવો જોઈએ કે એ અલ્લાહનો મહીનો છે જેથી એના એહતેરામનો આ'લા અને બેહતરીન તરીકો તો એ જ છે કે એની દરેક પળ ખુદાની યાદ અને એની ઈબાદતમાં પસાર કરવામાં આવે અને આખો મહીનો તરાવીહ તથા રોઝાની પાબંદી કરવામાં આવે અને જે કોઈ મજબૂરીના કારણથી રોઝા નથી રાખી શક્તું તો એણે પણ કમ અઝ કમ રમઝાનના એહતેરામનો ખયાલ રાખવો જોઈએ કે તે જાહેર રીતે લોકોની સામે ન ખાય, પીએ અને પોતે રોઝદાર નથી એ ન જણાવે. એ જ કારણ છે કે શરીઅતે મુતહ્હરાએ હૈઝ તથા નિફાસવાળી સ્ત્રી પર પણ ખુલ્લમ ખુલ્લા ખાવા પીવાની પાબંદી લગાડી છે, જ્યારે કે એને તો રોઝો કઝા કરવાની શરઈ રજા છે, અને નાપાકીની હાલતમાં રોઝો રાખવાની મનાઈ છે, છતાં પણ એહતેરામે રમઝાનની પાબંદી તો મૌજૂદ છે. એટલે સુધી કે જો રોઝાની વચમાં કોઈ સ્ત્રીને હૈઝ શરૂ થઈ ગયું તો એણે બાકીનો દિવસ ખાધા પીધા વગર પસાર કરવો પડશે, જ્યારે કે એ દિવસના રોઝો કઝા કરવાનો રહેશે કે હવે રોઝો તો બાકી ન રહ્યો, પરંતુ એહતેરામ જરૂરી છે.

તે લોકો કેટલા પ્રમાણમાં બેશરમ છે જે શરઈ કારણ વિના રોઝો નથી રાખતા અને ઉપરથી મુસલમાનોની સામે ખચકાયા વગર ખાય, પીએ અને સિગરેટ પીતા રહે છે, અને જ્યારે એમને મના કરવામાં આવે છે તો ઘણી જ દિલેરીની સાથે જવાબ આપે છે કે ''જ્યારે ખુદાનો જ ડર નથી તો બંદાઓથી શું ડરવાનું ?! બલ્કે રમઝાનના એહતેરામનો મતલબ બંદાઓથી ડરવાનો નથી પરંતુ એ પણ ખુદાથી જ ડરવું છે કે જે વ્યક્તિ ખુદાના કાનૂનની પાબંદી નથી કરતો તે કમસે કમ પોતાને ગુનાહગાર તો જાણે ! શું અજબ કે રહીમો કરીમ ખુદા, ગુનાના સ્વીકારના કારણે અન્ય ગુનાહોથી બચાવે. બસ ! મુસલમાનોએ જોઈએ કે તેઓ રમઝાનના મુકદ્દસ દિવસો અને રાતોમાં ઈબાદત અને નેકીઓનો એક એવો માહોલ પેદા કરી દે કે દરેક બાજુ ખુદાની રહમત વરસતી નજર આવે, અને એ ત્યારે જ બની શકે કે;

## ★ રમઝાનમાં શું કરશો ? ★

આપણે પાબંદીથી તરાવીહના માટે ભેગા થઈએ, કુર્આન કરીમ સાંભળીએ, પોતે વધારે સમય કુર્આનની તિલાવતમાં પસાર કરીએ, રોઝા રાખીએ, જૂઠ, દગો, પ્રપંચથી બચીએ, આપણા મુસલમાન નોકરોના કામમાં કમી કરી દઈએ, એક બીજાથી મહોબ્બત અને નરમીથી મળીએ, જે મુસલમાનોની હોટલ કે ખાવા પીવાની દુકાનો છે તેઓ રમઝાનના એહતેરામમાં એને દિવસમાં બંધ રાખે.

જો આવી રીતે રમઝાનનો આખો મહીનો પસાર કરી દીધો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદના

પ્રમાણે આપણને આપણા કામની પૂરેપૂરી મજૂરી મળશે. જેમ કે આપ ફર્માવે છે :–

**(અર્થ)** : રમઝાનની આખરી રાતમાં મારી ઉમ્મતની બખ્શિશ થઈ જાય છે સહાબાઓએ પૂછયું, યા રસૂલલ્લાહ ! શું તે શબે કદ્ર છે ? આપે ફર્માવ્યું, નહીં બલ્કે મજૂરને મજૂરી ત્યારે જ મળે છે જ્યારે તે પોતાનું કામ પૂર્ણ કરી લે છે. *(મિશ્કાત શરીફ)*

એટલે આપણા આકા ﷺ ચાહે છે કે જેવી રીતે જોશ અને જઝબાની સાથે આપણે રમઝાનની શરૂઆત કરી છે એવી રીતે અડગતાની સાથે એનો અંત થાય તો પૂરેપૂરો ફાયદો નસીબ થશે. એવું ન બને કે જેમ જેમ દિવસ પસાર થતા જાય તેમ નમાઝી ઓછા થતા જાય અને જ્યારે ઈદ નજીક આવે તો પાછો જોશ પેદા થાય. નહીં ! આખો મહીનો મજૂરી કરશો તો છેલ્લા દિવસે બદલો પણ પૂરો મળશે, મગફેરત અને બખ્શિશ થશે.

એ ન વિચારો કે મગફેરત અને બખ્શિશનો સંબંધ તો કિયામતથી છે, દુનિયાની જિંદગીના માટે પણ તો કાંઈક મળવું જોઈએ ! તો મારા અઝીઝો ! આમ વિચારવું ખોટુ છે કે મગફેરતનો ફાયદો માત્ર મરણ પછી છે, દુનિયામાં કાંઈ નહીં, એવું હરગિઝ નથી. પરંતુ હકીકત એ છે કે દુનિયાની બધી તકલીફો આપણા ગુનાહો અને બુરાં કૃત્યોના કારણથી પેદા થાય છે. યકીન જાણો જો ગુનાહ માફ થઈ જાય, અલ્લાહ આપણને બખ્શી આપે અને આપણે ગુનાહથી અલગ થઈ જઈએ તો રોજીમાં વધારો, તંદુરસ્તી, આપસમાં મહોબ્બત, રાજકીય, સામાજિક તથા આર્થિક શાંતિ, બાળબચ્ચાંઓના તરફથી નચિંતતા, લોકોમાં ઈજ્જત બધું જ મળશે. બિલકુલ એવું જ જેવું કે આપણાથી પહેલાં આપણા બુઝુર્ગોને મળી ચૂક્યું છે જેના પર ઈતિહાસ ગવાહ છે, બસ ! મગફેરત ખુદાની મોટી નેઅમત છે, દુનિયા તથા આખેરતમાં છૂટકારાનો સબબ છે. આવો ! આપણે બધા આ મુકદસ મહીનામાં એને પ્રાપ્ત કરવાની કોશિશ કરીએ, અલ્લાહ અમલની તૌફીક આપે. (આમીન) –*(બહવાલા ખુત્બાતે રમઝાન, અઝ : મુફ્તી સૈયદ સઆદતઅલી કાદરી)* –સંપૂર્ણ

☞ *(પેજ નં. ૨૯ નું ચાલુ....)*

સુધી તેમના બાળકોને સ્મિત કરતાં ન જોઈ લે, ખૂદ ઈદ ન મનાવે, જ્યાં સુધી તેમના દિલની કળી ન ખીલે, મારા સમક્ષ આવે નહીં. જ્યાં સુધી તે ગરીબની પત્ની માટે સુખથી ઈદ મનાવવાની વ્યવસ્થા ન થઈ જાય ત્યાં સુધી પોતાની પત્નીના ઝાંઝરને બેડી અને હારને તોક (ફાંસો) સમજે.

માટે આજનો આ મુબારક દિવસ અંગત આનંદ પ્રમોદ માટે પૈસાને ધૂમ વેડફીને હરવા ફરવા, પિક્ચરો તથા બજારોમાં, પિકનિકના સ્થળોએ સ્વચ્છંદતાપૂર્વક શરીઅત વિરૂધ્ધ કામો કરવામાં ન વિતાવવો જોઈએ પણ ગરીબોને યાદ રાખી એ રૂપિયા પૈસાનો સદ્ઉપયોગ કરવો જોઈએ. અંતમાં એ કે આપણે હુકૂકુલ ઈબાદની અદાયગીમાં થોડીક પણ ઉણપ ન કરવી જોઈએ કારણ કે આજની આપણી આ ઉણપ તથા બેદરકારી અને કોઈ ગરીબના એક દિવસના રડવાની પરવા ન કરવાની સજામાં ગૈરતવાળો ખુદા તે બેપરવા દોલતમંદોને ક્યારેક ક્યારેક વર્ષો સુધી માથું મૂકાવી રડાવે છે અને તે બંદાઓ ખુશીઓમાં બીજાઓને પોતાના ભાગીદાર બનાવતા નથી તો જોનાર સમજનાર ખુદા ગમો, તકલીફો, અશ્રુઓ અને હિચકીઓમાં તેમને ગરીબોની સાથે કરી દે છે. આથી ખુદારા ! ખુદારા ! હુકૂકુલ એબાદની અદાયગીમાં લાગી જાવ, અને એકબીજાને માફ કરી જન્નતના ઉચ્ચ અને બુલંદ દરજાત તથા મહેલોને હાંસલ કરવાની કોશિશમાં વ્યસ્ત થઈ જાવ. અલ્લાહ તઆલા નબીયે પાક ﷺ ના સદકામાં અમલની તૌફીક અતા ફર્માવે. *(આમીન)* –સંપૂર્ણ

# અનોખા સવાલ-અનોખા જવાબ

અઝ : મૌલાના સાદિક હસન સાબરી ચિશ્તી દહેગામી
*(ખતીબો ઈમામ શાહી જુમ્મા મસ્જિદ, જંબુસર)*

**સવાલ** : કઈ સ્થિતિમાં રોઝો રાખવો હરામ છે ?

**જવાબ** : જ્યારે ઔરત માસિક અથવા નિફાસ (ડીલીવરી પછી)માં હોય તેને રોઝો રાખવો હરામ છે. *(ફતાવા આલમગીરી, ભાગ-૧, પેજ-૩૬)*

**સવાલ** : રોઝો વાજિબ થયો અને રાખ્યો નહીં છતાં ગુનેહગાર પણ થયો નહીં, કઈ રીતે ?

**જવાબ** : રમઝાન મહીનામાં ઔરતને માસિક આવ્યું પછી ઈદ આવતા પહેલાં ઈન્તેકાલ થઈ ગયો તો માસિકના દિવસોના રોઝા સાકિત (ફર્ઝ ઉતરી જવું) થઈ ગયા. તેવી સ્થિતિમાં રોઝો વાજિબ થયો અને રાખ્યો નહીં છતાં પણ ગુનેહગાર થયો નહીં. *(રદ્દુલ મુહ્તાર, ભાગ-૧, પેજ-૧૯૩)*

**સવાલ** : કઈ સ્થિતિમાં રમઝાનનો રોઝો ન રાખવા પર ન કઝા છે ન ફીદયો (બદલો) ?

**જવાબ** : બીમારે બીમારીના કારણે અને મુસાફિરે સફરના કારણે રોઝો રાખ્યો નહીં ત્યાં સુધી કે રમઝાનનો મહીનો પૂરો થઈ ગયો. પરંતુ બીમાર સારો થયો નહીં અને મુસાફિર મુકીમ થયો નહીં તો તેમના પર કઝા વાજિબ નથી અને તે જ હાલતમાં બીમાર અને મુસાફિર ઈન્તેકાલ કરી ગયા તો ફિદયો પણ વાજિબ નથી. *(આલમગીરી મિસ્રી, ભાગ-૧, પેજ-૧૯૪)*

**સવાલ** : એવો ક્યો રોઝાદાર છે કે ખાવા પીવાથી જેનો રોઝો તૂટતો નથી ?

**જવાબ** : જે રોઝાદાર કે ભૂલથી ખાઈ પી લે તેનો રોઝો તૂટતો નથી. *(દુર્રે મુખ્તાર મઅ શામી, ભાગ-૨, પેજ-૯૭)*

**સવાલ** : ક્યારે મુસલમાનને રોઝો રાખવો જાઈઝ નથી ?

**જવાબ** : ઈદ, બકરા ઈદ અને ઝીલ હજ્જની ૧૧, ૧૨, ૧૩ તારીખનો રોઝો રાખવો જાઈઝ નથી. *(મરાકીયુલ ફલાહ મઅ તહતાવી, પેજ-૩૫૧)*

**સવાલ** : ક્યારે ઉઝરે શરઈ (યોગ્ય કારણ) વગર રમઝાનનો રોઝો તોડવા પર કઝા વાજિબ નથી.

**જવાબ** : જ્યારે નાબાલિગ બાલિગ થયો અથવા કાફિર દિવસમાં મુસલમાન થયો અને તે સમયે રોઝાની નિય્યત થઈ શકે એવો હતો અને નિય્યત કરી પણ લીધી પછી રોઝો તોડી નાખ્યો તો તે રોઝાની કઝા વાજિબ નથી. *(દુર્રે મુખ્તાર, મઅ શામી, ભાગ-૨, પેજ-૧૦૬)*

**સવાલ** : ક્યારે થૂંક ગળવાથી રોઝો તૂટી જાય છે ?

**જવાબ** : બીજાનો થૂંક ગળવાથી અથવા પોતાનો જ થૂંક હાથ પર લઈ ગળી જવાથી રોઝો તૂટી જાય છે. *(આલમગીરી મીસ્રી, ભાગ-૧, પેજ-૧૯૦)*

**સવાલ** : ક્યા દિવસોમાં નફ્લ રોઝો રાખી ઈરાદાપૂર્વક તોડી દેવાથી કઝા વાજિબ નથી ?

**જવાબ** : ઈદ, બકરા ઈદ અથવા ઝીલ હજ્જની ૧૧, ૧૨ અને ૧૩ તારીખનો રોઝો રાખી ઈરાદાપૂર્વક તોડી દેવાથી કઝા વાજિબ નથી. *(તન્વીરુલ્ અબ્સાર)*

**સવાલ** : ક્યારે શરઈ કારણ વગર ઈરાદાપૂર્વક રોઝો તોડવાથી કફ્ફારો નથી ?

**જવાબ** : રમઝાન સિવાય કોઈ પણ બીજો રોઝો તોડવાથી કફ્ફારો નથી. *(કુદુરી, પેજ-૫૮)*

**સવાલ** : ધૂળ અને ધુમાડાથી ક્યારે રોઝો તૂટી જાય છે ?

**જવાબ** : જ્યારે કે ઈરાદપૂર્વક કોઈપણ વસ્તુનો ધુમાડો અથવા ધૂળ ગળા અથવા દિમાગ સુધી પહોંચાડે તો રોઝો તૂટી જાય છે, ત્યાં સુધી કે લોબાન અથવા અગરબત્તી સળગતી હોય અને કોઈ મોઢું લઈ જઈ ધુમાડો નાકથી ખેંચે તો પણ રોઝો તૂટી જાય છે, શર્ત એ છે કે રોઝેદાર હોવું યાદ હોય. (ફતાવાએ રઝવિય્યહ્, ભાગ-૪, પેજ-૫૮૯)

**સવાલ** : ઉલટી (વોમિટ)થી ક્યારે રોઝો તૂટી જાય છે ?

**જવાબ** : જ્યારે ઈરાદાપૂર્વક મોઢું ભરીને ઉલટી કરે તો રોઝો તૂટી જાય છે અને જો વગર ઈરાદે ઉલ્ટી થાય તો રોઝો તૂટતો નથી. જો એમ સમજે કે ઉલ્ટી થવાથી રોઝો તૂટી ગયો અને ખાય પી લે તો રોઝો તૂટી જાય છે. *(બહારે શરીઅત, ભાગ-૫, પેજ-૧૧૬)*

# ઈદ એટલે બંદાઓના હક્કોને અદા કરવાનું નામ

અઝ : મુહમ્મદ ઈમરાન દાઊદ પટેલ ઝંઘારવી *(મુતઅલ્લિમ જામિઆ ગૌષિયા, બાંદરા, મુંબઈ)*

ઈદ એટલે અલ્લાહનો શુક્ર અદા કરવાનો દિવસ ! અને અલ્લાહનો શુક્રની રીત એ છે કે તેની અધિક ઈબાદત કરવામાં આવે. નહીં કે કેવળ જીભથી બોલ્યા કરીએ કે "અલ્લાહ ! તારો શુક્ર છે !" આજકાલ ગૈર કોમોની રંગત તથા સંગતમાં મુસલમાનોની હાલત એવી થઈ ગઈ કે ઈદ જેવા મુબારક દિવસે જ ખુદાને નારાજ કરીને શૈતાનને રાજી કરવામાં લાગી જાય છે અને મુસ્લિમ બહેનો પણ નગ્નતાભર્યા કપડાં પહેરી શરીર પ્રદર્શનની હરીફાઈમાં તથા અમન ચમનમાં બાગો, બજાર તથા ટોકીઝો પર પહોંચી અઝાબમાં પડે છે. એ અન્ય કોમોનું કામ છે કે પોતાના તહેવારો પર મનોરંજન તથા નાચકૂદમાં સમય વિતાવે, મુસલમાને તો ખુશીના દિવસે રબને રાજી કરે તેવાં કામો કરવાં જોઈએ. પોતાની દૌલતને પણ અયોગ્ય માર્ગે નહીં પણ ગરીબોને ખુશ કરવામાં ખર્ચવી જોઈએ.

રમઝાનનો મહીનો તો બરકત તથા ફઝીલતનો મહીનો છે આ તે મહીનો છે જેની દરેક ક્ષણમાં અલ્લાહની રહમત નાઝિલ થાય છે જેમાં દરેક ઈબાદત પોતાના અંતિમ કમાલ સુધી પહોંચી જાય છે. હુઝૂર ﷺ રમઝાનના મહિનાની આમદ પર અલ્લાહ તઆલાની ભરપૂર ઈબાદત કરતા અને ઘણા બધા મુજાહિદાઓ પણ ફર્માવતા. આપ રાત્રીઓને ઝિંદા કરી આપતા હતા, અર્થાત આખી આખી રાત બેદાર રહીને અલ્લાહની ઈબાદત ફર્માવતા. જ્યાં એક તરફ હુકૂકુલ્લાહની અદાયગીમાં આપનો આ આલમ હતો ત્યાં બીજી તરફ હુકૂકુલ એબાદ (બંદાઓના હક્કો)ની અદાયગીમાં પણ તેટલા જ આગળ હતા. રમઝાનનો મુકદસ તથા બરકતવંત મહિનો હુકૂકુલ્લાહ તથા હુકૂકુલ ઈબાદની અદાયગીનો દર્સ દેવા તથા હમેશાં તેને જિંદગીમાં કાયમ રાખવાનો દર્સ દેવા જ તશરીફ લાવે છે. જેવી રીતે અલ્લાહ તઆલાની ઈબાદત વિના જિંદગી વ્યર્થ તથા નકામી થઈ જાય છે તે જ રીતે આપણી દુનિયા તથા આખેરતને સંવારવા માટે હુકૂકુલ ઈબાદની અદાયગી ઘણી લાભદાયક અને અતિ મહત્વની છે. આ આપણી શરીઅત તથા દીનનો એક હિસ્સો છે તેને નિભાવવો જરૂરી છે. દરેક માણસ સાથે મહોબ્બત, ગરીબો, ફકીરો તેમજ યતીમો અને મઝલૂમોની સાથે સદ્‌વર્તન કરવું જરૂરી છે કારણ કે કુર્આન તથા હદીષ તેમની સાથે હુસ્ને સુલૂક તથા તેમની હાજતરવાઈ કરવાની જ તા'લીમ આપે છે. અલ્લાહ તઆલાએ ધનવાનોના માલમાં ગરીબોનો હક્ક પણ રાખ્યો છે જેમ કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وفی اموالھم حق للسّائل والمحروم ○

**અર્થાત : "અને તેમના માલોમાં ગરીબો તથા ફકીરોનો પણ હક્ક છે."**

તમારા માલમાં કે જે હકીકતમાં તમારો નથી પરંતુ અલ્લાહનો છે તેમાં માંગવાવાળાઓનો અને ન માંગવાવાળાઓનો પણ હક્ક છે, આથી ફર્માને

ખુદાવંદી મુજબ ગરીબો તથા મિસ્કીનોમાં ખર્ચ કરવું ફર્ઝ છે કારણ કે અલ્લાહ તઆલાએ આપણા માલમાં તેઓનો હક્ક રાખ્યો છે અને જો કોઈ સાઈલ (માંગવાવાળો) તમારાથી કોઈ ચીજ અથવા કોઈ વસ્તુ માટે સવાલ કરે તો તમારે તેની સાથે ઉધ્ધત વર્તન ન કરવું જોઈએ કારણ કે અલ્લાહ તઆલાએ કુર્આને કરીમમાં ઈર્શાદ ફર્માવ્યો છે કે :–

**અર્થાત : ''અને માંગનારને ન ધમકાવો.''**

આમ પણ જરૂરત વગર ભીખ માંગવું નાજાઈઝ તથા હરામ છે પણ અગર કોઈ સવાલ કરવાવાળો આવી પહોંચે તો તેને ધિક્કારવો ન જોઈએ અને જો અલ્લાહના નામથી સવાલ કરે તો તેને કંઈક ને કંઈક આપવાની પૂરી કોશિશ કરે, નહીં તો તેની સાથે સારી રીતે વાત કરી માફી તલબ કરે. હદીષ શરીફમાં છે કે જેનાથી અલ્લાહ તઆલાના નામ પર સાઈલે (માંગવાવાળો) સવાલ કર્યો અને ત્યારબાદ તે કશું ન આપે તો તે બદ્તરીન માણસ છે. કુર્આને કરીમે તેઓને તમારા માલમાં શરીક કર્યા છે જેવું કે ફર્માને ખુદાવંદી છે :–

وفی اموالھم ھق للسّائل والمحروم ○

**અર્થાત : "અને તેમના માલોમાં ગરીબો તથા ફકીરોનો હક્ક છે."**

આથી હુઝૂર ﷺ એ ઈદુલ ફિત્રની નમાઝ અદા કરી લેતાં પહેલાં સદકએ ફિત્રની અદાયગી જરૂરી બતાવી છે કે વર્ષ ભરમાં કોઈક દિવસ એવો હોવો જોઈએ જેમાં દરેક મુસલમાન પોતાના માલમાંથી ગરીબો તથા મિસ્કીનો માટે માલમાંથી કંઈક કાઢવાનો પાબંદ થાય, અને આ અવસર તથા આ દિવસ ઈદથી શ્રેષ્ઠ ક્યો દિવસ હોઈ શકે કે જેમાં બધા મુસલમાન સ્વચ્છ અને નવા પોશાક પહેરીને ખુશી મનાવે, તેવી જ રીતે ગરીબોને પણ ખુશી મનાવવાની તક મળે તેઓને પણ નવા પોશાક મળે અને તેઓ પોતાના ઘરમાં સારું ખાણું બનાવી ખાઈ શકે, આથી આપણે આ સુનહરા મૌકા પર આપણા ગરીબ ભાઈઓને કદાપી ન ભૂલવા જોઈએ, કારણ કે ઈદની સાચી ખુશી તેઓને ખુશ કરવામાં જ છે. હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો છે કે **તે દા'વત બદ્તરીન દા'વત છે જેમાં માત્ર અમીરોને આમંત્રિત કરવામાં આવે અને ગરીબોનો તેમાં કોઈ પણ પ્રકારનો હિસ્સો ન હોય.** ઈદના દિવસે જેવી રીતે આપણે આપણા સગાસંબંધીઓને, દોસ્તો અને રિશ્તેદારોને ઘણો આગ્રહ કર્યા બાદ ખાવા ખવડાવીએ છીએ તેવી જ રીતે આપણે તે વાતનો પણ ખ્યાલ કરવો જોઈએ કે શું આપણા સ્વાદિષ્ટ ખાણામાંથી ગરીબોને પણ હિસ્સો મળ્યો હશે ? અને શું આપણે કોઈ ગરીબને પણ દોસ્તોની માફક આગ્રહ કરી ખાવા ખવડાવ્યું ? અલ્લાહ તઆલાએ કુર્આને કરીમમાં મિસ્કીનો, યતીમો અને અસીરો (કેદીઓ)ને ખાવા ખવડાવવું નેક લોકોનો તરીકો બતાવ્યો છે, અને અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

ویطعمون الطعام علی حبه مسکینا ویتیما واسیراً ○

**અર્થાત : "અને તે ખાવા ખવડાવે છે તેની મહોબ્બત પર મિસ્કીન, યતીમ અને કેદીઓને."** *(પા. ૨૯, સૂરએ દહર)*

જેઓને રોજબરોજ તો આ તૌફીક નથી મળતી પણ કમસે કમ તેઓએ ઈદ જેવા મુબારક તથા મુકદ્દસ અવસર પર પોતાના ગરીબ ભાઈઓને યાદ રાખવા જોઈએ જેથી આપણી દા'વત બદ્તરીન લોકોની જમાઅતથી નીકળી નેક લોકોની જમાઅતમાં સામેલ થઈ જાય. એટલા માટે ખુદાએ પોતાના ખુશહાલ બંદાઓ પર એ જરૂરી કરી દીધું છે કે જ્યાં સુધી તે મારા ગરીબ બંદાઓ અને બંદીના આંસૂ લુછી ન નાખે, જ્યાં સુધી તેમનું શરીર ઢાંકી ન દે, જ્યાં સુધી તેમનો ચુલો ગરમ ન કરી દે, જ્યાં

*(વધુ પેજ નં. ૨૩ પર....)*

# સાચા પીરની પરખ કરાવતો આઈનો !!

અઝ : હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**છેલ્લો હપ્તો**

## કેટલીક જરૂરી વાતોની સ્પષ્ટતા

પ્રિય વાંચકો ! પીર સંબંધે વિશેષ કેટલીક જરૂરી વાતો આપની સેવામાં રજૂ કરીએ છીએ એને ધ્યાનથી વાંચશો.

એક પ્રશ્ન એ પણ કરવામાં આવે છે કે, ''પીર વિના ફલાહ (ભલાઈ) તથા કામયાબી નથી મળતી'' તો શું આ વાત દુરુસ્ત છે ?

એનો જવાબ શૈખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ની કિતાબ ફતાવા અફ્રિકા, પેજ ૧૮૩ થી ૧૯૦ થકી સંપૂર્ણ ખુલાસાપૂર્વક હાજર છે. આપ લખે છે :–

''ફલાહ'' બે પ્રકારની છે, પ્રથમ પ્રકાર : ''છેવટે છૂટકારો થશે, ભલે મઆઝલ્લાહ ! અઝાબ ભોગવ્યા પછી થાય.'' આ અકીદો દરેક મુસલમાન માટે લાઝિમ છે, અને કોઈ બયઅત તથા મુરીદી પર આધારિત નથી. એના માટે કેવળ નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મુર્શિદ જાણવા બસ છે. બલ્કે ઈસ્લામના પ્રારંભમાં કોઈ દૂર દૂર પહાડ અથવા ગુમનામ ટાપુનો રહેવાસી ગાફેલ કે જેને નબુવ્વતની ખબર ન પહોંચી અને દુનિયામાંથી કેવળ તૌહીદ પર (મુવહ્હિદ) મૃત્યુ પામ્યો તેના માટે પણ છેવટે આ ફલાહ તથા કામયાબી સાબિત છે.

**બીજો પ્રકાર** : સંપૂર્ણ છૂટકારો અને અઝાબ પામ્યા વિના જન્નત મળે. તેની બે સ્થિતિઓ છે. એક સ્થિતિ : ''વુકૂઅ'' એ મઝહબે અહલે સુન્નતમાં કેવળ અલ્લાહની મરજી પર છે કે જેને ચાહે આવી ફલાહ અતા કરે, ભલે તે લાખો કબીરાઓમાં સપડાયેલ હોય. અને ચાહે તો એક સગીરા ગુનાહ પર પકડ કરે, ભલે લાખો નેકીઓ તે ધરાવતો હોય. જો કે એવું કરશે નહીં, કેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે :–

ويجزى الذين احسنوا با الحسنى۔ الذين يجتنبون كبرأ الاثم والفواحش الا اللمم ان ربك واسع المغفرة۔

આ ''અદ્લ'' છે અને તે ''ફઝ્લ'' છે.

يغفر لمن يشاء ويعذب من يشاء

**બીજી સ્થિતિ** : ''યકીની ઉમ્મીદ'' એટલે કે ઈન્સાનના અમલો તથા કાર્યો, વાણી તથા વર્તન એવાં હોવાં જોઈએ કે જો એના પર ખાત્મો થયો તો અલ્લાહના કરમથી મજબૂત આશા બંધાય કે અઝાબ વિના જન્નતમાં દાખલ કરવામાં આવે. આ જ તે ફલાહ છે જેની તલાશનો હુકમ છે.

એમાં પણ બે પ્રકાર છે :–

(૧) **ફલાહે ઝાહિર (જાહેરી)** : એનાથી હરગિઝ એ મુરાદ નથી કે નર્યા જાહેર સજાવનારાઓ હેતુ હોય જેમની નજર કે જાહેરી

અંગોના અમલો પૂરતી હોય જે શરીઅતના હુકમોથી સજેલાં અને ગુનાહથી દૂર દેખાતા હોય, એ રીતે મુત્તકી બની ગયા ! ભલે તેમનું બાતિન (ભીતર) રિયાકારીથી ભરેલ હોય. ઘમંડ, ઈર્ષા, કીનો, તકબ્બુર, પ્રશંસાના ચાહક તથા માન મર્તબાના ચાહક, દુનિયાની મહોબ્બત, ખ્યાતિના ભૂખ્યા, અમીરોની તા'ઝીમ કરવાવાળા, ગરીબોને તિરસ્કૃત કરનારા, વાસના પાછળ ચાલનારા, ખુશામતખોર, નાશુક્રા, લાલચી, કંજૂસ, લાંબી ઉમ્મીદો ધરાવનારા, બદ્ગુમાની, હક્કની દુશ્મની ધરાવનારા, બાતિલના આગ્રહી, ધોકો, પ્રપંચ, ખયાનત, ગફલત, ચાપલૂશી, લાલચ, મખ્લૂક પર આધાર, ખાલિકને ભૂલવું, મૌતને ભૂલવું, ઘમંડમાં રહી નાફર્માની કરવી, નિફાક, શૈતાનની પયરવી, નફ્સની બંદગી, બેહૂદાપણા તરફ વળવું, અમલની કરાહત, ખૌફની ઉણપ, ખુશૂઅનો અભાવ, નફ્સને કારણે ગુસ્સે થવું, ઈબાદતમાં આળસ વગેરે વિનાશક આફતોથી ગંદો થઈ રહ્યો હોય, બલ્કે ફલાહે ઝાહિર એ દિલ તથા શરીર બંને પર જેટલા ખુદાના હુકમો છે સૌ બજાવી લાવે, ન કોઈ કબીરામાં પડે ન કોઈ સગીરાની આદત બનાવે, નફ્સની બુરી આદતો ખત્મ ન થાય તો કમસે કમ તેનાથી દૂર રહે, તેના પર જામી ન જાય. દા.ત. દિલમાં કંજૂસાઈ છે તો નફ્સ પર દબાણ કરીને હાથ મોકળો રાખે. હસદ છે તો જેના પ્રત્યે હોય તેની બુરાઈ ન થવી જોઈએ કે જેહાદે અકબર (મહાન જેહાદ) છે અને એના પછી પૂછતાછ નથી બલ્કે મહાન બદલો (અજરે અઝીમ) છે. આ ફલાહે તકવા છે તેનાથી માણસ સાચો મુત્તકી (રબથી ડરનાર) બની જાય છે. અમે ફલાહે ઝાહિર એ અર્થમાં કહ્યું કે એમાં જે કાંઈ કરવા તથા ન કરવાનું છે તેના હુકમો જાહેર તથા સ્પષ્ટ થઈ ચૂક્યા છે.

(૨) **ફલાહે બાતિન** : કે દિલ તથા બદનને બુરાઈઓથી ખાલી અને ફઝાઈલથી ભરપુર કરીને બાકી રહેલાં શિર્કે ખફી દિલથી દૂર રાખવામાં આવે, એટલે સુધી કે لامقصودالاالله પછી لامشهودالاالله પછી لاموجودالاالله રોશન થાય. એટલે, પ્રથમ ગૈરના ઈરાદાથી ખાલી હોય, પછી ગૈર નજરથી ખાલી, પછી "હક્કે હકીકત" જલ્વો ફર્માવે કે વજૂદ એના માટે છે, બાકી "ઝિલાલ" તથા "પરતવ" (પ્રતિબિંબ) એ ફલાહની છેવટ તથા ફલાહે એહસાન છે. ફલાહે તકવામાં તો અઝાબથી દૂરી અને જન્નતનું ચૈન હતું અને ફલાહે એહસાન એનાથી આ'ઝમ છે કે અઝાબની શું વાત કોઈ પ્રકારની દેહશત તથા ચિંતા પણ તેની પાસે નથી આવતી.

الا ان اولیاء الله لا خوف علیهم ولاهم یحزنون۔

સારાંશ કે એ ફલાહના માટે જેમાં અઝાબ વિના નજાતની ઉમ્મીદ પહેલેથી જ પેદા થાય એ માટે જરૂર પીરો મુર્શિદની હાજત છે, ચાહે ફલાહે ઝાહિર તથા ફલાહે તકવા હોય અથવા ફલાહે બાતિન તથા ફલાહે એહસાન હોય. હવે મુર્શિદ પણ બે પ્રકારના છે :–

(૧) **આમ (સર્વ સામાન્ય) મુર્શિદ** કે કલામુલ્લાહ (કુર્આન), કલામુર્રસૂલ (હદીષ), શરીઅત તથા તરીકતના ઈમામોનાં કથનો તથા કલામે ઉલમાએ દીન અહલે રુશ્દો હિદાયત. એ જ સહીહ સિલસિલા પર કે અવામ (પબ્લિક)નો હાદી (માર્ગદર્શક) ઉલમાનું કલામ (કથનો), ઉલમાનો રહનુમા ઈમામોનું કલામ, ઈમામોનો મુર્શિદ રસૂલનું કલામ અને રસૂલનું પેશ્વા કલામુલ્લાહ (જલ્લ વ અલા વ ﷺ). ફલાહે ઝાહિર હોય કે ફલાહે બાતિન તેને આ મુર્શિદ વિના છૂટકારો નથી. જે એનાથી અલગ થાય તે નિઃશંક ! કાફિર અથવા ગુમરાહ થશે. અને તેની ઈબાદત બર્બાદ તથા તબાહ છે.

(૨) **ખાસ મુર્શિદ** : કે બંદો કોઈ આલિમ સુન્ની સહીહુલ અકીદા સહીહુલ આમાલ જામિઉશ્શરાઈત (બયઅત માટેની સર્વ શરતો ધરાવતા)ના હાથમાં હાથ આપી દે. એ ખાસ મુર્શિદ જેને પીર તથા શયખ કહે છે. એમાં પણ બે પ્રકારો છે :–

(૧) **શયખે ઈસ્તેસાલ** : એના માટે ચાર શરતો છે જેમ કે અગાઉ વર્ણન થઈ ચૂકી.

(૨) **શયખે ઈસાલ** : જણાવેલ ચાર શરતો સિવાય નીચે દર્શાવેલ ચીજો એનામાં હોય :–

મફાસિદે નફ્સ (નફ્સની બુરાઈઓ) મકાઈદે શૈતાન (શૈતાનના ધોકાઓ) તથા મસાઈદે હવા (મનેચ્છાઓ)થી માહિતગાર હોય. અન્યની તર્બિયત જાણતો હોય અને પોતાના મુતવસ્સિલ પર સંપૂર્ણ પ્રેમભાવ ધરાવતો હોય કે તેના અયબોથી તેને માહિતગાર કરે, તેનો ઈલાજ બતાવે, જે મુશ્કેલીઓ એ માર્ગમાં આડે આવે તેને હલ ફર્માવે, ન કેવળ "સાલિક" હોય ન નર્યો "મજઝૂબ" હોય.

અવારિફુલ મઆરિફ શરીફમાં હઝરત શૈખ શહાબુદ્દીન قدس سرہ એ ફર્માવ્યું, આ બંને પીર થવાને લાયક નથી કે પહેલો ખૂદ હજી રાહમાં છે અને બીજો તર્બિયતના તરીકાથી ગાફિલ છે, બલ્કે મજઝૂબ સાલિક હોય કે સાલિક મજઝૂબ હોય, અને પહેલો અફઝલ છે, એટલા માટે કે તે મુરાદ છે અને આ મુરીદ.

વળી બયઅત પણ બે પ્રકારની છે :–

(૧) **બયઅતે બરકત** કે કેવળ **તબર્રુકના માટે સિલસિલામાં દાખલ થઈ જવું. આજકાલ સામાન્યતઃ આ જ બયઅતો છે,** તે પણ નેક નિય્યતોની હોય, નહીં તો ઘણાઓની બયઅત દુનિયવી ગલત મકસદોના માટે હોય છે, તે ચર્ચાથી અલગ વાત છે. આ બયઅત (બયઅતે તબર્રુક)ના માટે "શયખે ઈત્તસાલ" કે જે ચારવે શરતો ધરાવતો હોય એટલુ પૂરતું છે. **આ બયઅત પણ દુનિયા તથા આખેરતમાં ખૂબ જ ફાયદામંદ છે.**

(૨) **બયઅતે ઈરાદત** : એટલે કે પોતાના ઈરાદા તથા અધિકારથી એકદમ બહાર થઈને પોતે પોતાને શેખ, મુર્શિદ, હાદીએ બરહક્ક, વાસિલે બ હક્કના હાથોમાં તદ્દન સુપ્રત કરી આપે. તેને સંપૂર્ણ રીતે પોતાનો હાકિમ તથા માલિક તથા મુતસર્રિફ જાણે, તેના ચલાવવા પર રાહે સુલૂક ચાલે, કોઈ કદમ તેની મરજી વિના ન ઉપાડે, એના માટે તેનાં અમુક હુકમો અથવા પોતાની જાતમાં ખૂદ તેનાં અમુક કામ જો તેની દૃષ્ટિએ સહીહ ન જણાય તેને ખિઝર علیہ السلام નાં કાર્યોની જેમ સમજે, પોતાની બુધ્ધિનો કુસૂર સમજે, તેની કોઈ વાત પર દિલમાં પણ વાંધો ન લાવે, તેની દરેક મુશ્કેલી તેના સમક્ષ રજુ કરે, સારાંશ કે તેના હાથમાં એ રીતે રહે કે મુડદુ ઝિંદાના હાથમાં રહે. આ સુલૂકવાળાઓની બયઅત (બયઅતે સાલિકીન) છે અને મશાઈખ તથા મુર્શિદોનો એ જ હેતુ છે એ જ અલ્લાહ તઆલા સુધી પહોંચાડે છે, એ જ (બયઅત) હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાએ કિરામ صلی اللہ تعالیٰ علیہ وسلم થી લીધી છે. જેમ કે સૈયેદેના ઓબાદા ઈબ્ને સામત رضی اللہ عنہ ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી એના માટે બયઅત કરી કે દરેક આસાની તથા તકલીફ દરેક ખુશી તથા નાખુશીમાં હુકમ સાંભળીશું અને આજ્ઞાપાલન કરીશું અને હુકમ કરનારના હુકમમાં ચૂંચા કરીશું નહીં.

ઉપરોક્ત ચર્ચા પછી હવે જવાબ સાંભળો, મુત્લક, ફલાહના માટે "મુર્શિદે આમ"ની કોઈ પણ હિસાબે જરૂરત છે, "ફલાહે તક્વા" હોય કે "ફલાહે એહસાન" પણ આ મુર્શિદથી અલગ થઈને કદાપિ નથી મળી શક્તી, ભલેને "મુર્શિદે ખાસ" ધરાવતો હોય બલ્કે ખૂદ "મુર્શિદે ખાસ" બનતો હોય.

**ફલાહે તક્વા** : એના માટે મુર્શિદે ખાસની જરૂરત એ અર્થમાં નથી કે તેના વિના આ ફલાહ મળી શક્તી જ નથી જેમ કે દર્શાવ્યું.

**ફલાહે ઝાહિર** : તેના હુકમો ઉઘાડા છે, માણસ પોતાના ઈલ્મ વડે અથવા ઉલમાને પૂછી પૂછીને મુત્તકી બની શકે છે આમાલે કલ્બમાં જો કે અમુક બારીકીઓ છે પણ સીમિત છે. અને ઈમામોની કિતાબો જેમ કે ઈમામ અબૂ તાલિબ મક્કી તથા ઈમામ હુજ્જતુલ ઈસ્લામ ગિઝાલી વગેરેમાં એની સ્પષ્ટતા કરવામાં આવેલી છે. તો બયઅતે ખાસ વિના ક્યારેક તેનો માર્ગ વિશાળ અને તેનો દરવાજો ઉઘાડો હોય છે.

ઉપરોક્ત લખાણથી એ વાત સ્પષ્ટ થઈ કે ''ફલાહે તક્વા''ના માટે ''મુર્શિદે ખાસ''ની જરૂરત નથી જેથી સૂફીયાએ કિરામનો એ કૌલ કે ''પીર વિહોણો ફલાહ નથી પામતો'' એના પર એટલે કે ''ફલાહે તક્વા'' પર લાગુ થતો નથી.

''ફલાહે તક્વા'' નિઃશંક ! ફલાહ છે ભલે ''ફલાહે એહસાન'' એનાથી ઉચ્ચ તથા મહાન છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : **''જો તમે કબીરા ગુનાહોથી બચ્યા તો અમે તમારી બુરાઈઓ નાબૂદ કરી દઈશું અને તમને ઈજ્જતવાળા મકાનમાં દાખલ કરીશું.''** આ નિઃશંક ! મહાન કામયાબી છે. વાત એમ છે કે તક્વો સામાન્ય રીતે દરેક મુસલમાન પર ફર્ઝે અયન છે અને તે આ ફલાહ એટલે અઝાબથી છૂટકારા માટે અલ્લાહના ફઝ્‌લથી વાયદા પ્રમાણે સત્ય તથા પૂરતુ છે. અહસાન એટલે સુલૂકે રાહે વિલાયત એ ઉચ્ચ કક્ષાનો હેતુ તથા પસંદીદા છે, પણ એના જેમ ફર્ઝ નથી, નહીં તો ઔલિયાના સિવાય કે તેઓ દરેક દૌરમાં એક લાખ ચોવીસ હજાર હોય છે, બાકી કરોડો મુસલમાન તથા હજારો ઉલમા તથા નેક લોકો સૌ મઆઝલ્લાહ ! ફર્ઝ ત્યજનાર થાત તથા ફાસિકો થાત. ઔલિયાએ પણ કદી આ માર્ગની આમ દા'વત નથી આપી. કરોડો મુસલમાનોમાંથી ગણ્યા ગાંઠયાને એના પર ચલાવ્યા અને તેના (રાહે સૂલકના) તાલિબોમાંથી જેને આ બોજ સહન કરવાને લાયક ન જાણ્યા તેમને પાછા કાઢયા. તો ફર્ઝથી વાપસ કરવું કઈ રીતે શક્ય થાય ?! (સારાંશ કે એ ફર્ઝ નથી.)

''અવારિફુલ્ મઆરિફ શરીફ''માં શૈખ શહાબુદ્દીન قدس سرہ લખે છે : ''તબર્રુકનો ખિર્કો દરેકને આપી શકાય છે અને ઈરાદતનો ખિર્કો તેને આપવામાં આવશે જે એને પાત્ર હોય, અપાત્રથી આ રાહની શરતોની માંગણી કરીશું નહીં. કેવળ એટલું કહીશું કે શરીઅતનો પાબંદ રહે અને ઔલિયાની સોહબત અપનાવે કે શાયદ તેની બરકત તેના ખિર્કાએ ઈરાદતને પાત્ર કરી આપે. જેથી સ્પષ્ટ થયું કે તેને છોડવું કામયાબીને રોકનાર નથી. અકાબિર (મહાન) ઉલમા તથા ઈમામોમાં હજારો એવા ગુજર્યા જેમનાથી બયઅતે ખાસ્સા સાબિત નથી અથવા જો બયઅતે ખાસ્સા કરી તો છેવટની ઉમરમાં ઈમામતનો મર્તબો હાંસલ કર્યા બાદ કરી અને તે પણ ''બયઅતે બરકત'' લીધી, જેમ કે ઈમામ ઈબ્ને હજર અસ્કલાનીએ સૈયદી મદયન قدس سرہ ના દસ્તે મુબારક પર લીધી.

સૈયદી ઈમામ અહમદ રઝા قدس سرہ ફર્માવે K[S[**જે એનો (બયઅતનો) ત્યાગ તેના ઈન્કારને લીધે કરે, તેને (બયઅતને) બાતિલ તથા બેકાર જાણે તે જરૂર ગુમરાહ તથા ભલાઈ વિનાનો છે જ્યારે કે મુત્લક (તદ્દન જ) ઈન્કાર કરતો હોય.** અને જો પોતાના સમય તથા શહેરમાં કોઈને બયઅતને માટે પૂરતો (પાત્ર) ન જાણે તો તેનો હુકમ દિલની ગવાહીના સહમત ન હોવાને કારણે અલગ થશે. જો તે પોતાના ઘમંડના કારણે છે તો શું જહન્નમમાં ઘમંડીઓનું ઠેકાણું નથી ! અને જો **શરઈ કારણ વિના** બદ્‌ગુમાનીના કારણે સૌને અયોગ્ય જાણે તો એ પણ કબીરામાં પડનાર છે અને કબીરામાં પડનાર ફલાહ પામનાર નથી. અને જો એનામાં એ વાતો છે કે શંકામાં નાખે છે અને એ સાવચેતીની દષ્ટિએ બચે છે તો ઈલ્ઝામ નથી. **''ફલાહે અહસાન''ના માટે બેશક ! મુર્શિદે ખાસ''ની જરૂરત છે** અને તે પણ ''શયખે ઈસાલ''ની, ''શયખે ઈત્તેસાલ'' એના માટે પૂરતો નથી. એના હાથ પર પણ ''બયઅતે ઈરાદત'' થાય ''બયઅતે બરકત'' અહીં પૂરતી નથી. આ રાહમાં તે સખત બારીકીઓ તથા સખત અંધકારો છે કે જ્યાં સુધી કામિલ મુકમ્મલ આ રાહની ગુંચવણોથી માહિતગાર હલ ન કરે હલ થશે નહીં, ન સુલૂકની કિતાબોનો અભ્યાસ કામ લાગશે કે કઠણાઈઓ તક્વાની જેમ સીમિત કે ગણત્રીની નથી જેને કિતાબ કન્ટ્રોલ કરી શકે અને તે જૂનો દુશ્મન ધોકાબાઝ ઈબ્લીસ લઈન (લઅનતી) દરેક વખતે સાથે છે, જો

બતાવનાર, આંખો ખોલનાર, હાથ પકડનાર, મદદ કરનાર સાથે ન હોય તો ખુદા જાણે કઈ ગુફામાં ફેંકે, કઈ ઘાટીમાં હલાક કરે ! શક્ય છે કે સુલૂક તો દૂર રહ્યું મઆઝલ્લાહ ! (અલ્લાહની પનાહ !) ઈમાન સુધ્ધાં હાથથી જાય !

વાંચકો ! ઉપરોક્ત લખાણથી એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે સૂફિયાએ કિરામ قُدِّسَتْ اَسْرَارَهُمْ નું ફર્માને આલીશાન કે, "પીર વિનાનો ફલાહ પામતો નથી", એ કઈ ફલાહના વિશે છે. અને "ફલાહે એહસાન"માં "ખાસ બયઅત" અને "ખાસ મુર્શિદ"ની જરૂરત પડે છે. પણ અહીં બયઅતથી મુરાદ "બયઅતે બરકત" નથી બલ્કે "બયઅતે ઈરાદત" છે, અને શયખથી મુરાદ "શયખે ઈત્તેસાલ" નહીં, બલ્કે "શયખે ઈસાલ" છે. તેમજ એ પણ જાણવા મળ્યું કે **આજકાલ સામાન્યતઃ જે બયઅત થાય છે તે "બયઅતે તબર્રુક" હોય છે અને તે શૈખ (પીર) "શયખે ઈત્તેસાલ" હોય છે.** અને એ બાબત પણ સમજવામાં આવી કે આપણા પેશ્વા હઝરાત ઔલિયાએ કિરામ قُدِّسَتْ اَسْرَارَهُمْ દા.ત. હઝરત ખ્વાજા હસન બસરી, હઝરત ખ્વાજા જુનૈદ બગદાદી, હઝરત શૈખ શિબ્લી, હઝરત સર્રી સક્તી અને હઝરત કુત્બે રબ્બાની મહબૂબે સુબ્હાની હઝરત સૈયદ મુહીયુદ્દીન અબ્દુલ કાદિર જીલાની قدس سرہ અને હઝરત દાતા અલી હિજવૈરી અને હઝરત સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા સૈયદ મુઈનુદ્દીન ચિશ્તી અને હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સમ્નાની, હઝરત શૈખ શરફુદ્દીન યહ્યા મુનીરી, હઝરત નિઝામુદ્દીન ઔલિયા, હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, હઝરત મીર અબ્દુલ વાહિદ બેલગ્રામી, હઝરત શાહ સૈયદ અહમદ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી, હઝરત આલે રસૂલ મારહરવી, હઝરત શયખ ઈમામ અહમદ રઝા મુહિદ્દષે બરેલ્વી તથા હઝરત શૈખ અલી હુસૈન અશરફી મિયાં અને હઝરત અલ્લામા મુસ્તફા રઝા ખાન قدس سرہ વગેરે "શયખે ઈસાલ" હતા અને તેમના શયખો (મશાઈખ) પણ "શયખે ઈસાલ" હતા અને તેમની બયઅત પોતાના મશાઈખથી "બયઅતે ઈરાદત" હતી અને આ હઝરાત "ફલાહે એહસાન"ના આ'લા દરજા પર બિરાજમાન હતા અને છે.

## પીરના કાર્ય પર મુરીદ ક્યારે વાંધો ઉઠાવી શકે ?!

અને એ બાબત પણ સ્પષ્ટ થઈ ગઈ કે જે એવું કહેવામાં આવે છે કે "મુરીદે શયખના કોઈ કાર્ય પર એતરાઝ ન કરવો જોઈએ" એનાથી મુરાદ તે શયખ જે "શયખે ઈસાલ" હોય છે, અને તેની બયઅત "બયઅતે ઈરાદત" હોય છે. જેથી જો શયખ "શયખે ઈત્તેસાલ" હોય અને બયઅત "બયઅતે તબર્રુક" હોય (જેમ કે આજકાલ લોકો કરે છે) તો મુરીદને શયખની વિરૂધ્ધ શરીઅત વિરૂધ્ધ વર્તન બાબતે એતરાઝનો હક્ક હાંસલ છે. અને ત્યાં મના એટલા માટે કરવામાં આવ્યું છે કે તે **"શયખે ઈસાલ" શરીઅતની વિરૂધ્ધ કદમ ઉઠાવશે નહીં, પણ તે મુરીદની આજમાઈશના માટે એવું કામ કરશે** જેને મુરીદ પોતાના અલ્પજ્ઞાનની લીધે તેને ખિલાફે શરઅ સમજશે તો તેને રોકી દેવામાં આવશે કે વાંધો ન ઉઠાવ, સબ્ર કર, તારા પર ખોલી દેવામાં આવશે કે તારા શૈખનું કામ શરીઅતની રૂએ દુરુસ્ત છે. જેથી તે હઝરાત જેઓ પીરી મુરીદીનો દા'વો કરે છે અને "શયખે ઈત્તેસાલ"ની ચાર શરતો પણ તેમનામાં નથી હોતી અને લોકોને મુરીદ કરીને કહે છે કે, "અમારા અમલો કાર્યો પર વાંધો ન ઉઠાવશો એટલા માટે કે અમે મુર્શિદ છીએ અને સૂફિયાએ કિરામ હઝરાતે અમારા વાણી તથા વર્તન પર વાંધો ઉઠાવવાથી મના કર્યું છે." તો એવા (બનાવટી) પીરોએ આ વાતોથી દૂર રહેવું જોઈએ અને અલ્લાહ તઆલાથી ડરવું જોઈએ અને આખેરતની ફિકર કરવી જોઈએ અને આપણા આકા صلی اللہ علیہ وسلم થી હયા કરવી જોઈએ. અલ્લાહ તઆલા આપણને હક્ક પર અડગતા અતા ફર્માવે. (આમીન) *–સંપૂર્ણ*

# ઈસ્લામિક જ્ઞાન અને વિજ્ઞાન

**અઝ : જનાબ મુહમ્મદ ઈમરાન રઝા દયાદરવી**
(મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ્ અશ્રફિયહ્, મુબારકપુર)

ઈલ્મ પ્રાપ્ત કરવું નેઅમત છે. વાસ્તવિક ઈલ્મ અને જ્ઞાન "ઈલ્મે દીન" છે. જરૂરિયાતે દીન વુઝૂ, ગુસ્લ, નમાઝ, હજ્જ, ઝકાત, વ્યાપાર વગેરેના મસાઈલનો ઈલ્મ હાંસલ કરવું ફર્ઝે એૈન છે. કુર્આન તથા હદીષનો ઈલ્મ સર્વોત્તમ જ્ઞાન છે. તેની ઘણી જ ફઝીલત છે. ઈસ્લામી ઈતિહાસનો અભ્યાસ કરવાથી જ્ઞાન થાય છે કે આપણા અસ્લાફે કિરામ ઈલ્મે દીન પ્રાપ્ત કરવા માટે લાંબા અને કષ્ટદાયી સફર કરતા હતા. એક હદીષને હાંસલ કરવા એક જ્ઞાન પિપાસુએ મદીના મુનવ્વરાથી દમિશ્ક સુધીનો સફર કર્યો. હઝરત કષીર બિન કૈસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું હઝરત અબૂ દરદા رضی اللہ عنہ સાથે દમિશ્કની મસ્જિદમાં બેઠો હતો. એક વ્યક્તિએ આવી કહ્યું, હે અબૂ દરદા ! નિઃશંક ! હું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના શહેર મદીના તૈયબાથી એ સાંભળી આપની પાસે આવ્યો છું કે આપના પાસે કોઈ હદીષ છે. જેને આપ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરો છો, હું અન્ય કોઈ કામ અર્થે નથી આવ્યો. હઝરત અબૂ દરદા رضی اللہ عنہ એ કહ્યું, **મેં રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યું કે, "જે માણસ ઈલ્મે દીન હાંસલ કરવા સફર કરે છે તો અલ્લાહ તઆલા તેને જન્નતના માર્ગોમાંથી એક માર્ગ પર ચલાવે છે અને તાલિબે ઈલ્મને પ્રસન્ન કરવા ફરિશ્તાઓ પોતાના પર બીછાવી દે છે. આકાશ અને જમીનની પ્રત્યેક વસ્તુ ત્યાં સુધી કે માછલીઓ પણ પાણીમાં આલિમે દીન માટે દુઆએ ઈસ્તિગફાર કરે છે. અને આલિમની ફઝીલત આબિદ (ઈબાદત કરનાર) પર એવી છે જેમ કે ચંદ્રની ફઝીલત તારાઓ પર અને અંબિયાએ કિરામ علیہم السلام નો વારસો દિરહમ તથા દીનાર નથી, તેઓએ વારસામાં એક માત્ર ઈલ્મ અને જ્ઞાન છોડયા છે. તો જેણે ઈલ્મ પ્રાપ્ત કર્યો તેણે સંપૂર્ણ ભાગ મેળવ્યો.** અન્ય એક હદીષમાં છે કે **જે ઈલ્મે દીન માટે સફર કરે છે અલ્લાહ તઆલા તેના માટે જન્નતનો માર્ગ સહેલો (આસાન) કરી દે છે.**

કુર્આને મુકદ્દસમાં ફર્માવવામાં આવ્યું : "અલ્લાહ તમારા (ઈમાનવાળાઓના) અને તેમના જેમને ઈલ્મ દેવામાં આવ્યો (આલિમોના) દરજાત બુલંદ ફર્માવશે અને અલ્લાહને તમારાં કામોની ખબર છે." *(અલ્ મુજાદિલા–૧૧)*

સૈયદના ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ એ મુકાશિફતુલ કુલૂબમાં એક હદીષ બયાન ફર્માવી કે, "આલિમ બનો અથવા મુતઅલ્લિમ (ઈલ્મ પ્રાપ્ત કરનાર) અથવા ઈલ્મી વાતોને સાંભળનાર અથવા ઈલ્મથી મહોબ્બત કરનાર. અને પાંચમો અર્થાત : **ઈલ્મથી દુશ્મની રાખનાર ન બનો, નહીં તો હલાક થઈ જશો."** અને ફર્માવ્યું કે **ઘમંડ ઈલ્મ માટે મોટી આપત્તિ છે.**

ઈલ્મના મકામ અને દરજ્જાને ઈસ્લામમાં પ્રત્યેક સ્થાને પ્રાથમિક્તા આપવામાં આવી છે. કુર્આને મુકદસ અને અહાદીષ મુબારકમાં ઠેક ઠેકાણે તેની ફઝીલત વર્ણવવામાં આવી છે. વહીનો પ્રારંભ ઈલ્મના હવાલાથી થયો. ઈમામ બુખારી علیہ الرحمۃ والرضوان એ સહીહ બુખારીમાં કિતાબુલ ઈમાન પહેલાં કિતાબુલ ઈલ્મને સ્થાન આપ્યું. હઝરત શૈખ અલી બિન ઉસ્માન હિજવૈરી (દાતા ગંજબખ્શ) رحمۃ اللہ علیہ એ એશિયામાં તસવ્વુફ (સૂફીપણા)ની સૌ પ્રથમ કિતાબ "કશ્ફુલ મહઝૂબ"ની શરૂઆત ઈલ્મના પ્રકરણથી કરી. હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગિઝાલી علیہ الرحمۃ والرضوان એ જગ પ્રસિધ્ધ કિતાબ "અહયાઉલ ઉલૂમ"નો પ્રારંભ કિતાબુલ ઈલ્મથી કર્યો. ૧૪ વિવિધ આયતો દ્વારા ઈલ્મની ફઝીલત પુરવાર કરી સાત પ્રકરણોમાં ઈલ્મ સંબંધી બહષો બયાન ફર્માવી. ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ ઈલ્મે ગૈબે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ના ટોપીક પર મક્કા મુકર્રમામાં માત્ર ૮ કલાકમાં "અદ્દવલતુલ્ મક્કિયા" નામી કિતાબ આલેખિત ફર્માવી તો ઈલ્મના હવાલાથી અત્યંત વિસ્તૃત તશ્રીહ ફર્માવી. આપે "મકામેઉલ હદીદ"માં ઈસ્લામી ઉલૂમની અહમિયત પર સવિસ્તાર ઉલ્લેખ કર્યો છે.

ઈમામ અહમદ રઝા બરેલ્વી علیہ الرحمۃ والرضوان ના જમાનામાં ઈસ્લામી શૈક્ષણિક નિઝામ (વ્યવસ્થા) પર ખતરનાક હમલા થયા. મુજદ્દિદે આ'ઝમ علیہ الرحمۃ والرضوان એ એક માહિરે તા'લીમની હૈસિયતથી પોતાના શૈક્ષણિક સિધ્ધાંતો રજૂ કર્યા. આ મકસદને સંપૂર્ણ કરવા હિ. ૧૩૨૨ ઈ.સ. ૧૯૦૪ માં એક વિશાળ દર્સગાહ "જામેઆ મન્ઝરે ઈસ્લામ"ની સ્થાપના કરી. વૈજ્ઞાનિકો અને ફિલોસોફરોની ઈલ્મી ગુમરાહીઓની પકડ કરી. તેમના કેટલાક ખયાલો જેમ કે મશ્હૂર વૈજ્ઞાનિક આઈજેક ન્યુટનના સિધ્ધાંત "ગુરુત્વાકર્ષણ બળ"ને કારણે પૃથ્વીના પરિભ્રમણના સિદ્ધાંતને ૧૫૦ દલીલોથી રદ કર્યો જેનું વર્ણન "ફૌઝે મુબીન દર રદ્દે હરકતે ઝમીન" (જમીન સ્થિર છે) માં સવિસ્તાર છે.

ઈલ્મમાં દેખાવ અને રિયાકારી બરબાદીના પંથે લઈ જાય છે. તેનો હેતુ માત્ર અલ્લાહ અને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની રઝા હોવી જોઈએ. મખ્લૂકના લાભાર્થે ઈલ્મ પ્રાપ્ત કરવો જોઈએ. કેટલાક લોકો ઉચ્ચ દરજ્જા, શોહરત અને પ્રસિધ્ધિ માટે ઈલ્મ પ્રાપ્ત કરે છે. હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ ફર્માવે છે : ઈલ્મ અને જ્ઞાન જ ઉચ્ચ હોદ્દો છે, તેનાથી અધિક કોઈ દરજ્જો છે જ નથી."

હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ અમલના સંબંધે ફર્માવે છે : "યાદ રાખો ! ઈલ્મ સાથે અમલ પણ જરૂરી છે. થોડા ઈલ્મ માટે પણ અધિક અમલ અનિવાર્ય છે. ઈલ્મ તથા અમલ બંને એક બીજાના માટે અત્યંત જરૂરી છે માટે હમેશાં ઈલ્મ સાથે અમલ રહેવો જોઈએ."

જયાં સુધી માનવ બુદ્ધિ કુર્આને હકીમની રોશનીમાં ઈલ્મી પ્રયાસો કરશે તો તે અવનવી દિશાઓના સંશોધન કરશે. એટલા માટે કે કુર્આને હકીમમાં જ ગૌરો ફિક્ર, ચિંતન મનનની તા'લીમ આપવામાં આવી છે. ક્યાંક اَفَلَا تَعۡقِلُوۡنَ ફર્માવી તો ક્યાંક اَفَلَا تُبۡصِرُوۡنَ, ક્યાંક اَفَلَا يَتَدَبَّرُوۡنَ તો ક્યાંક اَفَلَا تَذَكَّرُوۡنَ કહી જ્ઞાન પ્રાપ્તિ તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

ઈન્સાનની બુધ્ધિ તમામ ઉલૂમ અને ફુનૂનને પ્રાપ્ત કરી શક્તી નથી એટલા માટે આપણે કુર્આને મુકદસ અને મુઅલ્લિમે કાઈનાત صلی اللہ تعالیٰ علیہ وسلم ના આદેશોને માર્ગદર્શક બનાવવા પડશે. નહીં તો તે જ્ઞાન જ છે જે માનવતાનાં ચીથરાં ઉડાડી રહ્યું છે. હીરોશીમા અને નાગાસાકી પર બોમ્બ ફેંકી અસંખ્ય પ્રાણોની બલી ચઢાવનારા જ્ઞાનીઓ જ હતા. સાબેરા અને શતીલામાં ઈન્સાની લાશોના ઢગલા બનાવનારા અહલે ઈલ્મ જ હતા. આધુનિક એટમી શસ્ત્રો વડે અફઘાનિસ્તાનની ભૂમિને લોહીથી રંગનારા સર્વોત્તમ જ્ઞાની હોવાના દાવેદારો જ હતા. ઈરાકમાં તબાહી

મચાવનારા વિજ્ઞાનમાં આગેવાની કરનારાઓ જ હતા. નિઃશંક ! તેઓ જ્ઞાનવાળા હતા પરંતુ તેઓએ પોતાના જ્ઞાનનો ઉપયોગ ઈન્સાનિયતને ઉજાડવામાં કર્યો. તેઓ નૂરે ઈલ્મથી વંચિત હતા. પરંતુ ઈસ્લામ પોતાના કાયદાઓ હેઠળ ઈલ્મના રસ્તા સુનિશ્ચિત કરે છે જેના કારણે ઈલ્મ રહમતો રાહત બની માનવતાની સુરક્ષા કરે છે. ઈલ્મ અમ્નો શાંતિ અને ભાઈચારાનો સંદેશ બની જાય છે.

જ્ઞાન અને ધર્મના માર્ગો ભિન્ન હોવાથી માનવતા ગુમરાહીઓમાં ભટકી રહી છે. વિનાનની જડ઼ો મુસલમાનોથી જ જોડાએલી છે. જ્યાં સુધી સાઈન્સ મઝહબ સાથે જોડાઈ રહ્યું ઈલ્મ ઈન્સાનિયતનું બંધારણ કરતો રહ્યો. જ્યારથી વિજ્ઞાન અને ધર્મના માર્ગો અલગ થયા દુનિયા તબાહ થઈ રહી છે.

વિજ્ઞાન અને ધર્મના કાર્યક્ષેત્રની સ્પષ્ટતા કરતાં જગપ્રસિધ્ધ વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન પોતાની કિતાબ **"Out of My later Days"**માં લખે છે : વિજ્ઞાન માત્ર એટલું જણાવી શકે છે કે શું છે ? એ નહીં બતાવી શકે કે શું હોવું જોઈએ ? એટલા માટે દરજ્જાઓની (શક્તિઓની) કિંમત નિશ્ચિત કરવી તેના વર્તુળથી બહાર છે. આથી વિપરીત ધર્મનું કામ એ છે કે તે મનુષ્યની કલ્પના તથા કાર્યશક્તિનો માપ નિશ્ચિત કરે. વિજ્ઞાનના ઠેકેદારોએ અધિક્તમ પ્રયાસ એ બાબતે કર્યો કે વિજ્ઞાન વડે દરજ્જાઓના (શક્તિઓના) સંબંધે ચોક્કસ ફેંસલો કરી નાંખે. આ તેમની ભૂલ છે જેના કારણે તેઓ ધર્મ વિરુધ્ધ મોરચા બનાવી બેસી જાય છે. ધર્મ વિના વિજ્ઞાનની કોઈ હેસિયત નથી. અલ્લામા કમરૂઝ્ઝમાં આ'ઝમી મિસ્બાહી مدظلہ العالی વિજ્ઞાન અને ધર્મ વિશે ફર્માવે છે : "વિજ્ઞાન મનુષ્યના ભૌતિક જીવનથી ચર્ચા કરે છે. વિજ્ઞાન મૌજૂદાતથી બહષ કરે છે, વિજ્ઞાન મેટેરીયલથી ચર્ચા કરે છે અને ધર્મ ભૌતિક જીવનની સાથોસાથ અખ્લાકિયતથી ચર્ચા કરે છે, આત્માથી ચર્ચા કરે છે, મૃત્યુ પછીના જીવનથી બહષ કરે છે. માટે સાઈન્સ અને ધર્મમાં કોઈ ટકરાવ નથી !"

આ દષ્ટાંતથી વિજ્ઞાનને ધર્મ વિના સમજી શકાતું નથી. વિજ્ઞાન, ધર્મ સાથે જ સંપૂર્ણ છે. **જ્યાં સુધી ધર્મ અને વિજ્ઞાન સાથોસાથ રહ્યાં ઈલ્મ દુનિયામાં શાંતિ સ્થાપિત કરતો રહ્યો. તે મુસલમાનો મોહદ્દિષો તથા વૈજ્ઞાનિક હતા જેઓ બલ્ખ, તાશ્કન્દ, સમરકન્દ, બુખારા, બગદાદ અને કૂફામાં ઈલ્મની દૌલત લૂંટાવી રહ્યા હતા અને યૂરોપિયનો મુસલમાનોના દ્વારો પર ઈલ્મની ભિક્ષા લેવા આવતા હતા. જોતજોતાંમાં આ ઈલ્મી ખજાના યૂરોપમાં જવા લાગ્યા, તેઓએ સંશોધનનું કાર્ય ચાલું રાખ્યું. મુસલમાનોને મૌજ મસ્તી અને લીલા લહેરમાં સંડોવી પોતે ઈસ્લામી ઈલ્મી ખજાનાઓથી લાભ ઉઠાવતા રહ્યા. અને નવા સિધ્ધાંતોને પોતાના નામથી રજુ કરતા જેનો પાયો મુસલમાનોના ઈલ્મ પર હતો.** જેમ કે સૂફિયાએ કિરામના ઈલ્મી કારનામાઓ, મુસલમાન વૈજ્ઞાનિક અને વૈદ્યોના સંશોધનો અને પુસ્તકોથી યૂરોપની લાઈબ્રેરીઓ તથા લેબોરેટ્રીઝ ભરી પડી છે.

મુસલમાનોએ ઈલ્મો હિકમતને પોતાનો શિઆર (નિશાની) બનાવ્યો. અર્વાચીન ઉલૂમો ફુનૂનને રદ ન કર્યા. બલ્કે હિકમત, Doctory, Physics, Chemistry, Biology, Botabnny, Zoology, Geology, Astronomy વગેરે ઈલ્મોમાં મહારત પ્રાપ્ત કરી, તેમના કાયદા કાનૂન ઘડયા આ રીતે વિદ્યાઓ મુસલમાનોના પ્રતાપે જ બાકી રહ્યો. મુસલમાન વૈજ્ઞાનિકોમાં મુખ્યત્વે ખ્વારઝમી, અલ્ બૈરુની, અલ્ કન્દી, ઈબ્ને સિના, ગિઝાલી, ઝરકલી બીજા અનેક ઈસ્લામી વૈજ્ઞાનિકોનાં નામ વૈજ્ઞાનિક ઈતિહાસમાં ટમટમતા તારાઓની જેમ ચમકી રહ્યાં છે. આધુનિક યુગમાં પણ કેટલાક મુસ્લિમ વૈજ્ઞાનિકોનાં નામો મશ્હૂર છે જે એનું સ્પષ્ટ ઉદાહરણ છે.

પ્રારંભથી ઈસ્લામે ઈલ્મો અમલની તા'લીમ આપી છે. સાથે જ ઈલ્મની કદર પણ જણાવી છે.

હુઝૂરે અકદમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના વિસાલના સમયે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ૧૩ વર્ષના હતા. તેમને જ્ઞાન પ્રાપ્તિની તડ઼પ હતી. તેમની સ્થિતિ એ હતી કે જ્યારે તેમને જાણ થતી કે કોઈ સહાબીએ હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી કોઈ હદીષ સાંભળી છે તો તેમની પાસે જઈ હદીષનો દર્સ લેતા. અમુક સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની ખિદમતમાં હાજર થતા તો તેઓ નિંદ્રામાં હોતા આપ તેમના દ્વારે બેસી જતા અને જ્યારે તેઓ જાગતા તો તેમનાથી હદીષ સાંભળતા. જ્યારે કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પોતે તેમની પાસે જઈ હદીષ સંભળાવવાની શુભેચ્છા રાખતા હોતા. જેમ કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما પોતે ફર્માવે છે કે, "તેઓ કહેતા પણ કે તમો મહબૂબે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ના ચચાઝાદા ભાઈ છો. આપે અહીં આવવાનો કષ્ટ શું કામ ઉઠાવ્યો ! અમને યાદ ફર્માવતા તો અમે જ આપની પાસે આવી જતા. હું કહેતો, "હું ઈલ્મ હાંસલ કરનાર છું એટલા માટે તમારા પાસે હાજરી આપવાને હું જ વધુ પાત્ર છું." આ ઈલ્મનો શોખ અને ઈલ્મની લગન હતી. ઈલ્મના દરજ્જાનો આદર અને સન્માન હતું કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما એ પોતે જઈ હદીષે પાકનો દર્સ પ્રાપ્ત કર્યો, આથી જ્ઞાન થયું કે ઈલ્મની કેટલી કદર કરવી જોઈએ. ઈલ્મની તા'ઝીમના કારણે ઈલ્મો ફનના પ્રત્યેક વિભાગમાં મુસલમાનોએ ઉચ્ચતા મેળવી.

શૈક્ષણિક સ્તર પર મુસલમાનોની અગ્રિમતાનો ખાત્મો કરવા ગૈર ધર્મીઓએ કાવત્રા ઘડયાં જેના અનુસાર મુસલમાનોને શિક્ષણથી વંચિત રાખવા અને અજ્ઞાનતાને અધિકથી અધિક ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. અંગ્રેજ જાસૂસ હમ્ફે આ કાવત્રાને ઉઘાડુ કરતાં લખે છે : "મુસ્લિમોને અભણ અને અજ્ઞાન રાખવા, કોઈ શૈક્ષણિક કેન્દ્રની સ્થાપ્નાના પ્રયાસોને નિષ્ફળ કરી દેવા પ્રકાશન તથા છાપકામ પર પ્રતિબંધ લગાડવા અને જરૂરત પડતાં જાહેર (પબ્લિક) લાઈબ્રેરીઓને સળગાવી દેવી. બાળ કોને ધાર્મિક મદ્રસાઓમાં જતાં અટકાવવા માટે ઓલમા અને ધાર્મિક સંસ્થાઓ પર આક્ષેપ લગાડવા."

ઈસ્લામી નિઝામે તા'લીમ (શિક્ષણ વ્યવસ્થા) વિરૂધ્ધ ઈસ્લામ દુશ્મન સંગઠનોનું દષ્ટાંત હમ્ફેના કથન અનુસાર એ પણ હતું કે, "ઈસ્લામી તા'લીમ આંતર રાષ્ટ્રિય હોવાના મસ્અલાને મજબૂત દલીલ વડે રદ કરવામાં આવે અને બતાવવામાં આવે કે ઈસ્લામ દીને હિદાયત નથી બલ્કે તેનો સંબંધ માત્ર એક વંશ અને જાતિથી છે." વાસ્તવમાં આ ઈસ્લામની વિ□વ્યાપકતાને ખત્મ કરવાની સાઝિશ હતી જે કામ્યાબ ન થઈ શકી અને હક્કની તલાશમાં પ્રવૃત્ત તબિયતો ઈસ્લામ તરફ આકર્ષિત થતી રહી.

જેઓ ઈસ્લામ તરફ આકર્ષાય છે તેમના ઈસ્લામ સ્વીકારનું કારણ ઈલ્મી અભ્યાસ હોય છે. તેઓ ઈલ્મની બુન્યાદ પર ઈસ્લામની તા'લીમાત, અકીદાઓ અને ફિક્રો નઝરથી (વિચારધારાઓથી) વાકેફ થાય છે. અભ્યાસના કારણે ઈસ્લામના સત્યને સ્વીકાર કરનારાઓમાં બ્રિટનના અંગ્રેજ મુસ્લિમ ડોકટર મુહમ્મદ હારૂન પોતાની કિતાબ **Why I accepted Islam** માં લખે છે : "મને સંપૂર્ણ સત્યતાની સાથે વિ□ાસ છે કે ઈસ્લામ કેટલાયે માયૂસ લોકોની ઉમ્મીદ છે, મને વિ□ાસ છે કે ઈસ્લામ આવા લોકોનું ભવિષ્ય બનાવવામાં સફળ થઈ શકે છે. અને મારા ઈસ્લામ સ્વીકારનું આ ઈલ્મી કારણ છે કે મારા જ્ઞાનના અભ્યાસે આ દિશામાં મારું માર્ગદર્શન કર્યું."

જ્ઞાનને ઈસ્લામના પવિત્ર દષ્ટાંતથી જોવામાં આવે અને તેનું અનુસરણ કરવામાં આવે તો દુનિયા પ્રેમ, ભાઈચારા, અમ્નો શાંતિ અને અખ્લાક તથા મુરવ્વતથી સુશોભિત થઈ જશે. સંસ્કૃતિની બગડેલી સ્થિતિ સુધારી શકાશે. ઈસ્લામી તા'લીમાતનો પ્રકાશ મોર્ડન યુગના એજ્યુકેટેડ લોકોની ઈસ્લામ વિરૂધ્ધ અજ્ઞાનતાનો ખાત્મો કરી શકશે.

*–(કન્ઝુલ ઈમાન માસિકના સૌજન્યથી)*

# "ફાતિહા" કુર્આન તથા હદીષની રોશનીમાં

**અઝ : મુહમ્મદ ઈમરાન દાઊદ પટેલ ઝંઘારવી** *(મુતઅલ્લિમ જામિઆ ગૌષિયા, બાંદરા, મુંબઈ)*

ઈસાલે સવાબ એક દુઆ છે જેને લોકોમાં ફાતિહા તરીકે પણ ઓળખવામાં આવે છે જેમાં કંઈક ખાણુ અથવા મીઠી ચીજ અથવા ફ્રુટ વગેરે સામે રાખી **અલ્હમ્દુ શરીફ** અને બીજી કેટલીક આયતો પઢી અલ્લાહ તઆલાથી દુઆ કરવામાં આવે છે કે અય અલ્લાહ ! અમે જે કંઈક તિલાવત કરી છે અને આ જે ખાણું અમારી સમક્ષ રાખ્યું છે તેનો તથા તિલાવતનો સવાબ ફલાણાને પહોંચે, ફાતિહા વિશે કેટલાક ઈમામોનાં કથનો અને કુર્આનો હદીષથી સબૂત પેશ કરીએ તે પહેલાં એ જાણવું જરૂરી છે કે ઈબાદત ત્રણ પ્રકારની છે : (૧) **બદની ઈબાદત** (૨) **માલી ઈબાદત** (૩) **મુરક્કબ (સંયુક્ત) ઈબાદત**

**બદની ઈબાદત** કે જે જિસ્મ તથા જાન દ્વારા કરવામાં આવે છે. દા.ત. નમાઝ, રોઝા વગેરે અને જે ઈબાદત માલ દ્વારા કરવામાં આવે છે તેને **માલી ઈબાદત** કહેવામાં આવે છે. દા.ત. ઝકાત, ખૈરાત, સદકા, ફાતિહા વગેરે અને જે ઈબાદત આ બંને તરીકાઓ દ્વારા કરવામાં આવે છે તેને **મુરક્કબ** કહેવામાં આવે છે. દા.ત. હજ્જ જેમાં માલ પણ ખર્ચ થાય છે અને હાથ પગ પણ હરકતમાં આવે છે કોઈ ઈમાનવાળો ઉપરોક્ત તરીકાઓમાંથી કોઈ પણ તરીકા દ્વારા અલ્લાહની ઈબાદત કરે છે અલ્લાહ તેને આ ઈબાદતોનો સવાબ અતા કરે છે. ઉપરોક્ત બતાવેલા તરીકાઓમાં ત્રણ ચીજો વિચાર કરવા લાયક છે : **(૧)** શું ફાતિહા કુર્આન શરીફ, હદીષ શરીફ અથવા ઈમામોના કૌલથી સાબિત છે ? **(૨)** ઈસાલે સવાબ માટે ખાણુ અથવા કોઈક મીઠી વસ્તુ સામે રાખી ફાતિહા પઢવા કેવું છે ? **(૩)** ફાતિહા (ઈસાલે સવાબ) હાથ ઉઠાવી કરવા કેવું છે ?

ઈસાલે સવાબ એક એવો મસ્અલો છે કે જેના પર બધા આલિમો તથા મશાઈખ એકમત છે અને અહલે સુન્નત વ જમાઅતનો અકીદો છે કે ઝિંદાઓના આમાલ મુડદાંઓને ફાયદો પહોંચાડે છે.

અફસોસ કે વર્તમાન યુગમાં મુસલમાનોમાં કેટલાક લોકો ઈસાલે સવાબનો ઈન્કાર કરે છે અને કુર્આનો હદીષ પર ઈમાન ધરાવવાનો દાવો પણ કરે છે એક તરફ કુર્આન તથા હદીષ પર ઈમાન ધરાવવાનો દાવો કરવાવાળો અને બીજી બાજુ ઈસાલે સવાબનો ઈન્કાર કરવાવાળા નીચેના લખાણ પર વિચાર કરે.

હઝરત નૌમાન બિન બશીર رضی اللہ عنہ થી રિવાયત છે કે દુઆ એક ઈબાદત છે. *(અબૂ દાઊદ)* હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે દુઆ ઈબાદતનો મગ્ઝ છે. દુઆ વિશે ઉપરોક્ત હદીષો સિવાય કુર્આને કરીમમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

**وَالَّذِيْنَ جَآءُوْ مِنْۢ بَعْدِهِمْ يَقُوْلُوْنَ رَبَّنَا اغْفِرْ لَنَا وَلِاِخْوَانِنَا الَّذِيْنَ سَبَقُوْنَا بِالْاِيْمَانِ وَلَا تَجْعَلْ فِىْ قُلُوْبِنَا غِلًّا لِّلَّذِيْنَ اٰمَنُوْا رَبَّنَآ اِنَّكَ رَءُوْفٌ رَّحِيْمٌ۔**

*(પા. ૨૮, સૂ. હશ્ર, આ. ૧૦)*

**તર્જુમો : "અને તે જેઓ તેમના પછી આવ્યા અને અર્ઝ કરે છે હે અમારા રબ ! અમને બખ્શી આપ ! અને અમારા ભાઈઓને**

**જે અમારાથી પહેલા ઈમાન લાવ્યા, અને અમારા દિલમાં ઈમાનવાળાઓની તરફથી કીનો ન રાખ. હે અમારા રબ બખ્શ ! તું જ અતિશય મહેરબાન રહમવાળો છે."**

આ આયતે કરીમામાં અલ્લાહ તઆલા મુસલમાનોના દુઆવાળા અમલની તારીફ ફર્માવી રહ્યો છે. તેનાથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે જે મુસલમાન ભાઈ પોતાના મરણ પામેલ મુસલમાન ભાઈ માટે દુઆ કરે છે તે દુઆ અલ્લાહ તઆલાને પસંદ છે. હવે જો અમે એવી માન્યતા રાખીએ કે કોઈ મુડદાને કોઈ મુસલમાન ભાઈ જિંદગીમાં કોઈ ફાયદો પહોંચાડી શક્તો નથી તો આ અકીદો રાખવો કુર્આનના વિરુધ્ધ છે એટલા માટે કે કુર્આનના ફર્માન મુજબ મુડદાંને માટે કરવામાં આવતી દુઆ મુડદાંને ફાયદો પહોંચાડી શકે છે.

શરહે અકાઈદે નસફીયામાં છે કે ઝિંદા લોકો મુડદાંઓ માટે દુઆ કરે અથવા મુડદાં તરફથી સદકો કરે તો તેનાથી મુડદાંઓને ફાયદો પહોંચે છે. તેમ જ હિદાયામાં છે કે દરેક ઈન્સાન માટે જાઈઝ છે કે તે પોતાના આમાલનો સવાબ બીજાને બખ્શી દે, ભલે તે નમાઝ, રોઝા, હજ્જ અથવા ઝકાત હોય. હઝરત ઈમામ સિયૂતી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ વાત પર બધા જ આલિમો એકમત છે કે દુઆ મૈયતને નફો પહોંચાડે છે.

અલ્લાહ તઆલા કુર્આન મજીદમાં હઝરત ઈબ્રાહીમ علیہ السلام ના દુઆ વિશે ફર્માવે છે :–

رَبَّنَا اغْفِرْلِیْ وَلِوَالِدَیَّ وَلِلْمُؤْمِنِیْنَ یَوْمَ یَقُوْمُ الْحِسَابُ۔

*(પા. ૧૩, સૂ. ઈબ્રાહીમ, આ. ૪૧)*

**તર્જુમો : "હે મારા પરવરદિગાર ! મને માફ કરી દે અને મારા માં બાપને, બધા મુસલમાનોને જે દિવસે કે હિસાબ લેવામાં આવશે."**

ઉપરોક્ત દલીલોથી સાબિત થયું કે દુઆ ઈબાદત છે અને ઈબાદતથી મુડદા વાલિદૈનને જરૂર ફાયદો પહોંચે છે. અને જો એ વાત સ્વીકારી લઈએ કે મુડદાને બીજા કોઈની દુઆથી કોઈ ફાયદો પહોંચી શક્તો નથી તો એ કુર્આનના અકીદાની વિરુધ્ધ થશે અને એ વાત સાબિત થશે કે કુર્આનમાં બેકાર કામનો ઝિક્ર કરવામાં આવ્યો છે. (મઆઝલ્લાહ !) નબીનું દુઆ કરવું જો બકાર હોય તો બેકાર વસ્તુ કુર્આનમાં શા માટે ?!

કુર્આને કરીમમાં બીજી જગ્યાએ અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે કે :–

اَلَّذِیْنَ یَحْمِلُوْنَ الْعَرْشَ وَمَنْ حَوْلَهٗ یُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ وَیُؤْمِنُوْنَ بِهٖ وَیَسْتَغْفِرُوْنَ لِلَّذِیْنَ اٰمَنُوْا ۚ رَبَّنَا وَسِعْتَ كُلَّ شَیْءٍ رَّحْمَةً وَّعِلْمًا فَاغْفِرْ لِلَّذِیْنَ تَابُوْا وَاتَّبَعُوْا سَبِیْلَكَ وَقِهِمْ عَذَابَ الْجَحِیْمِ۔

*(પા.–૨૪, સૂ. મુઅ્મિન, આ. ૭)*

**તર્જુમો : "તે જેઓ અર્શ ઉઠાવે છે અને જે તેમની આસપાસ છે પોતાના રબની પ્રશંસાની સાથે તેની પાકી બોલે અને તેના પર ઈમાન લાવે અને મુસલમાનોની મગફેરત માંગે છે. હે અમારા રબ ! તારી રહમત તથા ઈલ્મમાં દરેક ચીજનો સમાવેશ છે, તું એમને બખ્શી આપ જેમણે તૌબા કરી અને તારા માર્ગે ચાલ્યા અને તેમને દોઝખના અઝાબથી બચાવી લે."**

જો તેઓની દુઆથી મો'મિનોને ફાયદો નથી પહોંચતો તો ખુદા પાક તેમની દુઆનો ઝિક્ર કુર્આનમાં શા માટે કરતો ? અને જો ફરિશ્તાઓના આ કામથી કોઈ નફો નથી પહોંચતો તો ખુદા તઆલાએ તેઓને શા માટે આ કામ માટે મુકરર્ર કર્યા ? તો સાબિત થયું કે એકની ઈબાદતનો ફાયદો (સવાબ) બેશક ! બીજાને પહોંચે છે.

હદીષ શરીફમાં હુઝૂર علیہ السلام એ ફર્માવ્યું કે કબ્રમાં મુડદાની સ્થિતિ ડૂબેલા ફરિયાદીની માફક હોય છે. તે ઈન્તેજાર કરે છે કે તેના માં બાપ, ભાઈ અથવા દોસ્ત તેને પોતાની દુઆ પહોંચાડે અને જ્યારે

તેને કોઈ દુઆ પહોંચે છે તો તે દુઆ તેને સૌથી પ્યારી હોય છે. અને યકીનન ! અલ્લાહ તઆલા જમીનવાળાઓની દુઆથી કબ્રવાળાઓને પહાડોની માફક રહમત અતા ફર્માવે છે અને મડદા માટે ઝિંદાનો તોહફો એ જ છે કે તે મુડદા માટે બખ્શિશની દુઆ કરે.

હદીષ શરીફમાં ઈર્શાદે નબવી છે કે જેનાથી થઈ શકે ત્યાં સુધી તે પોતાના મુસલમાન ભાઈને ફાયદો પહોંચાડે. હવે અહીંયા એક સવાલ પેદા થાય છે કે ઝિંદા મુસલમાન બીજા ઝિંદા મુસલમાનને ફાયદો પહોંચાડી શકે છે, પરંતુ ઝિંદા મુસલમાન ભાઈ મુડદા મુસલમાનને કેવી રીતે ફાયદો પહોંચાડી શકે કે જેની રૂહ તથા જિસ્મનો સંબંધ ખત્મ થઈ ગયો હોય પરંતુ તેનો દીની રૂહાની સંબંધ કદાપી ખત્મ થઈ શક્તો નથી. સરકારે દો આલમ علیہ الصلوٰۃ والتسلیم એ ફર્માવ્યું કે જે શખ્સ અગ્યાર વખતે દુરૂદ શરીફ પઢી તેનો સવાબ મુડદાની રૂહને પહોંચાડશે તો તેને જરૂર સવાબ મળશે. *(દુર્રે મુખ્તાર)*

એક વખત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં બે સીંગોવાળા ઘેટા આવ્યા. બંને ઘેટા કાબરચીતરા તથા ખસ્સી કરેલા હતા. તો આપે પોતાના મુબારક હાથોથી તેને ઝબહ કરી બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, ઈલાહી ! આ એક ઘેટો મારા તરફથી અને બીજો તેના તરફથી જેણે ઉમ્મતમાં કદી કુર્બાની કરી નથી. *(અબૂ દાવૂદ, ઈબ્ને માજહ)*

આથી સાબિત થયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના એક નેક અમલનો સવાબ બીજાને બખ્શયો છે. હઝરત સઅદ رضی اللہ عنہ ની વાલિદાનો ઈન્તેકાલ થયો ત્યારે તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થઈ અર્ઝ કરી, સરકાર ! મારી વાલિદાનો ઈન્તેકાલ થઈ ગયો છે તો ક્યો સદકો અફઝલ છે કે જે હું તેમની રૂહને ઈસાલે સવાબ કરું ? આપે અર્ઝ કરી, પાણી. આથી તેમણે એક કૂવો ખોદયો અને એલાન કર્યું કે આ સઅદની વાલિદા તરફથી છે. *(અબૂ દાવૂદ)* હવે એ વાત વધુ સ્પષ્ટ થઈ ગઈ કે ઝિંદાના ઈસાલે સવાબ એટલે કે ફાતિહા તથા દુઆથી મુડદાને ફાયદો પહોંચે છે.

એક શખ્સે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી દર્યાફ્ત કર્યું કે મારા બાપ જ્યારે ઝિંદા હતા ત્યારે તેમની સાથે હું સારું વર્તન કરતો હતો. હવે જ્યારે કે તેમનો ઈન્તેકાલ થઈ ગયો તો હવે કઈ રીતે હું તેમની સાથે નેકી કરું ત્યારે સરકાર علیہ الصلوٰۃ والتسلیم એ ફર્માવ્યું કે હવે તેઓ સાથે તારે નેકી કરવું એ છે કે તું પોતાની નમાઝની સાથે તેઓના માટે પણ નફ્લી નમાઝ અદા કર અને તારા રોઝાની સાથે તેમના તરફથી પણ નફ્લી રોઝા રાખ.

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે જે માણસ મરી જાય અને તેના જિમ્મે રોઝા બાકી હોય તો તેનો વલી રોઝા રાખે.

બીજી એક હદીષમાં હઝરત અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે એક ઔરતે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરી, મારી માંએ હજ્જની નઝર માની હતી પરંતુ તે હજ્જ કર્યા વગર ઈન્તેકાલ કરી ગઈ તો હવે હું તેમની તરફથી હજ્જ અદા કરી લઉં ? ત્યારે આપે ફર્માવ્યું, તું હજ્જ કરી લે ! અલ્લાહ તઆલા તેમના માટે જહન્નમથી આઝાદી લખી દે છે અને તે હજ્જનો પૂરેપૂરો સવાબ પણ અતા કરે છે. અને ઈસાલે સવાબનો અર્થ એ જ છે કે કુર્આન શરીફ, દુરૂદ શરીફ, કલમએ તૈયબા, નમાઝ, હજ્જ તથા ઝકાત વગેરે દરેક પ્રકારની માલી, બદની અથવા મુરક્કબ ઈબાદતનો સવાબ મુડદાને પહોંચાડવો. અર્થાત નેક નિય્યત કરી નેક અમલને મુડદાના નામથી સંબંધિત કરી દેવું ઈસાલે સવાબ તથા ફાતિહા છે. બધા જ નેક અમલનો સવાબ આ જ રીતે મુડદા સુધી અલ્લાહ તઆલાની રહમતથી પહોંચે છે. અહીંયા એ વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે જો આપણે કોઈ ફર્ઝ ઈબાદતનો સવાબ કોઈ મુડદાને પહોંચાડી દીધો તો હવે અમારી પાસે શું બચ્યું ?! આવો ખ્યાલ કરવો બિલકુલ ગલત છે, મુડદાને તો સવાબ પહોંચે જ છે તેની સાથે સાથે પહોંચાડવાવાળાને પણ તેટલો જ સવાબ મળે છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર علیہ السلام એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ જન્નતમાં એક માણસને ઊંચો મર્તબો અતા કર્યો તો તે માણસ પૂછવા લાગ્યો, અય અલ્લાહ તઆલા ! મારો મર્તબો ઊંચો કઈ રીતે થયો ?! અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે તારો બેટો કે જે તારા માટે દુઆઓ માંગે છે. આ પરથી જણાયું કે કોઈ નેક બંદા માટે જો દુઆઓ કરવામાં આવે તો તેનો મર્તબો ઊંચો થાય છે અને જો ગુનેહગાર માટે દુઆ કરવામાં આવે તો તેની સખ્તી તથા અઝાબમાં કમી થાય છે, ત્યાં સુધી કે તેનો અઝાબ પણ દૂર કરી દેવામાં આવે છે. હવે જે કામ ફિકહની કિતાબો સિવાય કુર્આન તથા હદીષથી પણ સ્પષ્ટ છે તો તે કામ કરાવાવાળાને કોઈ મુશ્રિક તથા બિદઅતી કહે તો આ કુર્આન તથા હદીષના અકીદાની વિરુધ્ધ નથી તો પછી શું છે ?!!

હમને જો ફાતિહા દિલાયા તો બુરા માન ગયે
રબ્બે સલ્લિમ જો પઢાયા તો બુરા માન ગયે

સરવરે કાયનાત صلی اللہ تعالیٰ علیہ وسلم થી એક શખ્સે દર્યાફ્ત કર્યું કે ઈન્તેકાલ કરી ગયેલી માં તરફથી કંઈક સદકો કરું તો શું તેનો સવાબ તેને પહોંચશે કે નહીં ?! તો આપે ફર્માવ્યું, હા, પહોંચશે ! (મુસ્લિમ) આથી મૈયતના ઈસાલે સવાબ માટે નેક અમલ સિવાય સદકો કરવું પણ જાઈઝ છે ભલે તે પાણી હોય કે ખાણુ. જેમ કે સરકાર દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم મોટા ભાગે હઝરત ખદીજાની રૂહને ખુશ કરવા માટે હઝરત ખદીજા رضی اللہ عنہا ની સહેલીઓમાં ગોશ્ત વગેરેની વહેંચણી કરાવતા હતા.

હવે સવાલ પૈદા થાય છે કે કોઈ મીઠી વસ્તુ સામે રાખી ફાતિહા પઢવા કેવું છે ? જેમ કે ઉપર સ્પષ્ટ કરી ચૂક્યા કે ઈસાલે સવાબ તો દરેક નેક અમલનો કરી શકાય છે પરંતુ પાણી તથા ખાણું એક એવી ચીજ છે કે જેનો સવાબ મુડદાને તો પહોંચે જ છે પરંતુ તેનું પણ ભલુ થાય છે જે તેને ખાય છે. આથી સાબિત થયું કે ખાણુ વગેરેનો સવાબ પહોંચાડવો વધારે બેહતર છે કારણ કે મુડદાના ફાતિહાના ખાણા પર મિસ્કીન તથા ગરીબોનો હક્ક છે કારણ કે જ્યારે કોઈ ભૂખ્યો તથા ગરીબ ખાણું ખાઈને ખુશી તથા સુકૂન હાંસલ કરે છે તો તેની લજ્જતનો સવાબ મુડદાને પહોંચે છે જેનાથી તેના ગુનાહોમાં કમી થાય છે. જેમ કે હદીષ તથા કુર્આનથી સાબિત છે. અને જો કોઈ મુડદા સિવાય કોઈ બુઝુર્ગના ફાતિહાનું ખાણુ હોય તો તેને ગરીબો, મિસ્કીનો સિવાય જે પણ ખાય તેને અલ્લાહવાળાનો રૂહાની ફયૂઝ પહોંચે છે અને તે ખાણું તબર્રુક બની જાય છે તેમજ વલીયુલ્લાહનો મર્તબો પણ વધી જાય છે અને ફાતિહા દેવાવાળાને પણ સવાબ મળે છે એટલા માટે કે જ્યારે આપણે કોઈ બુઝુર્ગના ફાતિહા કરીએ છીએ તો તે બુઝુર્ગ પણ ફાતિહા દેવાવાળાના હક્કમાં દુઆ કરે છે જેનો ફાયદો જરૂર ફાતિહા આપવાવાળાને મળે છે. હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજીર મક્કી પોતાના રિસાલા ફૈસલામાં લખે છે : "પહેલાંના લોકોની આદત હતી કે તેઓ ખાવા પકાવીને મિસ્કીનોને ખવડાવી દેતા અને તે ખાવા પર કોઈના માટે ઈસાલે સવાબની નિય્યત પણ કરી લેતા હતા. નિયાઝ સાથે ઝુબાનથી કહેવું પણ આલિમોએ દુરુસ્ત ઠરાવ્યું છે. જેમ કે હઝરત સઅદ رضی اللہ عنہ એ હુઝૂરના હુકમથી કર્યું કે કૂવા પાસે જઈને માંનું નામ લીધું. જ્યારે કે નમાઝમાં પણ ફક્ત નિય્યત કરી લેવું પરતું છે પરંતુ દિલો દિમાગની હાજરી માટે ઝબાનથી કહી લેવું હદીષની રોશનીમાં જાઈઝ અને મુસ્તહસન છે.

હવે અકાબિરે દેવબંદના પીરો મુર્શિદ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજીર મક્કીને પૂછીએ કે તમે બતાવો નજરો ન્યાઝની શરૂઆત ક્યારથી થઈ ? તો હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજીર મક્કી ફર્માવશે, અય મારા જૂઠા મુરીદો ! જૂઠા અકીદતમંદો ! તથા જૂઠા વકીલો ! (એટલે કે બાનીએ દારુલ ઉલૂમ દેવબંદ, અશરફઅલી થાનવી વગેરે) "નઝરો ન્યાઝનો તરીકો જૂના જમાનાથી ચાલી રહ્યો છે અને આ જમાનામાં લોકો તેનો ઈન્કાર કરે છે." *(શમાઈમે ઈમદાદિયા, પેજ-૭૦)*

ઉપરોક્ત વાતથી સ્પષ્ટ થયું કે આજના યુગમાં લોકો જૂના જમાનાથી ચાલી રહેલા ખત્મે ફાતિહાના મુબારક અમલનો વિરોધ કરી રહ્યા છે અને આ જમાનામાં વિરોધ કરવાવાળાઓ ખરેખર બિદઅતી છે કારણ કે હાજી સાહબે જ ફૈસલો ફર્માવી દીધો કે બિદઅતી કોણ છે ? બિદઅતી તે છે જે ખત્મે ફાતિહાના મુબારક અમલનો ઈન્કાર કરે છે એટલા માટે આ તરીકો આજની પૈદાવાર નથી આ તરીકો તો પૂરાના જમાનાથી ચાલી રહ્યો છે.

હવે ખાણુ સામે રાખીને ફાતિહા પઢવા તો પણ મિશ્કાત શરીફની હદીષથી સાબિત છે કે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમની વાલિદા ઉમ્મે સલીમ رضی اللہ عنہا એ એક વખત પનીર તથા ઘીનો મલીદો બનાવી તેને મોટા થાળમાં રાખી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં પેશ કર્યો. હઝરત અનસ رضی اللہ عنہ ગવાહ છે કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાનો મુબારક હાથ તે મલીદા પર રાખ્યો ત્યારબાદ તે મલીદો હાજરીનને ખવડાવ્યો. તે વખતે લગભગ બસોથી અઢીસો માણસો હાજર હતા તેમ છતાં પણ મલીદો ઓછો ન પડયો. આ હદીષથી સાબિત થયું કે ખાણુ સામે રાખી કંઈક પઢવું રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત છે.

હવે ફાતિહામાં હાથ ઉઠાવી દુઆ કરવું આ કોઈ એવો મસ્અલો નથી જેમાં ઈખ્તેલાફ હોય અને કોણ નથી જાણતું કે ફાતિહા એક દુઆ છે અને નમાઝ સિવાય બધી જ દુઆઓમાં હાથ ઉઠાવવા સુન્નત છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે જંગે તબૂકમાં ઈસ્લામી સૈન્યને ભૂખે ઘણા પરેશાન કર્યા તો ઈસ્લામી ફોજનું બચેલું ખાણુ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં પેશ કર્યું અને કહ્યું કે હુઝૂર અમારી પાસે ફક્ત આટલું જ ખાણુ છે કે જે બધા લશ્કર માટે પૂરતુ નથી તો આપે તે બચેલું ખાણું દસ્તરખાન પર રાખી બરકતની દુઆ ફર્માવી, ત્યાર પછી બધા જ લશ્કરે તે ખાણાને પેટ ભરી ખાધું. આથી ખાણુ સામે રાખીને ફાતિહા પઢવાનો મસ્અલો પણ આ હદીષની રોશનીમાં હલ થઈ ગયો તો હવે એ વાત પણ જાણી લેશો કે ગ્યારહવીં શરીફ, બારહવીં શરીફ, કૂંડાની ન્યાઝ, ત્રીજું, વર્ષી આ બધા ઈસાલે સવાબના જ મુખ્તલિફ નામો છે.

મૈયતમાં ગમ ત્રણ દિવસ સુધી કરવામાં આવે છે અને ત્રીજા દિવસે બધા જ રિશ્તેદાર, દોસ્ત એહબાબ ભેગા મળીને કલમાએ તૈયબા પઢી તેનો સવાબ મૈયતની રૂહને ઈસાલે સવાબ કરે છે. હઝરત તાઊસ رضی اللہ عنہ ફર્માવે છે કે મુડદાંઓ સાત દિવસ સુધી કબ્રમાં આઝમાવવામાં આવે છે જેથી સહાબાએ સાત દિવસ સુધી ગરીબોને ખાણુ ખવડાવતા હતા અને ઈસાલે સવાબ કરતા હતા.

હઝરત શાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મૈયત પછી સાત દિવસ સુધી સદકો કરવો જોઈએ. બુઝુર્ગાને દીન ફર્માવે છે મૈયતને ચાલીસ દિવસો સુધી પોતાના ઘર સાથે ખાસ લગાવ રહે છે જેથી રસૂલે કરીમ علیہ الصلوٰۃ والتسلیم એ ફર્માવ્યું, ''મો'મિન પર ચાલીસ દિવસ સુધી જમીનના ટુકડાઓ જેના પર તે ખુદાની ઈબાદત કરતો હતો અને આસમાનના તે દરવાજા જેનાથી અમલ ચઢતા હતા અને તે જેનાથી મૈયતની રોજી ઉતરતી હતી તે રડે છે, તેથી જ તો બુઝુર્ગાને દીને ચાલીસ દિવસ સુધી ફાતિહા કર્યા અને ખૂદ સરવરે કાયનાત صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત હમ્ઝા رضی اللہ عنہ ની શહાદતના ત્રીજી દિવસે, દસમાં દિવસે તેમજ છઠ્ઠા મહીને અને સાલ (વર્ષ) વીતી ગયા બાદ પણ સદકો કર્યો.

ઉપરોક્ત કુર્આની આયતો તથા અહાદીષે નબવી તેમજ અકવાલે બુઝુર્ગોથી એ હકીકત સ્પષ્ટ થઈ ગઈ કે ફાતિહા કરવા એ અહલે સુન્નત વ જમાઅતનો તરીકો છે ન કે અહલે બિદઅતનો. અંતમાં અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ છે કે અલ્લાહ તઆલા અહલે સુન્નત વ જમાઅતના તરીકા પર ઈસ્તેકામત તથા ફાતિહા દ્વારા મર્હૂમીનને ઈસાલે સવાબ કરવાની તૌફીક અતા ફર્માવે. *(આમીન)* –સંપૂર્ણ

# વ્યાજખોરીની ભયાનકતા !

**કાર્યાલય**

મુસલમાન પોતાના મુસલમાન ભાઈને અમુક રકમ આપે અને તેના બદલામાં એક પાઈ પણ વધારાની લે તો તેને વ્યાજ ગણાશે. દુનિયાના લાલચી કૂતરા બનીને કેટલાક નાદાનો ઈસ્લામના કાનૂનોની અવગણના કરીને ગમે ત્યાંથી હરામ રોજી ઉભી કરીને મનમાં પોતાની હોશિયારી તથા બહાદૂરી પર મલકાતા હોય છે ! જેમ કે કેટલાય મુસલમાન વ્યાજે પૈસા આપી લોકોનું લોહી ચૂસંતા હોય છે જ્યારે કે **"વ્યાજ ઈસ્લામમાં હરામ"** છે, છતાં કુર્આન, હદીષના હુકમોને અવગણીને જે મનમરજીથી વ્યાજ ખાય છે તેમનો શું અંજામ છે તેનો અભ્યાસ કરીએ અને વ્યાજખોરોને વિનંતિ કે તેઓ પણ આ વાતો વાંચીને સબક હાંસલ કરી અને વ્યાજખોરીથી કમાયેલો માલ તેના હક્કદારોને પરત કરીને પછી તૌબા કરી લે એમાં જ બંને જહાનની ભલાઈ છે.

## ★ વ્યાજખોર લોહીના દરિયામાં ! ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આલમે ખ્વાબમાં પોતાના જોયેલા સત્ય પ્રસંગો બયાન કરતાં ઈર્શાદ ફર્માવે છે કે, "અમે એક લોહીના દરિયાના કિનારે પહોંચ્યા જેમાં એક માણસ ઊભો હતો અને એ દરિયાના કિનારા પર એક બીજો માણસ પણ હતો જેની સામે પથ્થરો પડયા હતા. પછી તે માણસ જે દરિયામાં હતો (થાકીને ગભરાઈને) જ્યારે એમાંથી નીકળવાનો પ્રયત્ન કરતો તો કિનારા પર ઊભેલો માણસ એના મોઢા પર પથ્થર મારતો જેથી તે પાછો વળીને ત્યાં ચાલ્યો જતો જ્યાંથી આવ્યો હતો. આમ જ જ્યારે તે નીકળવાનો પ્રયત્ન કરે છે તે પથ્થરથી એના મોઢા પર માર પડે છે અને તે પાછો ફરી જાય છે. *(સહીહુલ બુખારી, જિલ્દ-૧, પેજ-૧૫૮, બાબ : ઔલાદુલ મુશ્રિકીન)*

અંબિયાએ કિરામના ખ્વાબ પ્રસંગોનું ખરેખર પ્રદર્શન હોય છે એઓ તે જ જુએ છે જે બહારની દુનિયામાં મૌજૂદ હોય છે અથવા મૌજૂદ થનારું હોય છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જે જોયું તે જ વ્યાજખોર સાથે થશે. વ્યાજખોર લોહી ચૂંસે છે તો તેને લોહીના દરિયામાં તરવાની સજા થશે અને તે કઠોર હૃદયી કોઈની દયા નથી ખાતો તો તેના પર આ ક્રુરતાપૂર્વક પથ્થરવર્ષા થતી રહેશે ! હવે જેનામાં આ વેઠવાની હિંમત હોય તે વ્યાજની મજા માણે અને આ સજાનો સ્વાદ ત્યાં ચાખતો રહે ! નહીં તો આજે જ તૌબા કરે !

## ★ વ્યાજખોરના અંજામ વિશે હદીષો ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ફર્માવેલી વાત કેટલી સત્ય છે તેના વિશે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે કે, "મને આસ્માનથી જમીન પર ફેંકવામાં આવે તો તે માન્ય છે પણ નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની વાતને અસત્ય નથી કહી શકતો." અને સ્પષ્ટ છે કે નબીનો દરેક કૌલ વહીએ ઈલાહી હોય છે તો ત્યાં જૂઠ ફરકી પણ નથી શકતું. આપે જે કહ્યું તે થઈને જ રહેશે.

તો વ્યાજખોરને મારી લાગણીસભર વિનંતિ છે કે જો અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم પર તારું ઈમાન છે તો દિલના કાનોથી આ હદીષે પાકને સાંભળ અને વ્યાજખોરના ભયાનક અંજામથી ડરી જા ! અને આજે જ તૌબા કરી લે.

## ★ વ્યાજ ખાવું એટલે પેટમાં સાપ ભરવા ! ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે જે રાતે મને સૈર કરાવવામાં આવી ત્યારે હું એવી કૌમની પાસે પહોંચ્યો કે એમનાં પેટો ઘડાઓની જેમ હતાં અને એમાં સાપ ભરેલા હતા ! પેટની બહારથી તે

સાપ જોઈ શકાતા હતા. મેં કહ્યું, અય જિબ્રઈલ ! આ કોણ લોકો છે ? તો જિબ્રઈલ عليه السلام એ જવાબમાં કહ્યું કે, **"આ બધા વ્યાજ ખાનારા છે."** *(મિશ્કાતુલ મસાબીહ, ભાગ-૧, પેજ-૪૬, બાબે રિબા)*

## ★ ૩૬ વાર ઝિનાથીય બુરુ ! ★

હઝરત અબ્દુલ્લાહ બિન હન્ઝલા ગસીલુલ મલાઈકા رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે કે વ્યાજનો એક દિરહમ જેને માણસ જાણી જોઈને પોતાના ઉપયોગમાં લાવે **છત્રીસ વારની ઝિનાકારીથી બુરું** છે. *(મિશ્કાતુલ મસાબીહ, ભાગ-૧, પેજ-૧૪૬)*

## ★ માં સાથે ઝિના બરાબર ગુનોહ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે હુઝૂર તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે વ્યાજ એટલો મોટો ગુનોહ છે કે જો એને સિત્તેર ભાગોમાં વહેંચવામાં આવે તો એનો એક હલ્કામાં હલ્કો ભાગ એના ગુનાહની બરાબર હશે કે **માણસ પોતાની માંની સાથે ઝિના કરે.** *(મિશ્કાતુલ મસાબીહ, ભાગ-૧, પેજ-૧૪૬)*

ઝિનાખોરોનો ભયાનક અંજામ તો કંપાવી દે તેવો છે કે તેમનાં ગુપ્તાંગોએથી આગના ભડકા ઉઠતા હશે...... વગેરે તો વ્યાજખોરનો એથીય ભયાનક અંજામ છે કે કેવળ એક દિરહમ વ્યાજ ખાવા પર છત્રીસવાર ઝિના કરવા કરતાંય મહાન ગુનોહ બને છે !

તેમ જ વ્યાજખોરીનો ગુનોહ સગી માં સાથે ઝિના કરવા સમાન છે. કોઈ ગૈરતમંદ કલ્પના પણ નથી કરી શક્તો કે પોતાની જ માં સાથે ઝિના કરે ! પણ વ્યાજખોરનું નામ એવા ગુનેહગારોની યાદીમાં આવે છે ! હવે તો જરાય ગૈરત શરમ હોય તો વ્યાજખોરે વ્યાજ ખાવાથી તૌબા કરી જ લેવી જોઈએ.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે યકીનન ! લોકો પર એક એવો જમાનો આવશે કે કોઈ વ્યક્તિ વ્યાજખોરીથી ન બચી શકશે અને જો વ્યાજખોરીથી બચી પણ ગયો તો વ્યાજનો ધુમાડો અથવા એની ધૂળ જરૂર એને પહોંચીને જ રહેશે. *(મિશ્કાતુલ્ મસાબીહ, પેજ-૧૪૭)*

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે સાત બરબાદ કરનારી ચીજોથી બચો. સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તે ચીજો કઈ છે ? તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે, અલ્લાહની ઝાતની સાથે કોઈને શરીક કરવું, જાદૂ કરવો, હક્ક વગર કોઈ જાનને કતલ કરવી, વ્યાજ ખાવું, યતીમનો માલ ખાવો, જંગના સમયે દુશ્મનના મુકાબલાથી પીઠ ફેરવીને ભાગી જવું અને મો'મિન, પાક દામન ભોળી ભાળી સ્ત્રીઓને ઝિનાની તોહમત લગાડવી. *(બુખારી વ મુસ્લિમ, બહાવાલા અલ્ મુગની, વ શરહુલ કબીર, ભાગ-૪, પેજ-૧૨૩)*

અલ્લાહ તઆલા આપણને સૌને એ વ્યાજખોરીના ગુનાહથી બચાવે કે એ એટલો મહાન ગુનોહ છે કે રબ તઆલાએ શિર્ક, જાદૂ, ખૂન, યતીમનો માલ ખાવો વગેરે ગુનાહો સાથે તેની ગણના કરી છે. આ પરથી વ્યાજખોરોની આખેરતમાં કેટલી કફોડી સ્થિતિ થશે તે સમજી શકાય છે. તેમજ **વ્યાજ આપનાર પણ મહાન ગુનેહગાર** છે, કેમ કે ગુનાહના કામમાં સબબ બનવું પણ ગુનોહ છે. મૌલા તઆલા દરેકને નેક સમજ આપે અને તૌબાની તૌફીક આપે. *(આમીન)*

**જરૂરી નોંધ** : હિંદુસ્તાનની બેંકોમાં તેમજ અન્ય ગૈર કૌમોની બેંકોમાં નાણા રોકવાથી જે રકમ ઈન્ટરેસ્ટ રૂપે મળે છે તે વ્યાજમાં દાખલ નથી. એ આપણા માટે નફો છે. એ વ્યાજના હુકમમાં આવશે નહીં. તેમજ ઈન્કમટેક્ષથી બચવા બેંકની લોન લેવામાં આવે તે પણ મુબાહ છે. એની વિગતવાર ચર્ચા માટે કિતાબ **"ઈસ્લામ અને અર્વાચીન બેંક કારોબાર"** કિતાબ કાર્યાલયના સરનામે દયાદરા પોસ્ટ કાર્ડ લખીને મંગાવી શકશો જેથી ઘણી ગલતફહમીઓનો અંત આવશે. (ઈન્શાઅલ્લાહ !)

# ઔરતોની હિકાયતો

✪ લેખક ✪

મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર

✪ અનુવાદક ✪

આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ)

## ★ વાહિલા અને વાઈકા ★

**હિકાયત ૩** : વાહિલા હઝરત નૂહ عليه السلام ની પત્નીનું નામ છે. અને વાઈકા લૂત عليه السلام ની પત્નીનું નામ છે. આ બંનેવ કાફિરા હતી તે છતાં કે આ બંનેવ બે નબીઓની પત્નીઓ હતી. પણ બંનેવ પોતાના મુકદ્દસ શોહરોની વિરૂધ્ધ અને કાફિરોનો સાથ દેવાવાળી હતી. વાહિલા પોતાની કૌમને હઝરત નૂહ عليه السلام ના બારામાં કહેતી હતી કે તે પાગલ થઈ ગયા છે. (મઆઝલ્લાહ !) અને વાઈકા હઝરત લૂત عليه السلام ની વિરૂધ્ધ જાસૂસી કરીને (ભેદ જાણીને) કાફિરોને ખબર બતાવ્યા કરતી હતી. તેથી ખુદા તઆલાને એઓની આ આદત પસંદ ન આવી અને એમનું જહન્નમી હોવાનું એ'લાન ફર્માવી દીધું. જેમ કે કુર્આન પાકમાં છે :–

**તર્જુમો** : "અલ્લાહ કાફિરોનું ઉદાહરણ આપે છે. નૂહ عليه السلام ની પત્ની અને લૂત عليه السلام ની પત્ની તે અમારા બે નેક બંદાઓના નિકાહમાં હતી. પણ તેણીઓએ તેમનાથી દગો (એટલે કે કુફ્ર અપનાવ્યું) તો તેઓ અલ્લાહની સામે તેણીઓને કાંઈ કામ ન આવ્યા અને ફર્માવી દેવામાં આવ્યું કે તમે બંને સ્ત્રીઓ જહન્નમમાં જાવ ! જનારાઓની સાથે." *(પારા–૨૮, રુકૂઅ–૨૦)*

જ્યારે કે આ બંનેવ કાફિરા ઔરતો આ દુનિયામાં કાફિરોની સંગાથેહલાક થઈ ગઈ. નૂહ عليه السلام ની પત્ની તોફાનમાં ગર્ક થઈ ગઈ અને લૂત عليه السلام ની પત્ની પણ તે અઝાબમાં સપડાઈને હલાક થઈ ગઈ. (જે અઝાબ) તે કૌમ પર આવ્યો. આ તો દુનિયામાં સજા થઈ, અને કયામતમાં જહન્નમીઓ સાથે જહન્નમમાં ફેંકી દેવામાં આવશે.

**બોધ** : ઈમાન અને નેક અમલ દરેક શખ્સ માટે જરૂરી છે, ચાહે તે કોઈ પૈગંબરનો કેટલો મોટો ખાસ દોસ્ત અને પ્યારો પણ કેમ ન હોય ? કુફ્ર અને બદ્અમલ અગર પૈગંબરની બીવી કે પછી બીજો કોઈ રિશ્તેદાર પણ ઈખ્તેયાર કરશે તો તેની સજા જરૂર જરૂર મળશે. એટલા માટે ખુદા તઆલાએ આપણા હુઝૂર صلى الله تعالى عليه وسلم ને પણ ફર્માવ્યું કે :–

**તર્જુમો** : "હે મહબૂબ ! તમારા નિકટવર્તી સગાં સંબંધીઓને ડરાવો !" *(પારા–૧૯, રુકૂઅ–૧૫)*

જણાયું કે અંબિયાએ કિરામ عليهم السلام અને ઔલિયાએ કિરામની ઔલાદ અને તેમના બીજા રિશ્તેદારો માટે પણ **ઈમાન** અને **નેક અમલ** જરૂરી છે. આ લોકો નિકટતાના અભિમાનમાં અલ્લાહ અને રસૂલ صلى الله تعالى عليه وسلم ની પયરવીથી બગાવત હરગિઝ ન કરે. ખુશ અકીદા (સુન્ની) **સૈયદ હઝરાત આપણા સરના તાજ** અને આંખોના નૂર છે પણ એ માન્યતા ખોટી છે કે જે સાહબ સૈયદ હોય તે ગમે તે કરતા ફરે, નમાઝ ન પઢે, રોઝા ન રાખે, દાઢી મૂંડાવે, શરાબ પીએ તો તેમને માટે કોઈ જ વાંધો નથી ! બલ્કે તેમણે પણ હુઝૂર صلى الله تعالى عليه وسلم ની પૈરવી કરવી પડશે. હુઝૂર صلى الله تعالى عليه وسلم ની પૈરવી અગર ગૈર સૈયદ (જે સૈયદ ન હોય) માટે લા'ઝિમ છે તો સૈયદ માટે પણ લાઝિમ બલ્કે બેહદ જરૂરી છે. રેલગાડીમાં થર્ડ કલાસના ડબ્બાને અગર લાહોરથી કરાચી પહોંચવા માટે એંજિનની પાછળ લાગવું અને રેલ્વે લાઈન પર ચાલવું જરૂરી છે. જો ગૈર સૈયદને હુઝૂર صلى الله تعالى عليه وسلم ની પાછળ લાગીને એમની પૈરવી કરવી અને શરઈ લાઈન પર ચાલવું જરૂરી છે. તેવી જ રીતે સૈયદને પણ હુઝૂર صلى الله تعالى عليه وسلم ની પાછળ લાગીને એમની પૈરવી કરવી અને શરઈ લાઈન પર ચાલવું જરૂરી છે તો જેવી રીતે ફર્સ્ટ કલાસનો ડબ્બો એંજિનની પાછળ નહીં લાગશે તો લાહોરમાં સ્ટેશન પર જ ઉભો રહી જશે અને કરાચી હરગિઝ પહોંચી શકશે નહીં, એ જ રીતે સૈયદ સાહબ પણ અગર હુઝૂર صلى الله تعالى عليه وسلم ની પાછળ નહીં ચાલશે તો પોતે રાહે રાસ્ત પર કેમ કરીને રહી શકશે ? અન્યને માર્ગ કેમ કરીને બતાવી શકશે ?

એટલા જ માટે ડો. ઈકબાલે લખ્યું છે :–

यूं तो सैयद भी हो मिर्ज़ा भी हो अफ़ग़ान भी हो
तुम सभी कुछ हो बताओ तो मुसलमान भी हो !

અહીંયા બીજો પણ એક મસ્અલો સમજી લો કે બની શકે છે કોઈ પૈગંબરની પત્ની કાફિર થઈ જાય પણ એ નથી બની શક્તું કે કોઈ પયગંબરની પત્ની બદ્કાર હોય. "ફખાનતા હુમા"માં જે ખયાનતનો ઉલ્લેખ છે તે ઈમાનમાં ખયાનત છે જે તે બંનેવ પત્નીઓએ કરી. કિરદારની ખયાનત એટલે કે ઝિનાકારી મુરાદ નથી, કેમ કે હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله تعالى عنهما થકી મરવી છે કે કોઈ નબીની પત્ની બદ્કાર નથી હોતી. *–ક્રમશઃ*

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ એક જરૂરી એલાન ★

ડિસેમ્બર-૨૦૦૪ નો **"બરકાતે ખ્વાજા"** અંક **"ઈસ્લામ અને સ્ત્રી વિશેષાંક"** રૂપે બહાર પડશે. ઈન્શાઅલ્લાહ !

## ★ દારૂલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ થામમાં વાર્ષિક જલસો ★

તા. ૨૬-૯-૦૪ ના રોજ સવારે નવ વાગ્યે હઝરત સૈયદ મુશ્તાક અલીબાવા કલ્લાવાળાની સદારતમાં તથા અન્ય સાદાત તથા ઉલમાની હાજરીમાં હાફેઝ-૩, ઈમામ-૪, મોલ્વી-૨ ની દસ્તારબંદી કરવામાં આવી છેવટમાં હઝરત સૈયદ સલીમબાવા બેડીવાળાએ ઈમાન અફરોઝ તકરીર કરી હતી. ઝહોરબાદ ૧૬-ફાઝિલા, ૫૫-આલિમાને સનદ વ રિદા આલિમા ફરહાના આપા હલદરવીના હાથે આપવામાં આવી ત્યારબાદ આપે બયાન કર્યુ હતું. પ્રોગ્રામો શાનો શૌકતથી પૂર્ણ થયા હતા.

## ★ મસ્જિદે ગૌષિયા નેત્રંગની ઈફતેતાહ ★

**નેત્રંગ :** (તા. વાલિયા) મુકામે નવી તામીર થયેલ મસ્જિદે ગૌષિયાની ઈફતેતાહ હઝરત સૈયદ મુશ્તાકઅલી બાવા (કલ્લા શરીફવાળા)ના મુબારક હસ્તે જુમ્આ તા. ૨૪-૯-૦૪ ના રોજ જુમ્આની નમાઝથી કરવામાં આવી. ઉમંગભેર સુન્ની હઝરાત ગામ તથા આસપાસથી આવ્યા. મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામીના કાફલા સાથે જનાબ હાફેઝ અ. રહીમ ભોલાવવાળા સાહબ આવ્યા હતા તથા ઈમાન અફરોઝ બયાન કર્યુ હતું. તેમજ અંતમાં સૌ સહાયકોના હક્કમાં દુઆ કરવામાં આવી હતી.

## ★ મસ્જિદે ગૌષિયા-ભરૂચની ઈફતેતાહ ★

**ભરૂચ :** સાબેના પાર્ક, સંતોષી વસાહત પાછળ, સબ જેલ પાસે-ભરૂચ મુકામે ગૌષિયા કમિટી-ભરૂચ થકી નવી "મસ્જિદે ગૌષિયા" ખુશ અકીદા સુન્ની મુસલમાનોએ તા'મીર કરી જેની ઈફતેતાહ હઝરત સૈયદ નઝીરબાવા મછાસરાવાલા સાહબના મુબારક હસ્તે કરવામાં આવી. બુલબુલે બાગે મદીના મુબલ્લિગે "સુન્ની દા'વતે ઈસ્લામી" જનાબ કારી રિઝવાન સાહબ મુંબઈએ પણ તશરીફ લાવી નઅતે પાકના તારાનાંઓની ધૂમ સાથે ઈમાન તથા અમલની ઈસ્લાહ પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. અસરની નમાઝ બાદ બાદશાહી મસ્જિદ ચાર રસ્તા-ભરૂચ ખાતે પણ શાનદાર નઅતિયા પ્રોગ્રામ થયો હતો.

## ★ મદ્રસા બરકાતે ખ્વાજા-આમોદમાં દસ્તારબંદીનો પ્રથમ જલ્સો યોજાયો ★

**આમોદ : મદ્રસા બરકાતે ખ્વાજા**, ઠે. ચાર રસ્તા, મુ. તા. આમોદ (જિ. ભરૂચ) ખાતે ચાલતા હિફઝ કલાસમાં બે તલબા હાફેઝ થતાં તા. ૨૬-૯-૨૦૦૪ ના રોજ ઝહોર બાદ શેરે સૌરાષ્ટ્ર હઝરત સૈયદ સલીમબાવા બેડીવાળા (જામનગર)ના મુબારક હસ્તે મસ્જિદે રઝામાં દસ્તારબંદી કરવામાં આવી ત્યારબાદ **હઝરત મૌલાના સૈયદ સલીમબાવા સાહબે** ઈમાન અફરોઝ બયાન કર્યું હતું બાદ સલાતો સલામ દુઆ કરી હતી. **જનાબ હાફેઝ ઉસ્માન ફટકીયા સાંસરોદ**ના પુત્ર અકીલના હાફેઝ થવાની ખુશીમાં તેમના તરફથી હાજરીનને ન્યાઝ જમાડવામાં આવી હતી.

## ★ ધ્રોલમાં ઈલ્મના અન્વારની વર્ષા !★

ઘણી જ ખુશી સાથે જણાવવાનું કે (ધ્રોલ, જિ. જામનગર) અમીને શરીઅત એજ્યુ. ટ્રસ્ટ ધ્રોલ સંચાલિત **"ફિકહી સેમિનાર"** તા. ૧, ૨, ૩, ઓક્ટો.-૦૪ દા.ઉ. અન્વારે મુસ્તફા રઝા-ધ્રોલ ખાતે

**ગુજરાતમાં પ્રથમવાર** યોજાયો જેમાં અહલે સુન્નતના મુબારકપુર તથા યુ.પી.ના મહાન મહાન મુફ્તીઓ તશરીફ લાવી દીની સમસ્યાઓના ઉકેલની ચર્ચા કરી સર્વાનુમતે અમુક ફેંસલા લાવ્યા. તેમજ ૩–ઓક્ટોબરના રોજ ઝહોરથી ઈશા સુધી ઔરતોનો ઈજતેમા થયો જેમાં આલિમા તેમજ સુન્ની દા'વતે ઈસ્લામીની મુબલ્લિગા બહેનોએ હાજરી આપી જ્યાં બયાનો કર્યા, ખત્મે બુખારીનો તથા આલિમા ફાઝિલા થનાર બહેનોને રિદા અર્પણ કરવાનો પ્રોગ્રામ થયો તેમજ લાલપુર તથા ધ્રોલના છોકરાઓના દારુલ ઉલૂમોમાં ફારિગ થનારની દસ્તારબંદીના જલસા અનુક્રમે ૩ તથા ૪ ઓકટોબર ઈશા બાદ શાનો શૌકતથી થયો. *(મુબારકબાદ ! –તંત્રી : બરકાતે ખ્વાજા)*

**નોબાર** : તા. જંબુસર ખાતે હઝરત પીર સૈયદ મુશ્તાક અલીબાવા કલ્લાવાળાના મુબારક હસ્તે મદ્રસાએ અહમદિયાની સંગે બુન્યાદ તા. ૫–૧૦–૦૪ ના રોજ રાખવામાં આવી તેમજ હઝરત દાદાપીર બાવાનો ઉર્સ પણ શાનો શૌકતથી મનાવવામાં આવ્યો.

**ધોરાજી** : દા.ઉ. મિસ્કિનિયા ધોરાજી ખાતે જશ્ને દસ્તારે ફઝીલતનો શાનદાર પ્રોગ્રામ થયો જેમાં અમીરે અહલે સુન્નતના નવાસા મૌલાના મુઝફ્ફર રઝા હાજી વલીમિયાં બાપુ પટેલની દસ્તારે ફઝીલત તા. ૨૮–૯–૨૦૦૪ ના રોજ ઉલમા તથા મશાઈખના મુબારક હસ્તે કરવામાં આવી એ પ્રસંગે જનાબ કારી રિઝવાન સાહબ–મુંબઈ તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર રઝવી સાહબે હાજરી આપી નઅત તથા બયાન કર્યા હતાં.

**પોરબંદર** : દા.ઉ. ગૌષે આ'ઝમનો જશ્ને દસ્તારે ફઝીલતનો શાનદાર પ્રોગ્રામ તા. ૨૩–૯–૨૦૦૪ ના રોજ હઝરત અશ્રફમિયાં સાહબ મારહરવી બરકાતીની સદારતમાં રફીકે મિલ્લત હઝરત સૈયદ નજીબ હૈદર સાહબ આઝમી સાહબ વગેરેના બયાનો થયાં હતાં.

**વડોદરા** : દા.ઉ આ'લા હઝરત (બાવામાન પુરા)નો દસ્તારે હિફઝનો જલ્સો હઝરત સૈયદ સલીમુલ્લાહબાવા રિફાઈ (સૂરત)ની સરપરસ્તીમાં હઝરત મોઈને મિલ્લત સૈયદ મુઈદ્દીનબાવા સાહબની સદારતમાં તા. ૨૧–૯–૦૪ ના રોજ થયો જેમાં હઝરત અલ્લામા અ. અત્તાર હમદાણી સાહબે (પોરબંદરવાળા) ઈમાન અફરોઝ તકરીર કરી હતી.

**ઉમલ્લા** : (તા. ઝઘડિયા) ખાતે મદ્રસાએ નૂરુલ ઈસ્લામનો ઈનામી જલસો તા. ૧૨–૯–૦૪ ના શબે બરાતની પવિત્ર રાત્રે યોજાયો જેમાં જનાબ હાફિઝ રિયાઝુદ્દીને તિલાવતે કલામે પાક પઢી, એનાઉન્સિંગ મૌલાના યાસીન અશરફી દહેગામીએ કર્યું. બાળકોના મુકાલેમા થયા, ઈનામ સુલ્તાન ખત્રી તથા ફખ્રુદ્દીન શેખ તરફથી અપાયાં, છેવટે જનાબ મૌલાના યાકૂબ અશરફી (મુદર્રિસ દા.ઉ. ગુલશને અજમેર–ભરૂચ)એ ઈલ્મે દીન પર ઈમાન અફરોઝ તકરીર કરી, જલસો ખૂબ જ કામયાબ રહ્યો. *(–મુહમ્મદ બિલાલ ખત્રી)*

**નવસારી** : દા.ઉ. અન્વારે રઝાનો દસ્તારબંદીનો ખૂબ જ શાનદાર જલ્સો થયો જેમાં મુફતી હઝરત મુજીબ અશરફ સાહબની સદારતમાં જનાબ કારી રઝીયુલ્લાહ ચતુર્વેદી ઉપરાંત હઝરત સૈયદ સલીમબાવા બેડીવાળા ઉપરાંત અન્ય ઉલમાનાં બયાનો થયાં તેમજ હઝરત કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)નાં નઅતે પાકના તરાનાઓએ જલ્સાને ચાર ચાંદ લગાડી દીધા હતા. ૧૨–હાફેઝ, ૫–ઈમામ, ૧૨–કારીઓને સનદ આપવામાં આવી. જલ્સો ખૂબ જ કામ્યાબ રહ્યો.

## ★ ફયૂઝાને આ'લા હઝરત કમિટી–નસવાડીને સહાય કરો ! ★

**નસવાડી** : (જિ. વડોદરા) મુકામે આ કમિટી થકી એક સખીના ફ્રી વાપરવા આપેલા મકાનમાં છેલ્લા એક વર્ષથી મદ્રસો ચાલે છે. હવે "મસ્જિદે રઝા"ની જમીનનો સોદો રૂા. ૨,૬૦,૦૦૦/– માં થયો, રૂા. ૬૦,૦૦૦/– બાના પેટે ચૂકવી જગાનો કબજો લીધો છે ને હાલ છાપરૂ ઠોકી રમઝાનમાં નમાઝ શરૂ કરી દીધી છે. તો અહીં મદ્રસો–મસ્જિદ બાંધવા માટે આશરે રૂા. ૧૦ લાખની જરૂરત છે. વસ્તી ગરીબ છે તો સખી દાતાઓ કાંઈક આ અંદરના વિસ્તાર પ્રતિ ધ્યાન કરશે એવી અપીલ છે. *–લિ. **પ્રમુખ** : મુહમ્મદ રફીક ઈબ્રાહીમભાઈ મેમણ, ઠે. મેમન સ્ટીલ ટ્રેડર્સ, નસવાડી*

## ★ મોનાપાર્ક ભરૂચમાં મસ્જિદ બનાવી આપો ! ★

**ભરૂચ** : મોના પાર્ક (જંબુસર બાયપાસ ચોકડી) ખાતે ગુલશને મદીના મસ્જિદ મદ્રસા ટ્રસ્ટ થકી મસ્જિદ બાંધકામની જગા નક્કી થઈ ચૂકી છે. ૩૨૫ મકાનોની વસ્તી છે તો સખી દાતાઓને વિનંતિ કે મસ્જિદ બનાવવા સહાય કરશો તેમજ હાલ કામચલાઉ એક મકાનમાં મદ્રસો ચાલે છે જેના નિભાવ માટે પણ લિલ્લાહ, ઝકાત, સદકા વગેરેથી રમઝાનમાં સહાય કરવા અપીલ છે.

## ★ હુસૈની કમિટી જંબુસરને મદદ કરો ! ★

**જંબુસર** : ખાતે કૌમે મુસ્લિમને માટે ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક તથા આર્થિક ઉન્નતિનાં કામોમાં પ્રવૃત્ત હુસૈની કમિટી–જંબુસરને રમઝાનમાં ભૂલશો નહીં. લિલ્લાહ, ઝકાત જે રીતે બને સહાય કરશો.

**સંપર્ક સરનામુ** : હુસૈની કમિટી, જુમ્આ મસ્જિદ, મુ. જંબુસર, જિ. ભરૂચ, પિન : ૩૯૨ ૧૫૦ (મોબાઈલ : ૯૮૨૪૫૫૩૫૦૫)

## ★ એકટોડલા મસ્જિદ જંબુસરને સહાય કરો ★

**જંબુસર** : ખાતે જણાવેલ મસ્જિદનું બાંધકામ કરવાનું છે, ગરીબ વસ્તી છે અને ૧૫ લાખ રૂા.નો ખર્ચ છે તો ખુદાનું ઘર બનાવી જન્નત કમાવા માટે અપીલ છે. સંપર્ક કરો : સલીમભાઈ મુર્તુઝાભાઈ શેખ, ઠે. પઠાણ ભાગોળ, જંબુસર–૩૯૨ ૧૫૦, જિ. ભરૂચ

## ★ એમના અમો આભારી છીએ! ★

**જનાબ હાજી આદમભાઈ ઘંટીવાળા નબીપુરી (પ્રેસ્ટન)** થકી ઘણી મસ્જિદોના બાંધકામમાં સહકાર મળે છે કે આપ નિઃસ્વાર્થ મહેનત કરી ચંદો કરીને યોગ્ય ઠેકાણે સહાય મોકલે છે જેમ કે કુળી ગામ (તા. બાલાશીનોર) જ્યાં કોમી તોફાનોમાં મસ્જિદને નુકસાન થયેલ, શીનોર ગામની જુમ્આ મસ્જિદના બાંધકામમાં તેમજ વસીલા સોસાયટી (ભરૂચ) વગેરેમાં સહાય મોકલી છે તો સખીદાતા આપને સહકાર કરે એવી અપીલ છે. **–લિ. પટેલ શબ્બીર અલી રઝવી** (પ્રમુખ : ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા)

## ★ "બરકાતે ખ્વાજા" અંક કેવો લાગ્યો ?! ★

અસ્સલામુ અલૈકુમ, જનાબ શબ્બીરભાઈ રઝવી આપનું આ દીની કામ મને તથા મારા મિત્ર વર્તુળને ઘણુ જ ગમ્યું. અને તેમાં પણ ઈસ્લાહને લગતા લેખો જેવાં કે રજબનાં કૂંડા, ૨૨ મીને બદલે ૧૫ મી રજબે ફાતેહા કરવા તથા ઔરતોની ઈસ્લાહને લગતા લેખો ઘણા જ ગમ્યા. આ સિવાય પણ દરેક માસની ફઝીલતના લેખો પણ ખૂબ સુંદર રીતે રજૂ કરવામાં આવે છે. લેખો સરસ અને સાદી ભાષામાં હોવાથી સામાન્ય માનવીને સમજી શકાય તેવા હોય છે. આમ દરેક રીતે જોઈએ તો તેમાં વપરાતો કાગળ, પ્રિન્ટિંગ, ટાઈટલ પેજ દરેક વસ્તુ સારામાં સારી વાપરવામાં આવે છે. આમ તેમાં આવતાં લેખો વાંચવામાં ખૂબ જ મજા પડે છે તથા કંઈક નવું જાણવાની જિજ્ઞાસા વધ્યા જ કરે છે. આપની આ સુંદર તથા કાબિલે દાદ કામગીરી બદલ ખૂબ ખૂબ ધન્યવાદ ! તથા બરકાતે ખ્વાજાની ઉત્તરોતર તરક્કી માટે રબ તઆલાની બારગાહમાં દુઆ છે.

*–લિ. અમજદઅલી સૈયદ (હાડગુડ, આણંદ)*

★ ✪ ✪ ✩

સલામ બાદ, ઈસ્લામિક વેલ્ફેર મિશન (દયાદરા) તરફથી દર મહીને અમારે ત્યાં મદ્રસાએ અન્વારુલ ઈસ્લામ (પખાજણ)ના નામે "બરકાતે ખ્વાજા" (માસિક) નામનો નૂરાની અંક આવે છે. બરકાતે ખ્વાજા (માસિક) અંકનો દર મહિને ઈન્તેજાર રહે છે. કુર્આન, હદીષ તેમજ બુઝુર્ગોનો કથનોથી ભરપુર "બરકાતે ખ્વાજા" (માસિક) અંકથી સુન્નિયતને ખૂબ ખૂબ ફાયદો પહોંચે એ જ દિલી દુઆ છે તેમજ સપ્ટેમ્બર–૨૦૦૪ ના અંકમાં તંત્રી લેખ ખૂબ જ ગમ્યો વાંચી દિલ બાગબાગ થઈ ગયું, કુર્આન અને હદીષે પાક તેમજ ઉલ્માના કથનોની રોશનીમાં સાબિત કરી આપ્યું કે હકીકતમાં બુધ્ધિજીવી કોણ છે ? છેવટમાં દુઆ છે કે રબ્બુલ ઈઝ્ઝત, ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ના

સદકામાં **"બરકાતે ખ્વાજા"** (માસિક) અંકના તંત્રી તેમજ કાર્યકર્તા બિરાદરોને સુન્નિયતની ખિદમત કરવાની હિમ્મત, તાકત તેમજ તંદુરસ્તીની લાંબી ઉમ્ર, અતા કરે. ફક્ત વસ્સલામ. **–હાફેઝ મુહમ્મદ રફીક એ. પટેલ** *(મુા. પખાજણ, તા. વાગરા, જિ. ભરૂચ)*

★ ✪ ✪ ☆

સલામ બાદ જણાવવાનું કે **"બરકાતે ખ્વાજા"**નો અંક અમોને મલ્યો, વાંચી ઈમાનમાં તાજગી મળી. જેમાં આપનો તંત્રી લેખ ખૂબ જ અગત્યનો હતો જે વારંવાર વાંચવા અને બોધ લેવા લાયક ખૂબ સરસ હતો. આજના યુગમાં આવા જ સબક લેવા જેવા લેખની જરૂર છે. અલ્લાહ આપને ઈલ્મમાં ખૂબ નવાઝે આપની ઉમરમાં બરકત આપે, એ જ હમારી દિલી દુઆ છે.

***–નાચીઝ હસન અહમદ પટેલ** (બાપુનગર, સૂરત)*

## ★ ગુજરાતીમાં તર્જુમાવાળુ કુર્આન મેળવો ★

### કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

*(ગુજરાતી તર્જુમો)*

*(હદિયો રૂા. ૩૦૦/–, ટપાલ ખર્ચ રૂા. ૭૫/–)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ કુર્આન શરીફનો સર્વ શ્રેષ્ઠ તર્જુમો તેમજ સદરુલ અફાઝિલ હઝરત મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ની લખેલ ઉમદા તફસીર ગુજરાતીમાં મેળવો. (અરબી અરબી મતનમાં જ છાપેલ છે, તર્જુમો તથા તફસીર ગુજરાતીમાં છે.)

ગુજરાતી અનુવાદક : **જનાબ મૌલાના હસન આદમ કોલવનવી**

**★ પ્રાપ્તિસ્થાન ★**

**૧. દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ,** ઠે. રઝા નગર, મુા.પો. **થામ**, તા. જિ. ભરૂચ, ફોન (૦૨૬૪૨) ૨૮૨૧૨૪

**૨. રઝવી કિતાબ ઘર**, મુા.પો. **દયાદરા,** તા. જિ. ભરૂચ, પિન :૩૯૨૦૨૦, ફોન (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. ૯૮૨૪૪૮૬૪૪૩

## ★ ઈન્તેકાલ પુરમલાલ ★

**મોટી દમણ** : ખાતે મહમદ ઉમર પરજાઈવાળા જણાવે છે કે મર્હૂમા ફાતમા દાઉદ સરંગ તા. ૨–૧૦–૨૦૦૪ શનિવારે ઈન્તેકાલ કરી ગયા છે, મર્હૂમાની રબ્બે કરીમ તેના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં મગફેરત ફર્માવે, સૌ દુઆ કરશો.

## મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદને સહાય કરશો

**આમોદ** : (ચાર રસ્તા) જંબુસર રોડ, જિ.ભરૂચ મુકામે ઉમદા હાફિઝ કારી થકી **મખરઝની દુરુસ્તી સાથે હિફઝો કિરાઅતના વર્ગો ચાલે છે** તેમજ **મુબલ્લિગ** બનવાની **તર્બિયત** ચાલે છે, તો દીની તા'લીમ પામતા તલબાને માટે **લિલ્લાહ, ઝકાત, સદકા, ફિત્રા, ખૈરાત, ન્યાઝ**ની રકમો વગેરેની સહાય કરશો. દર વર્ષ જેમ આ વર્ષે પણ સંસ્થાના ચાહકો નિઃસ્વાર્થપણે સફીર તરીકે સેવા આપશે જેમના અમો આભારી છીએ :–

**સૂરત :** સઈદભાઈ અહમદ માસ્તર તથા અબ્દુલભાઈ યાકૂબભાઈ મછાસરાવાળા, અડાજણ ડેપો

**કાવી :** સુલેમાન આઈ. દોલા માસ્તર બરેલ્વી બરકાતી

**અમદાવાદ :** હાફેજી સુલેમાન અશરફી, ઈમામ–મો'મિન મસ્જિદ, બાપુનગર

**ભરૂચ :** યાકૂબ મામા મછાસરાવાળા, ટર્નલ O.N.G.C. હુસૈનિયા કોલોની

**આમોદ :** જનાબ હાફેઝ ભાઈખાં, મુહમ્મદભાઈ પાનવાળા, અલ્લારખા ભાઈ હેલ્પર

**રો. ટંકારીઆ :** ઈકબાલભાઈ રઝવી વગેરે આપને ત્યાં પધારે તો જરૂરી સહકાર કરી સવાબે દારૈન પામશો.

*–(લિ. મદ્રસા પ્રમુખ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)*

## આ છે લેખનકાર્યના શોખિન નસીબદાર તલબા !

**''બરકાતે ખ્વાજા''** (માસિક)ની લેખ હરીફાઈમાં લેખ મોકલવા માટેની ટહેલ પર **"ઈસ્લામમાં સ્ત્રીનો મકામ અને મર્તબો"** વિષય પર લેખ લખી મોકલાનારા મુજાહિદ તલબાનાં નામો આ પ્રમાણે છે :–

| ક્રમ | તાલિબે ઈલ્મનું નામ | જ્યાં પઢે છે તે દા.ઉ.નું નામ |
|---|---|---|
| ૧. | જનાબ હાફેઝ ઈમરાન ઐયૂબ ટંકારવી (કોવારીવાળા) | દા.ઉ. અશ્રફિયા મુસ્તફાઈયા, ટંકારીયા |
| ૨. | જનાબ સૈયદ મુહમ્મદ અખ્તર એ. દહીઅપવાળા | દા.ઉ. શૈખુલ ઈસ્લામ–બાલાશીનોર |
| ૩. | જનાબ મુહમ્મદ સરફરાઝ ઘંટીવાળા (દયાદરા) | જામિઆ અશ્રફિયા મુબારકપુર (યુ.પી.) |
| ૪. | જનાબ શાકિર શબ્બીર પટેલ (દયાદરા) | જામિઆ અશ્રફિયા મુબારકપુર (યુ.પી.) |
| ૫. | જનાબ મુહમ્મદ ઈમરાન દાઉદ ઝંઘારવાળા | જામિઆ ગૌષિયા–બાંદરા (મુંબઈ) |
| ૬. | જનાબ મુહમ્મદ આસિફ આમોદી | દા.ઉ ગુલશને અજમેર, ભરૂચ |
| ૭. | જનાબ મુહમ્મદ ઝૈનુલ આબિદીન કમરી | દા.ઉ ગુલશને અજમેર, ભરૂચ |
| ૮. | જનાબ મુહમ્મદ મુબારક ચાંચવેલી | દા.ઉ. ગુલશને અજમેર, ભરૂચ |

અલ્હમ્દુલિલ્લાહ ! (શેઅર) **ઝરા નમ હો તો યે મિટ્ટી બળી ઝરખેઝ હૈ સાકી !** જેમ અમારી ધારણા કરતાં દા.ઉ. ની ઈમ્તેહાન બાદ જ ટૂંક સમયમાં લેખ લખી મોકલાનારા આ મુજાહિદોને અમારા સલામ છે. મૌલા તઆલા એમને દીનના નિખાલસ ઉમદા કલમકાર બનાવે. નંબર આવે કે ન આવે એ મહત્વનું નથી પણ અલ્લાહના દીન માટે કલમ ઉઠાવવી એ જ મહાન કાર્ય છે.

### ★ લેખ હરીફાઈમાં પ્રથમ ત્રણ નંબર મેળવનારાઓનાં નામો ★

**નંબર ૧ : જનાબ હાફેઝ મુહમ્મદ સરફરાઝ ઘંટીવાળા** રૂા. ૩૦૦/– (પ્રથમ ઈનામ)
**નંબર ૨ : જનાબ સૈયદ મુહમ્મદ અખ્તર દહીઅપવાળા** રૂા. ૨૦૦/– (બીજુ ઈનામ)
**નંબર ૩ : જનાબ હાફેઝ ઈમરાન ઐયૂબ ટંકારવી** રૂા. ૧૦૦/– (ત્રીજુ ઈનામ)

ત્રણેવને વિશેષ મુબારકબાદી આપીએ છીએ. તેમજ દરેક ભાગ લેનારને પણ **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**થી પ્રકાશિત **૧૧** કિતાબો ભેટ આપવામાં આવે છે. **નં. : ૧ આવેલ લેખ આવતા અંકે છપાશે** અને નવા લેખનો વિષય પણ આવતા અંકે જાહેર કરવામાં આવશે, ઈન્શાઅલ્લાહ ! તમારાં બાળકોને અત્યારથી દીની લેખ લખવા પ્રોત્સાહિત કરો જેથી આવતી કાલના કલમકાર બની તમને કબ્રમાં આરામ આપે.

પ્રથમ ઈનામ લાવનાર માટે **રૂા. ૩૦૦/– જનાબ ફારૂક અબ્દુલ્લાહ પટેલ વોરાસમનીવાળાએ** આપ્યા છે. જઝકાલ્લાહ !